# ડાંગ જિલ્લાના આદિવાસીઓમાં પરંપરાગત ઔષધ

અહેવાલ લેખન :
ડૉ. વિશ્વરાજભાઈ સોલંકી
જશવંતસિંહ રાઠોડ

સંકલન :
ડૉ. ઠાકોરભાઈ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ–૩૮૦૦૧૪
૧૯૯૧

301

# ડાંગ જિલ્લાના આદિવાસીઓમાં પરંપરાગત ઔષધ


અહેવાલ લેખન :

ડૉ. સિધ્ધરાજભાઈ સોલંકી

જશવંતસિંહ રાઠોડ

સંકલન :

ડૉ. ઠાકોરભાઈ નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૯૧



301

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧. | પ્રાસ્તાવિક, વિસ્તાર, વસતિ | ૧ થી ૮ |
| ૨. | ડાંગ અને ઔષધ | ૯ થી ૧૭ |
| ૩. | વનઔષધિની વિગતે નોંધ | ૧૮ થી ૮૭ |

પરિશિષ્ટ :

(૧) મુલાકાતીઓના નામ-ગામ.

(૨) સંદર્ભ સાહિત્ય.

# પ્રકરણ - ૧

## પ્રાસ્તાવિક, વિસ્તાર, વસ્તી

**પ્રાસ્તાવિક :**

ગુજરાતમાં આદિવાસીઓની વસતિ મુખ્યત્વે આઠ જિલ્લાઓમાં આવેલી છે. દાંતા તાલુકામાં પથરાયેલી ડુંગરોની હારમાળાથી શરૂ થઈ પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તરફ વળીને દક્ષિણ તરફ નીચે ઉતરી પંચમહાલની ઉત્તર અને પૂર્વસીમાને આવરી લઈને દક્ષિણે આવેલ નર્મદા ખીણમાંથી પસાર થઈ સુરત જિલ્લો માંડવી તાલુકાથી આગળ વધી વલસાડ જીલ્લાના ધરમપુર, પારડી, ઉમરગામ અને ડાંગ સુધી પહોંચતી પટ્ટીનો ડુંગરાળ અને જંગલવાળો પ્રદેશ ગુજરાતના આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. આ પ્રદેશો ઉત્તરમાં અરવલ્લીની પૂર્વીય સાતપુડા અને વિંધ્યાચળની અને દક્ષિણમાં સહ્યાદ્રિની પર્વતમાળામાં આવેલા છે. આખો વિસ્તાર વીસ હજાર ચોરસ માઈલનો છે. અહીંયા આદિવાસીઓની મુખ્યત્વે વસતિ છે. રાજ્યમાં તેમની મુખ્યત્વે વસતિ દક્ષિણ ગુજરાતમાં અને પંચમહાલ જિલ્લામાં આવેલી છે. ડાંગ જિલ્લો સંપૂર્ણ આદિવાસી વસતિવાળો જિલ્લો કહી શકાય કારણકે ત્યાં ૯૨.૭૧ ટકા આદિવાસીઓની વસતિ છે. આદિવાસીઓની મુખ્યત્વે વસતિ સુરત, ભરૂચ, વલસાડ, ડાંગ, વડોદરા, પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓમાં આવેલી છે.

આ દુર્ગમ જંગલ વિસ્તારમાં પેઢીઓથી વસતા આદિવાસીઓ પ્રકૃતિ સાથે તાલમેલથી પોતાની જીવન શૈલી વિકસાવી છે. પ્રકૃતિ પ્રેમી આ પ્રજાએ જીવન પણ પ્રકૃતિ પાસેથી મેળવ્યું છે. તેમનામાં રહેલી આ શક્તિનો પરિચય તેમના એક પાસા '' આદિવાસીઓમાં પરંપરાગત વન ઔષધી'' તરફ દ્રષ્ટિપાત કરીએ તો જોવા મળે છે. સામાન્ય રીતે ભગત-ભુવાના નામે ઓળખાતી વ્યક્તિઓ વનસ્પતિ દવા આપે છે. જંગલ અને દુર્ગમ વિસ્તારોમાં ક્યારે કેવા અકસ્માત થાય કેવા ઝેરી જાનવરોના ભોગ બનાય તે નક્કી હોતું નથી. વળી તેમને તત્કાળ કોઈ સારવાર મળી શકે તેવી ભૌગોલિક પરિસ્થિતિ હોતી નથી તેવે સમયે તેમનામાં રહેલી આ પરંપરાગત જાણકારી ઘણી જ ઉપયોગી નીવડે છે. આજના આધુનિક યુગમાં સહેજ માથું દુઃખતું હોય કે તાવ

ફરકતી હોયતો લોકો તરતજ ડૉક્ટર પાસે દોડી જતા હોય છે. અને આપણા સેવાભાવી ડૉક્ટરો પણ તેમને તરતજ આપી ઈન્જેક્શન આપી પોતાનું ખિસ્સું ભારે કરી લેતા હોય એ એક સામાન્ય ઘટના છે. આનાથી વિરુદ્ધ આજે પણ વિદેશી દવાઓથી સો જોજન દૂર રહીને માત્ર સામાન્યજ નહી પરંતુ હઠીલા રોગોને પણ જંગલ વિસ્તારમાં રહેતા આ આદિવાસી લોક વૈદો એક પૈસો ખર્ચ લીધા વિના સહેલાઈથી દૂર કરે છે. પોતાની પરંપરાગત આગવી સૂઝ અને ટકાઉ વનૌષધિઓનો ઉપયોગ કરી પોતાનાં દુઃખ દર્દોનો આ આદિવાસી પ્રજા સામનો કરતી આવી છે. તેમને પૂછવામાં આવે ત્યારે એક જવાબ તો એ હોયજ છે કે દરેક ઝાડ કોઈને કોઈ દવા છે. આ બધી વનસ્પતિ વિશેની જાણકારીનું પ્રમાણ ઠીક ઠીક હતું. અત્યારે તેનું પ્રમાણ ઓછું થવાને લીધે અને આવી દવાઓની જાણકારી બીજા કોઈને સામાન્ય રીતે નહી આપતી હોવાથી જાણકાર વ્યક્તિ અવસાન પામે તેની સાથે તે દવાની જાણકારી પણ નષ્ટ થાય એવી પરિસ્થિતિ કેટલાક કિસ્સાઓમાં થઈ હોવાના લીધે પહેલાની તુલનામાં આવી વનસ્પતિજન્ય દવા [illegible] જાણકારોનું પ્રમાણ ઘટ્યું છે. આવા સમયે આ અમૂલ્ય વારસો ટકાવી રાખવા તેમજ તેમાંથી મળતી માહિતીનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવે તો મુખ્ય સમાજને તેનો લાભ મળે તેવું કંઈ થઈ શકે તો ઘણું ઉપયોગી થાય તેમ છે. તે ધ્યાનમાં રાખી આ અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે.

**અભ્યાસનો વ્યાપ પ્રવિધિ :**

સઘન આદિવાસી વસતિ ધરાવતા જિલ્લા અને સઘન વન્ય વિસ્તારને ધ્યાનમાં રાખી જિલ્લાવાર જુદી જુદી આદિવાસી જાતિઓમાં પરંપરાગત વનૌષધિના ઉપયોગનો ખ્યાલ આવે તે હેતુસર જિલ્લાવાર ક્ષેત્રકાર્ય કરી વનસ્પતિ દવાના ખાસ જાણકાર એવા ભગતો, ભુવાઓ અને અન્ય અનુભવીઓ પાસેથી વિવિધ દર્દોમાં વપરાતી દવાઓની શક્ય એટલી વિશેષ વિગતો તેમનો રૂબરૂ સંપર્ક સાધી પ્રાથમિક વિશ્વાસ સંપાદન કર્યા પછી મેળવવામાં આવી. આ અંગે મળેલી માહિતીની શક્ય હોયતો પુનઃ ચકાસણી પણ કરવામાં આવી છે.

જાતિવાર અને વિસ્તારવાર અહેવાલ તૈયાર થાય તો તે વધારે સઘન અને સ્પષ્ટ થાય તે હેતુસર ડાંગ જિલ્લાના ભીલ, વારલી, ગામીત અને કોકણા લોકોમાં પ્રચલિત પરંપરાગત વનૌષધિના ઉપયોગ વિશે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

<u>ક્ષેત્રકાર્ય</u> :

ડાંગ જિલ્લામાં ક્ષેત્રકાર્ય તા. ૧૨-૬-૮૯ થી ૨૫-૬-૮૯ સુધી કરવામાં આવ્યું હતું. વનસ્પતિ દવાના જાણકાર એવા જુદા જુદા દસ ગામોના વારલી ભીલ ગામીત-કોકણા તથા અન્ય જાણકારો તેમજ ડાંગ જિલ્લા આયુર્વેદિક હોસ્પિટલના મેનેજર તથા સ્ટાફ તેમજ અન્ય અધિકારી ગણની મુલાકાત લઈ વિવિધ દર્દો અને દવાઓની સકલ અંગેની વિશેષ વિગતો એકત્ર કરવામાં આવી છે. આ વિસ્તારમાં દવા જાણકાર વ્યક્તિઓનો મુખ્ય ધંધો વનસ્પતિ દવા વાળી આપવાનો નથી. પણ તેમનો મુખ્ય ધંધો ખેતી, પશુપાલનનો હોય છે. તેથી વગર ખર્ચે આ સમાજ ઉપયોગી સેવા કાર્ય કરતા હોય છે. તેના બદલામાં તેમની ઇચ્છિત માન્યતા પ્રમાણે શ્રીફળ, મરઘી કે બકરું આપે જેનો ઉપયોગ ભગતના સામગ્રીતો કે બધા સાથે મળી કરતા હોય છે. જોકે બધા જ દવા કરનારા બદલામાં કંઈ લે છે તેવું નથી. ઘણાખરા તો દર્દીના ઘરનું પાણી પણ પીતા નથી અને દવા આપે છે. હા ક્યારેક વિધિમાં વપરાતી વસ્તુઓ જેવી કે અગરબત્તી, સિંદૂર, શ્રીફળ, પાંચ દસ પૈસાનો ટકો વગેરે લે છે.

આ વિસ્તારના વનસ્પતિ દવા જાણકારો દરેક પ્રકારના રોગની દવા જાણતા હોય છે. અને તે પણ પોતાના અનુભવ જન્ય જ્ઞાનને આધારે. હા કોઈ અમુક દવા કરવામાં વિશેષ પારંગત હોય તેવું બને. કોઈ ઢોરના રોગની દવા કરતા હોય કોઈ હાથ-પગે હાડકું ભાંગે તેની જ દવા કરતા હોય, કોઈ ઝેર ઉતારવાની દવા જાણતા હોય તેવું બને. આજ રીતે સ્ત્રીઓમાં પણ વિવિધ પ્રકારના જુદા વિવિધ પ્રકારના રોગની દવા જાણે તેવું જોવા મળે છે.

**અભ્યાસક્ષેત્ર ડાંગ જિલ્લાનો ટૂંકો પરિચય :**

અંગ્રેજીશાસન કાળથી જૂના મુંબઈ રાજ્યમાં અને હાલ ગુજરાત રાજ્યમાં આગવું સ્થાન ધરાવતા આજ નામના એકજ તાલુકાના બનેલા આ જિલ્લાનો વિસ્તાર ૧૭૬૪ ચોરસ કિલોમીટર છે. જેના નાના મોટા બધાં મળીને ૩૧૧ ગામડાં છે જેની ૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે કુલ વસતિ ૧,૧૩,૬૬૪ જેટલી છે. જેમાં ૯૨.૩૧ ટકા આદિવાસીઓની વસતિ છે. અને બાકીના અન્ય છે. જેઓ ધંધા અર્થે આવેલા લોકો છે. તેઓ મોટેભાગે મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યના આજુબાજુના જિલ્લાઓના છે.

ગુજરાત રાજ્ય જંગલોથી ભરપૂર નથી જ્યારે રાજ્યનો અમુકભાગ જંગલનો પ્રદેશ છે. જેમાં ગીરના જંગલો જુનાગઢમાં આવેલા છે અને પશ્ચિમની સરહદનો આદિવાસી વિસ્તાર કે જે ઉત્તરમાં બનાસકાંઠાથી થઈને સાબરકાંઠા, પંચમહાલ; વડોદરા અને ભરૂચ, સુરત, વલસાડ, સુધી અને દક્ષિણમાં ડાંગ સુધી આવેલો છે. ડાંગ જિલ્લો સંપૂર્ણ રીતે ટેકરીઓથી ભરપૂર છે. અને ૬૮૯૦ માઈલના વિસ્તારમાં જંગલો આવેલા છે. ડાંગ શબ્દનો અર્થ પણ જંગલજ થાય છે. ડાંગ જિલ્લો સંપૂર્ણ રીતે જંગલ વિસ્તારનો બનેલો છે.

**આબોહવા- વરસાદ :**

ડાંગ જિલ્લાનું હવામાન જાન્યુઆરીથી માર્ચ મહિના સુધી ઘણુંજ ખુશનુમા હોય છે. આ સમય દરમિયાન જિલ્લામાં ફરવા માટેનો સમય સારો ગણી શકાય. જ્યારે માર્ચથી મે મહિનામાં વધુ ગરમી પડે છે. ઉનાળામાં સૌથી વધુ ઉષ્ણામાન ૪૨.૨૨° સે.ગ્રેડ અને ઓછામાં ઓછું ૨૨.૨૨ સે.ગ્રેડ હોય છે. જ્યારે શિયાળામાં નવેમ્બરથી જાન્યુઆરી સુધીમાં ઉષ્ણામાન ૧૫° સે.ગ્રેડથી નીચે જતું નથી અને ૩૨° સે.ગ્રેડથી વધુ રહેતું નથી.

સામાન્ય રીતે વરસાદની શરુઆત જૂન માસમાં થાય છે. જ્યારે જુલાઈથી સપ્ટેમ્બર માસમાં ભારે વરસાદ પડે છે. સરેરાશ જિલ્લામાં ૯૦'' થી ૧૦૦'' વરસાદનું પ્રમાણ રહે છે. ગુજરાત રાજ્યમાં ડાંગ જિલ્લામાં બધા જિલ્લાઓ

કરતાં સૌથી વધુ વરસાદ પડે છે. વરસાદનું પાણી નાના ઝરણાંઓ મારફતે વહીને જિલ્લાની અંબિકા અને પુરાણની મોટી નદીઓમાં જાય છે. આ ઉપરાંત ડાંગમાં ખાપરી, ગીરા, ઢાઢર, પોષર, ધામ્રકા નામની નાની-મોટી પાંચ નદીઓ વહે છે. આ વિસ્તારના લોકોમાં એક માન્યતા એવી પણ છે કે ચોમાસાના પ્રથમ વરસાદે પૂર્ણા નદીમાં પૂર આવે તો વરસ સારું આવે જ્યારે ખાપરી નદીમાં પૂર આવે તો વર્ષ નબળું આવે.

આ વિસ્તારમાં ભારે વરસાદ પડે છે. તેમ છતાં અમુક ભૌગોલિક પરિસ્થિતિને કારણે ઉનાળામાં પાણીની અછત રહે છે. ઉનાળામાં નાના ઝરણાંઓ અને નદીઓમાં પાણી સુકાઈ જાય છે અને પાણીની તંગી રહે છે. જેથી કેટલાક ગામોમાં પીવાના પાણીની પરબ સરકાર તરફથી બેસાડવી પડે છે.

## <u>જંગલો :</u>

ડાંગ જિલ્લો જંગલોથી ભરપૂર છે તેમાં ઈમારતી લાકડા માટે વપરાતો સારો એવો સાગ છે. જે ડાંગી સાગ તરીકે પરદેશમાં પણ જાણીતો હતો. અહિંના સાગ મલબારના સાગની બરોબરી કરે તેવી સારી જાતનો છે. તે સિવાય સિસમ, ધામડ, સાદડો, તણસ, ખેર, બેહડો, ખાખરા વગેરે પ્રકારના અન્ય ઈમારતી અને જલાઉ લાકડાના ઝાડો પુષ્કળ પ્રમાણમાં છે. કાસર પહેલા પ્રકારનો વાંસ કાંટાવાળો હોય છે. જ્યારે બીજા પ્રકારનો વાંસ કાંટા વગરનો હોય છે. આ જાતના વાંસ તમામ વિસ્તારમાં આવેલા છે.

પહેલાં જંગલોથી સમૃધ્ધ તમામ પ્રદેશોની માલિકી ડાંગના સ્થાનિક આદિવાસી ભીલ રાજાઓની હતી. તેમાં પાંચ મુખ્ય રાજાઓ અને નવ નાયક (સરદાર) એમ બે ડાંગના આદિ શાસકો હતા. બ્રિટીશકાળ દરમ્યાન ડાંગના આ અમુલ્ય વનીનો લાભ લેવા ખાતર બ્રિટિશરોએ ડાંગના રાજાઓ સાથે કરારો કરી જંગલો કાપી લઈ તે વેચી પૈસા કમાણીની શરુઆત કરતાં આ પૈસાના માલિકો બ્રિટિશ પોતે ગણાતા તેથી ડાંગના રાજાઓએ તેનો પ્રતિકાર કર્યો હતો ત્યારે તેઓને સાલિયાણાની પોલિટિકલ પેન્શનની લાલચ આપી ડાંગનો આખો પ્રદેશ ઝૂંટવી લેવાયો પછીથી અન્ય બ્રિટિશ વિસ્તારોની જેમ ડાંગમાં

પણ આખા જંગલ પ્રદેશના અનામત અને રક્ષિત જંગલો એમ બે ભાગ પડયા.

ડાંગના જંગલોમાં હજુ પણ જંગલી પ્રાણીઓનો ડર રહે છે. ડાંગ પહેલા જંગલી પ્રાણીઓના શિકાર માટે સારામાં સારી જગ્યા ગણાતી હતી. જ્યારે આ વિસ્તારમાં પક્ષીઓ પણ સારા પ્રમાણમાં જોવા મળે છે. જુદી જુદી ઋતુઓમાં જુદી જુદી જાતના પક્ષીઓ આવે છે. આ વિસ્તારના ઘણા જંગલો અને ટેકરીઓ દરિયાની સપાટીથી ૬ થી ૮ હજાર ફૂટ ઊંચા હોવાથી રાજ્ય સરકાર દ્વારા આવી જગ્યાઓને હવા ખાવાના સ્થળ તરીકે વિકસાવી શકાય. સાપુતારા જે ૩૨૦૦ ફૂટ ઊંચુ હોવાને કારણે હવા ખાવાના સ્થળ તરીકે વિકસાવવામાં આવ્યું છે.

<u>વસતિ</u> :

૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે ૧,૧૩,૬૬૪ કુલ વસતિમાં ૫૭૬૮૩ પુરુષો અને ૫૫૯૮૧ સ્ત્રીઓ હતી એમાં આદિવાસી ભીલો મુખ્ય છે. ઘણા લાંબા સમય પહેલાં ભીલ આદિવાસીઓ આ પ્રદેશમાં આવીને વસ્યા હતા. ભીલ રાજાઓ સત્તા ભોગવતા હતા. જ્યારે કુનબી વારલી અને કોકણા તેમજ ઉત્તરડાંગના ગામીત- માવચી તેમજ કોટવાળિયા, કાથોડીઓ તેમની રૈયત હતી. કુનબી અને વારલીઓ ભીલોને તેમનાથી સામાજિક રીતે નીચા ગણે છે. આ બધી જાતિઓ ડાંગી તરીકે ઓળખાય છે. ડાંગીઓ પોતાની ઓળખ માટે કપાળમાં ત્રણ ખાડાવાળું છુંદણું બનાવરાવતા પણ હાલની નવી પેઢી આમ કરાવતી નથી. એ છુંદણાથી નામ અનુભવે છે.

<u>ઘરો</u> :

સાગ અથવા સાદડાનાં લાકડાં ગોઠવી ઓળાકારમાં ઘર બાંધે છે. વાંસની દિવાલ બનાવે છે. ઉપર સાગના ડાળા કે વાંસ ગોઠવે છે. આર્થિક સ્થિતિ સારી હોય તે ઘરો ઉપર મેંગ્લોરી નળિયા નાખે છે. ભીલોની સરખામણીમાં કુનબી અને વારલીઓના ઘરો મોટાં હોય છે.

ડાંગીના મકાનો આકારમાં ગોળાકાર હોય છે, વચમાં એક ૧૦ થી ૧૨ ફૂટ ઊંચો વાંસ નાખવામાં આવે છે અને એ વાંસ પર આખું ઝૂંપડું ઊભું કરવામાં આવે છે. સામાન્ય રીતે ઘરની વચ્ચે ચૂલો રાખવામાં આવે છે જ્યાં રસોઈ કરવામાં આવે છે. ઘરમાં એક ખૂણે પીવાના પાણીના માટલાં કે તાંબાના દેગડા જેને ડાંગીમાં ગુન્બીયા કહેવામાં આવે છે. ઘરો એકી સાથે જોવા મળતાં નથી. ૫ થી ૧૦ ઘરો સાથે હોય છે. ઘરની આગળ ખુલ્લી જમીનમાં ચોમાસામાં શાકભાજીનું વાવેતર કરે છે. ઢોર માટે અલગ છાપરી બાંધવામાં આવતી નથી. ઘરના આગળના ભાગમાં ઘાસના છાજની નીચે ઢોરોને બાંધી રાખવામાં આવે છે. કેટલાક અલગ છાપરી પણ બનાવે છે. નાના પશુઓને ઘરમાં પણ રાખે છે.

<u>પહેરવેશ</u>

બધી આદિવાસી જાતિઓનો પહેરવેશ લગભગ એક સરખો છે. પણ યુવાન પુરુષ સ્ત્રીઓમાં હવે તફાવત જોવા મળે છે. પુરુષો મોટેભાગે લંગોટી પહેરે છે. જ્યારે કેટલાક પુરુષો ધોતી પહેરે છે. અને ધોતી ઘૂંટણની નીચે રાખે છે. યુવાન છોકરાઓ પેન્ટ, બુશર્ટ અને લેંજીફરાક પહેરે છે. સ્ત્રીઓ મોટેભાગે ૫ – ૬ વારની સાડી પહેરે છે. સામાન્ય રીતે સ્ત્રીઓ ઘેરા રંગની અને આકાશી, વાદળી રંગની સાડીઓ પહેરે છે. સ્ત્રીઓ સાડીને પાછળ કછોટો મારે છે. પાલવનો ભાગ કમર ઉપર બાંધે છે. તેમની ચોળીને બટન હોતા નથી. ચોળીના નીચા ભાગ પર ગાંઠ બાંધે છે. આ ઉપરાંત બે-ત્રણ વારની ઓઢણી માથા પર નાખે છે. યુવાન સ્ત્રીઓ ચોળીના બટન રાખે છે.

<u>ખોરાક</u> :

ડાંગી લોકો સખત પરિશ્રમ કરતા હોવાથી જ્યારે મળે ત્યારે દિવસમાં ત્રણવાર ખાય છે, સવારે, બપોરે અને રાત્રે, તેમના ખોરાકમાં મુખ્યત્વે નાગલીના રોટલા સાથે મરચાની ચટણી લે છે, ઘણીવાર ચોખા અને નાગલીને સાથે ઉકાળીને ''ભાખર'' બનાવે છે. ખાસ પ્રસંગે તેમજ ઉત્સવમાં ચોખા, દાળ અને શાકભાજી ખાય છે. આ ઉપરાંત માંસ તેમજ મરઘાં પણ ખાય છે. શિકાર કરીને તેતર, સસલાં, મોર વગેરેનું માંસ ખાય છે. આ ઉપરાંત જંગલમાં ઉગતી ઘણીબધી

જંગલી ભાજીનો ઉપયોગ ચોમાસામાં કરતા હોય છે. દારુ, બીડી, તમાકુનું સેવન પણ કરે છે. ચા મળે તો તે પણ પીવે છે.

**આર્થિક પ્રવૃત્તિ :**

મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન છે. ઉપરાંત ખેતમજૂરી, જંગલમજૂરી, જંગલપેદાશ ભેગી કરવી, બહારના વિસ્તારોમાં શેરડી કાપવા, બાંધકામ, રોડકામ વગેરે કામો માટે પણ જાય છે. જમીનનું ધોવાણ, અસમતળ અને પાણીની અછતને કારણે ખેતીમાંથી યોગ્ય ઉપજ મેળવી શકતા નથી. ખેતી પરંપરાગત પધ્ધતિથી કરવામાં આવે છે. લાકડાંના હળને પાડા કે બળદથી ખેંચી ખેતી કરવામાં આવે છે. જેની પાસે હળ કે બળદ નથી તેઓ હાથના સાધનથી ખેતી કરે છે. નાગલી અને [illegible] ડાંગર મુખ્ય પાક છે. ઉપરાંત અડદ, જુવાર, મકાઈ, મગફળી, [illegible] વગેરે નહિવત્ પ્રમાણમાં પકવે છે. હમણાં હમણાં સાધનોના [illegible] અને ખાતરના ઉપયોગની શરુઆત થઈ છે.

## પ્રકરણ - ૨

## ડાંગ અને ઔષધ

ડાંગ જિલ્લો જંગલથી સમૃધ્ધ છે. ૧.૭૨ લાખ કુલ હેક્ટરમાં ૧,૬૯,૯૦૦ હેક્ટર જંગલ વિસ્તાર છે. ૨૫૦૦ હેક્ટરમાં ખેતી કરવામાં આવે છે. આ વિશાળ જંગલમાં અનેક જાતની વનસ્પતિ થાય છે ત્યાં વસવાટ કરતા આદિવાસીઓ આ વનસ્પતિનો ઉપયોગ પરંપરાગત રીતે કરતા આવ્યા છે. તેમના આ જ્ઞાનનો વિશેષ ઉપયોગ થાય અને તેનો લાભ બૃહદ સમાજને મળે તે હેતુસર સરકારી અને સહકારી ધોરણે પ્રયત્નો કરવામાં આવ્યા છે. જેમાં ૧૯૫૫-૫૬ માં છોટુભાઈ અને ઘેલુભાઈ નાયકે તે વખતના કલેકટરના સહકારથી ડાંગ જિલ્લામાં વન-ઔષધિનું કામ કરતા ભગત-ભૂવાઓને એકત્ર કરવામાં આવ્યા હતા. જેમાં લગભગ ૭૦૦ જાણકારોએ ભાગ લીધો હતો તેના ફળસ્વરૂપે એક સહકારી મંડળી પણ ઊભી થયેલી. આજે પણ તેમાંના ૬૨ ભગતો તેના સભ્યો છે. આજે આ મંડળી બીલીમોરા અમૃતવાડીમાં કાર્યરત છે.

ત્યારપછી આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના સહકારથી તા. ૧૬, ૧૭ માર્ચ ૧૯૮૧ના રોજ જિલ્લાના વનસ્પતિ દવા જાણકાર ભગતોની શિબિર યોજી તેમની જાણકારી અંગેની ચર્ચાઓ કરવામાં આવી અને તેમની પરંપરાગત જાણકારીની માહિતી મેળવવામાં આવી ત્યારપછી ૧૯૮૨માં સંકલિત આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ પ્રોજેકટ એડમીનીસ્ટ્રેટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ સહકારથી આ વિસ્તારમાં ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી સહકારી મંડળી લિ. ની સ્થાપના કરવામાં આવી. આ ફાર્મસીના મુખ્ય ઉદ્દેશ નીચે પ્રમાણેના હતા.

(૧) ડાંગ જિલ્લાના જંગલોમાં ઉગતી જુદી જુદી વનસ્પતિઓમાંથી શુધ્ધ અને તાજી શાસ્ત્રોકત પધ્ધતિથી આયુર્વેદીક દવાઓનું ઉત્પાદન કરી દવા પુરી પાડવી.

(૨) ડાંગ જિલ્લાના જંગલોમાં ઉગતી ૨૧૬ જાતની વનસ્પતિના ઉપયોગની ઓળખ, સંચય અને એકત્રિકરણ પધ્ધતિઓ અંગે આ વિસ્તારના આદિવાસી

લોકોને જરૂરી માર્ગદર્શન આપવું અને તેનું મહત્વ સમજાવવું.

(૩) ડાંગ જિલ્લાના જંગલોમાં ઊગતી ઉપયોગી વનૌષધીઓના એકત્રિકરણ દ્વારા આ વિસ્તારના આદિવાસી લોકો માટે રોજગારીની તકો ઊભી કરવી.

(૪) ડાંગ જિલ્લાના આદિવાસી વૈદ્ય કે જેઓ ડાંગી ભગત તરીકે ઓળખાય છે. તેમની પરંપરાગત ચિકિત્સા પધ્ધતિના જ્ઞાનની વિગતો તથા તેની માહિતી એકઠી કરી તેને પ્રકાશમાં લાવવી.

[illegible] ફાર્મસીને ગુજરાત સરકારના ઔષધ નિયામક તરફથી [illegible] આયુર્વેદિક દવાઓનો ઉત્પાદન કરવા માટેનું લાયસન્સ આપેલ છે. જેમાં [illegible] ચૂર્ણ, ભસ્મ, તેલ, અવલેહ, ટેબ્લેટ્સ, ગુટીકાઓ, રસાયણ, [illegible] વગેરેનો સમાવેશ થાય છે.

[illegible] ફાર્મસીના વિકાસ માટે ભવિષ્યની યોજના મુજબ આયુર્વેદિક ઔષધોના છોડવાઓના બગીચાની મોટા પાયા ઉપર રચના તથા સંચાલન, આયુર્વેદિક વન ઔષધિઓના રોપાઓનું સ્થાનિક લોકોમાં પ્લાન્ટેશન કરવા માર્ગદર્શન આપવાથી કામગીરી હાથ પર લેવામાં આવે તો ઘટતી જતી વનૌષધી અને જાણકારી બન્ને ટકી રહે તેમ છે. સાથે સાથે સ્થાનિક વન ઔષધિઓના નમૂનાના ફોટોગ્રાફ, આલ્બમ પુસ્તક પ્રદર્શન કરી પ્રચાર કરવાથી વનૌષધિની જાણકારી આમ જનતા સુધી પહોંચાડી શકાય. તેથી ભવિષ્યની પેઢી માટે એક ઉત્તમ કાર્ય થઈ શકે તેમ છે.

<u>ડાંગી ભગત-ભૂવાઓ:</u>

ડાંગી ભગત-ભૂવાઓ વનસ્પતિદવા સાથે મંત્ર અને [illegible] દેવની પૂજા પણ કરે છે. વળી [illegible] વેલોની વાટ [illegible] કરી દવા લેવામાં આવે છે, તેઓ દેવ અને વનસ્પતિમાં અતૂટ શ્રધ્ધા ધરાવે છે. રોગચાળો આવવા પાછળ કોઈ દેવી પ્રકોપને કારણે થાય છે, તેમ પણ માનવામાં આવે છે. વનસ્પતિમાં દૈવી શક્તિ રહેલી છે તેમ તેઓ માને છે. 'વનસ્પતિના પ્રભાવથી મરેલી માછલા પણ સજીવ થતાં' - લોકોની દાવો એક માહિતીદારે કહેલો. વાઘ પણ [illegible]

વનસ્પતિના પ્રભાવથી દુર રહે છે તેમ માને છે. કેટલાક એમ માને છે કે વનસ્પતિ દવાની જાણકારી કેવી રીતે મળે છે. દા.ત. અમુક વિસ્તાર યા ગામમાં કોઈ પ્રકારનો માણસ યા ઢોરમાં રોગચાળો ફાટી નીકળ્યો હોય તો તેની નિવારણની દવા કઈ છે તે લાવી શું કરવું વગેરે ભગત દ્વારા જાણકારી મળે. વડીલો હાલમાં આવી દવાનો ઉપયોગ નહીવત જોવા મળે છે. આમ છતાં વનસ્પતિ દવાનો પ્રભાવ ચોક્કસ જાણી શકાય છે. સ્ત્રી પ્રસુતિ સમયે કષ્ટાતી હોય ત્યારે ભગત એક છોડનું મૂળ લેવા જાય છે જેનું ડાંગી નામ છે 'બેનદોર' તેનું મૂળ ખોદી ધીરે ધીરે લઈને ચાલતા આવતો ગડવા રસ્તે આવતા સુધીમાં સ્ત્રીને પ્રસુતિ થાય છે. આ દવા સ્ત્રીને આપવામાં આવતી નથી છે, આમ એક ચમત્કારી [illegible] ગણી શકાય. આવી તો ઘણી દવાઓ તેમની પાસે છે તેનાથી ઘણા રોગો મટાડી શકાય. આયુર્વેદિકમાં બતાવ્યા પ્રમાણેના ઘણાખરા ઝાડોના ગુણો પણ તેઓ જાણે છે. [illegible] કઈ દવા સાથે કઈ દવા લેવી તેના પાન 'છાલ' મૂળ, ફુ યોગ્ય પ્રમાણ મિશ્રણ કરીને દવા આપતા હોય છે. તેમાંપણ ચોક્કસ પ્રમાણ સાથે આપવામાં આવે છે. પાંચ થી દસ ઝાડનું મિશ્રણ કરીને આપતા કેટલાક ભગતો પણ ડાંગમાં મોજુદ છે.

સાપના પ્રકારો ઘણા છે તેમ તે સાપના ઝેર ઉતારવાની દવાઓ પણ ઘણી છે. કેવા પ્રકારનું સાપનું ઝેર છે તે પ્રમાણે દર્દીને દવા આપવામાં આવે છે સાથે મંત્ર પણ બોલવામાં આવે છે. પશુઓ આદિવાસીઓની આજીવિકા સમાન હોવાથી તેમના રોગોમાં પણ તેઓ નિષ્ણાત ગણાય છે. સાથે સાથે સંમોહન વિદ્યાના પણ કેટલાક જાણકારો હોય છે. જેઓ પતિ પત્નિના ઝઘડાઓમાં સહાયરૂપ બને છે. વંધ્યત્વ નિવારવા માટેની અને ગર્ભ ન રહે તેને માટેની દવાઓ પણ તેઓ જાણે છે. આ બધામાં રુઢીગત માન્યતા દેવી દેવતા અને વિધિઓ પણ કરે છે. આ છે ડાંગી ભગતોની વિદ્યા. આદિવાસી વિસ્તારમાં ડાકણની માન્યતા તો હોયજ આ ડાકણોનો પ્રભાવ કેટલાક વિસ્તારમાં વધારે હોય છે. ડાકણોની વિદ્યા ગુપ્ત હોય છે તેઓ ભાગ્યેજ ખબર પડવા દે કે તે ડાકણવિદ્યા જાણે છે. આ બધી માન્યતાઓ ધરાવતા આ સમાજ પાસે વનઔષધિઓની અઢળક સામગ્રી પડેલી છે તે જોઈએ.

દવા લાવવામાં જુદા જુદા પ્રકારની વિધિઓ પણ કરવામાં આવે છે બધાજ ભગતો બધી વનસ્પતિની વિધિ કરી દવા લાવે છે તેવું નથી. [illegible]

વનસ્પતિ માટે સિંદુર અને તાંબાનો પૈસો લઈ જાય તેને ચાંદલો કરી પૈસા મૂકી વનસ્પતિ દવા લાવે છે. કેટલાક ફક્ત અગરબત્તી સળગાવી દવા લાવે. કેટલાક અમુક દિવસેજ દવા લાવે, ખાસકરી રવિવાર અથવા મંગળવાર. જ્યારે અમુક દવા ગમે તે દિવસે અને સમયે લાવી શકાય મોટાભાગે દવા લેવા એક વ્યક્તિજ જાય છે અને કોઈ તેને દવા લેતાં જોઈ જાય નહી તેની ખાસ કાળજી લેવામાં આવે છે.

કેટલાક ભગતો ગામ કે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળે ત્યારે વિધિ વિધાન પણ કરે છે અને સાથે મંત્ર પણ બોલે છે. આ વિધી વહેલી સવારે અથવા રાત્રે કરવામાં આવે છે. માણસો અથવા ઢોરના રોગો માટે જે મંત્ર વપરાય છે તે જાણવા મળેલ જે અહી મૂક્યો છે. હાથમાં ચપટી રાખ લઈ આ મંત્ર ભગત વહેલી સવારે બોલે છે.

“ખરિયાખૂટ ભીયા સિયાળ ઘા ને શબ્દ બોલવામાં હતા ઉડજ પાછળ્યે મોટી કીડી મરી પડ અને બારીક કીડી મરી પડ.”

એના આરાધ્ય દેવને સ્મરણકરી હું કહું તેમ થાય તેમ કહી જે રોગમાં મોટા જીવડા છે તે મરી જાય અને નાના જીવડા ખરી પડે તેમ કહી ચપટી રાખ ફેંકવામાં આવે છે.

કેટલાક ભગતો વનસ્પતિદવા લેવા જાય ત્યારે તેની પુજા વિધિકરી દવા લાવે છે. વનસ્પતિને સંબોધીને કહે છે કે,

“દુરનાગીર પહાડ જડી રાવનાબાણ લાગ્યા દાદા હનુમાન ગયેલા તે જડી ચાલ મને ધરમના કામ પડ્યા.”

ઉપરોક્ત શબ્દો બોલી વનસ્પતિ દવા લેવામાં આવે છે. એનો અર્થ એમ છે કે જે દિવસે રાવણનું બાણ લક્ષ્મણને વાગ્યું અને લક્ષ્મણ મૂર્છામાં આવી ગયા ત્યારે હનુમાનજી જે વનસ્પતિ લેવા ગયેલા તે હે વનસ્પતિ આજે મારે તારું કામ પડ્યું છે તો તું મારે ઘરે ચાલ.

આ વનસ્પતિ દવાથી દર્દીને સારું થાય ત્યારે તેને શ્રીફળ અને સિંદુર ચઢાવવામાં આવે છે. કેટલાક ભગતો પોતે ખાત્રી ન કરેલી હોય તેવી દવા

આપતા નથી. કોઈ માણસ મૃત્યુ પામે અને તેની તપાસ સરકાર કરે તે ડરના કારણે પોતે પ્રથમ દવાનો ટેસ્ટ કરે છે પછીજ દર્દીને આપે છે. સરકારી તપાસથી બીક ડરે છે. સરકારી તપાસના ડરે પોતે દવા નથી કરતા અથવા નથી જાણતા તેવું પણ ક્યારેક કહે છે. કેટલાક એવું પણ માને છે કે ''દવા બતાવવાથી અથવા કાગળ ઉપર લખવાથી કામ આવતી નથી, તેની અસરકારક ઘટી જાય છે કે નષ્ટ થાય છે.'' કેટલાક ભગતોનું એવું માનવું છે કે જે નથી જાણતા અને દવા આપે છે તેઓ [illegible]. આધુનિક વિજ્ઞાનથી કેટલા અજાણ છે તેનો એક દાખલો સાંભળેલો કે પહેલા આકાશમાં વિમાન ઉડતું જો હોય તે જોઈ વડીલો એમ કહેતા કે [illegible] દેવ બેસીને જાય છે. કેટલાક ભગતો તેનો અવાજ થવાથી ધૂપ પણ [illegible] વિજ્ઞાનની પ્રગતિથી સાવ અજાણ હતા. તેના કારણે અંધશ્રદ્ધા [illegible] દૂર કરી ગયેલી જોઈ શકાય છે.

(૧૮) માનદ્ મેનેજર વૈદ્ય શ્રી એ.જી. પરમાર તથા રજનીભાઈ પટેલની મુલાકાતમાં ડાંગના ભગત ભુવા અને વનઔષધ અંગેની કેટલીક મહત્વની વાતો જાણવા મળી જે નીચે પ્રમાણે છે.

તેમના જણાવ્યા પ્રમાણે ભગત-ભુવાઓની જાણકારી ઘણીજ સારી હતી જે હાલમાં ઓછી થઈ ગઈ છે. તેઓ તેરેજ તાજી વનસ્પતિનો ઉપયોગ કરતા હોવાથી સારી અસર કરે છે. તેઓ જે વનસ્પતિ લાવે છે તે વિધિપૂર્વક અને પ્રમાણસર લાવતા હોવાથી વધુ ગુણધર્મ વાળી હોય છે.

આ વનસ્પતિની જાણકારી ઓછી થવાના તથા તેની અસરકારકતા ઓછી થવાના કેટલાક કારણો બતાવ્યા તે નીચે મુજબ છે.

(૧) વેપારી ધોરણે સંચય કરવાથી તેની પરિપક્વતા જળવાતી નથી.

(૨) ભગતો પોતાની અસલ દવા બતાવતા ન હોવાના કારણે આજે તે માહિતી ઉપલબ્ધ નથી.

(૩) ગુજરાતમાં નાના છોડની વનસ્પતિ ઔષધ પ્રમાણમાં ઓછી થાય છે.

(૪) મોટા ઝાડવાઓ સિવાયની ઔષધ મધ્યપ્રદેશમાંથી લાવવી પડે છે. મધ્યપ્રદેશમાંથી ૮૦% ઔષધ આવે છે.

(૫) જંગલમાં ઉગતા છોડની વૃધ્ધિ અને પ્લાન્ટેશન કરેલા છોડની વૃધ્ધિમાં કેટલીકવાર ઠીક ઠીક તફાવત જોવા મળે છે.

(૬) મોટા બંધોથી ઔષધ નાશ થવ નો પુરો સંભવ છે.

(૭) ફાર્મસીમાં ઔષધ બનાવવાની પ્રક્રિયામાં ઘણો સમય લાગતો હોવાથી તે વધારે મોંઘી બને છે.

(૮) બહારથી મંગાવવી પડતી વનસ્પતિ દવા ઘણીજ મોંઘી આવે છે.

(૯) જંગલમાં કુપ કપાયા પછી તે જગ્યાને બાળી નાખવામાં આવે છે આનાથી વન ઔષધીના સંખ્યાબંધ છોડ બળી જાય છે, ઘિસારણ પણ બળી જાય હોવાથી તે ઔષધનો નાશ થાય છે. હાલમાં ઘણી દવાના છોડ એ રીતે નાશ થયેલા છે જે મળતા નથી.

(૧૦) અત્યારે જે રીતે વનઔષધનો નાશ થઇ રહ્યો છે તે જોતા ભવિષ્યમાં સોનાના ભાવે પણ વનઔષધિ મળશે નહી.

(૧૧) ઓક્ટોબર માસ એ ઔષધ મેળવવાનો ઉત્તમ માસ છે.

(૧૨) ઔષધ મેળવવામાં તેની પરિપક્વતાનો ખ્યાલ રાખવામાં ન આવે તો તેની અસર ઓછી થાય છે.

(૧૩) પહેલાના ભગત-ભુવાઓ કેટલીક ચમત્કારી અસરવાળી દવા આપતા જેનાથી ડોક્ટરો પણ આશ્ચર્ય મુગ્ધ બની જતા હોય તેવી સંખ્યાબંધ દવાઓ મળતી નથી.

(૧૪) અત્યારના ભગતો ઓછું જાણે છે અને વ્યસનમાં વધારે વ્યસ્ત રહે છે.

ઉપરોક્ત વનઔષધના સંશોધકર્તા ના અભિપ્રાયો જોતાં એમ લાગે છે કે વનઔષધી જાણકારો, સંખ્યાબંધ રોગો દૂર કરવા માટે શક્તિમાન છે. પણ તેમનો આ ઉત્સાહ અને જાણકારી ટકી રહે તે માટે હજુ વધારે પ્રયત્નો કરવાની જરૂર છે. ડાંગ એક એવો પ્રદેશ છે જ્યાં ગુજરાતમાં સૌથી વધુ સમૃધ્ધ જંગલ છે. સાથે સાથે દરેક પ્રકારની વનરાજી પણ ત્યાં જોવા મળે છે. ડાંગ જિલ્લાના

ક્ષેત્રકાર્ય દરમ્યાન ૧૯૯ પ્રકારની વનૌષધિઓની જાણકારી તેના ગુણધર્મો સાથે મેળવી હતી. આ ઉપરાંત ભગત-ભૂવાઓના સંમેલનમાં રજુ થયેલ ૪૩ જેટલી વનૌષધિની જાણકારી સાથે ડાંગ વિકાસ કાર્યશિબિરમાં ડૉ. સિધ્ધરાજભાઈ સોલંકીએ રજુ કરેલા પેપરમાં ૫૦ જેટલી ઔષધિની જાણકારી પણ સામેલ કરી છે. આ સાથે સાથે ડાંગના ભગત ભૂવાઓ ઉપર તૈયાર કરેલ શોધ નિબંધમાંથી પણ ઉપયોગી એવી જાણકારી મુકી છે. આ જાણકારી આ અહેવાલમાં મૂકવા પાછળ મુખ્ય હેતુ માત્ર એટલો કે આમ સમાજમાં તેની જાણકારી મળી રહે અને ટકી રહે. જાણવા મળેલ ઔષધ કયા રોગમાં વપરાય છે તેની માહિતી સળંગ સચવાઈ રહે. વળી આવા અનેકજ પ્રદેશની લોકબોલી તે જાણવી પણ ઘણીજ ઉપયોગી થઈ પડે તેમ છે.

અહીંયાં વનસ્પતિનાં નામો તેમની સ્થાનિક ડાંગી ભાષામાં મૂક્યાં છે. તેનાં ગુજરાતી અને બોટેનિકલ નામો મેળવવા પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે. જોકે ઘણીજ વનસ્પતિનાં નામો મેળવી શકાયાં નથી. સ્થાનિક ભાષાના નામનો જોડે વનસ્પતિશાસ્ત્રીય પદ્ધતિ મેળવવો કેટલાક કિસ્સાઓમાં ઠીક ઠીક અઘરો હોવાનો અનુભવ સંશોધકોને થયો છે. જુદી જુદી જાણકાર વ્યક્તિઓ પાસેથી જે જે દવાની જાણકારી મળી તે મેળવવાનો પ્રયત્ન કર્યો છે. જેના કારણે એકજ વનસ્પતિ દવાનો ઉલ્લેખ જુદા જુદા રોગ માટે જુદી જુદી જગ્યાએ પણ જોવા મળે છે. ક્યારેક એકજ રોગ માટે પણ તેની તેજ દવાનો ઉલ્લેખ જોવા મળે છે. તેની ચોકસાઈનું પ્રમાણ મળી રહે તે હેતુસર તેને કાઢી નાખવામાં આવી નથી. વનૌષધિઓ વિશેની માહિતીમાં ઔષધનું નામ જેમાં આદિવાસી ગુજરાતી, બોટેનિકલ એમ ત્રણ નામ મેળવવાનો પ્રયત્ન કરેલો છે. તે કયા રોગમાં ઉપયોગી છે, કેટલા દિવસમાં રોગ મટે, ઔષધ ક્યારે અને ક્યાં મળે, ઉપયોગ પદ્ધતિ અને માત્રા, તે ઔષધ અન્ય કોઈ રોગમાં ઉપયોગમાં આવતી હોયતો તે અને જેનાથી ઔષધ ઓળખવામાં મદદરૂપ થઈ રહે તેવું વનસ્પતિનું વિશેષ વર્ણન આ કોઠામાં આવરવામાં આવેલ છે.

જે માહિતી દર્દીઓની મુલાકાત લઈ આ જાણકારી એકત્ર કરવામાં આવી છે તે વ્યક્તિઓનાં નામ, ઉંમર, વ્યવસાય, અને ગામના નામની યાદી પરિશિષ્ટમાં મૂકવામાં આવી છે.

<u>ક્ષેત્રકાર્ય અનુભવ</u>

## <u>ગામ : પાયરખોડી  તા.જિ. ડાંગ</u>

બોરખલ ગામ ગ્રુપ પંચાયતમાં પાયરખોડી ગામનો સમાવેશ થાય છે. સૌપ્રથમ તો પંચાયત મંત્રીની મુલાકાત લીધી કામ અંગેની ચર્ચા કરી તેઓ આહવા જવાની તૈયારી કરીરહ્યા હતા, તેમણે કહ્યું સાહેબ હુંતો નવો છું પણ અહીંના તલાટી ઘણાજુના છે. તેમને મળીને તેમને બધીજ ખબર. આપણા જેવડાતો તેમને છોકરા છે એમ તલાટી સાહેબની ઓફીસે ગયા તેમની સાથે વાતચીત કરી ત્યારે નીચેના જવાબો મળેલા.

અમે તો કંઈ જાણતા નથી. અમે તો દવાખાનેજ લઈ જઈએ છીએ અહીંયાં કોઈ જાણતું નથી. અમને તો તેમાં રસજ નથી હવે જંગલજ ક્યાં રહ્યું છે. દવા કામજ ક્યાં આવે છે હવેતો ઈન્જીકશનજ...

મોટા જંગલમાં કદાચ મળે. બે ચાર ગામના નામ અને ભગતના નામ આપ્યા અને કહ્યું તમે ત્યાં જાવ. ગામો ઊંડાણના અને ઘણાંદુરના હતા. એક બાઈ મોઢીની જાણે છે તમારે જોઈતી હોયતો તમનેય પડીકી આપશે.

હું પહેલા નોકરી કરતો હતો ત્યાં- એક માણસ જાણતો હતો એની ખાત્રી કરેલી.

ફિટિશના પરવાનાવાળા બે ભગતો છે. ચીખલી એક જાણકારનું નામ આપ્યું ને કહ્યું કે વેને મળીએ તો કહેકે તેતો આહવા ઘેલો છે. અહીંતો ઘણાબધા ફરે છે.

ગલકુંડના રામુલોટા નામના ભગત હાડકું ભાંગે તેની દવા ખુબ સારી જાણે છે. ભગત દર્દીના ઘરનું પાણી કે ચા પણ પીતા નથી પણ આ ભગત એમ માને છે કે દવા કોઈને બતાવવાથી અથવા કાગળ ઉપર લખવાથી કામ આપતી નથી એમ કહી મને પણ તેમને સૌ પ્રથમવાર એકપણ દવા ન બતાવી હોય તેવું બન્યું.

આમ આહવા ડાંગ ખાતેના બે અનુભવો એટલા માટે લખવાની ઈચ્છા થઈ કે ભગતોની માન્યતાની સાથે અંધશ્રધ્ધા ઘર કરી ગયેલી છે. જ્યારે આદિવાસી

વિસ્તારમાં કામ કરતો અધિકારીવર્ગ પણ તેમની પ્રવૃત્તિઓથી સાવ અજાણ હોય કે તેમના તરફ કોઈપણ પ્રકારનું લક્ષ્ય ન આપ્યું હોય તેવા અનુભવો કારણે આ બન્ને અનુભવ લખવાની ઈચ્છા થઈ આવી અને અહીં મૂક્યા છે.

| ક્રમ | ઔષધિનું નામ: આદિવાસી | ગુજરાતી | વનસ્પતિશાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | [illegible] | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિ વિશે વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | પોરુ | બરૂ | [illegible] | પેટના દુઃખાવામાં | [illegible] | [illegible] | [illegible] પાણી પ૦ગ્રામ જેટલું પાવું. | – | જુવાર જેવા નાના છોડ થાવે છે. કણસલા આવે છે. ફળ જોવા મળતા નથી. ઢોર ખાય છે. |
| ૨. | આંબાની છાલ | આંબો | મેંગીફેરા ઈન્ડિકા | વધારે ઝાડામાં | એક બે ટાઈમ પાવાથી | બારેમાસ દરેક જગ્યાએ | આંબાની છાલ લાવી પાણીમાં ઉકાળીને પાવી. | – | આંબો મોટું ફળાઉ ઝાડ છે દરેક જગ્યાએ ઉપલબ્ધ છે. |
| ૩. | વાલખડી | – | – | ઝાડા, મરડામાં | ,, | ઉનાળામાં શિયાળામાં | વાલખડીનાં મૂળ લાવી કૂટીને ઉકાળીને પ૦ગ્રામ જેટલું પ્રવાહી પાવાથી તરતજ અસર કરે છે. | – | છોડ થાવે છે. વાલોળ જેવો હોય છે. તેના મૂળ કુટવાથી વાલરૂ નિકળે છે. |
| ૪. | ચીવારી | | | સાપના ઝેરમાં | તરતજ | ડુંગરના [illegible] બારેમાસ | ચીવારીનાં મૂળ લાવી પાણીમાં ઉકાળી પચાસ ગ્રામ જેટલું પાણી પાવું તેનાથી ઉલટી થઈ ઝેર બહાર નીકળી જાય છે. | – | ચીવારી વેલ થાવે છે કારેલાના પાન જેવા ઝીણા પાન થાવે છે. તેને સીંગો થાવે છે મૂળ કડવા હોય છે. |

| ક્રમ | વનસ્પતિનું નામ: આદિવાસી | ગુજરાતી | વનસ્પતિશાસ્ત્રીય | [illegible] ઉપયોગી | [illegible] દિવસમાં રોગ મટે | ક્યારે અને ક્યાં મળે | [illegible] | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫. | ભીલીઘાસ | રોશાઘાસ | સિમ્બોપો-જોન સિકનેન્સિસ | તાવ | તરતજ | જંગલમાં બજારમાં | આ ઘાસને તેલ મોમાં એક બે ટીપાં મૂકવાથી તાવ મટે છે. | – | રોહિષ ઘાસ જેવું છે. એક[illegible] ઊંચુ વેલે છે. આ ઘાસની સુવાસ આવે છે તેને બિયાં પણ આવે છે. |
| ૬. | કુંવરા | કોલિજન | આલ્ફિયનિયા આફિસિનેસ્ | અચાનક ઉલટી થાય તેમાં | તરતજ | બગીચામાં ઘરે પણ રોપે છે. | તેનો કંદ લાવી છુંદી ને પીવાથી પઊલટી બંધ થાય છે [illegible] | – | કેળ જેવા પાનવાળો નાનો છોડ છે તેની ઊંચાઈ એક બે ફુટ જેટલી હોય છે. |
| ૭. | મહુ | | – | ઘા ઉપર (હાથપગનું હાડકું ભાંગે તેમાં પણ) | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | મહુની છાલ લાવી કુટીને ઘા ઉપર ભરી દેવાથી ઘા રૂઝાઈ જાય છે. હાડકું ભાગ્યું હોય તેને બેસાડી તેના ઉપર લેપ કરી પાટો બાંધવાથી સારું થાય છે. [illegible] કુટીને ઘા ઉપર બાંધવાથી [illegible] ઘા રુઝાઈ જાય છે. | ઢોર માટે પણ વપરાય છે. | મહુ મોટું ઝાડ આવે છે કંજીના પાન જેવાં પાન આવે છે તેના ફૂલ ઉપર બહુ [illegible] છે. |
| ૮. | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | | | [illegible] પાન નાનાં આવે છે. જંગલમાં બારેમાસ [illegible] છે. |

| ક્રમ | ઔષધનું નામ: આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮. | રોઈ | | | સ્ત્રીને પ્રસુતિ પછી સ્તનમાંથી દૂધ વધારે નીકળતું હોય તો | તરતજ | જંગલમાં બારેમાસ | તેના પાન લાવી ગરોળી ગરમ કરી છાતી ઉપર બાંધવાથી દૂધ વધારે જતું અટકે છે. | | છોડ આવે છે મહુડાના પાન જેવા પાન આવે છે. |
| ૯. | કોડી | | | કુહાડીના ઘા ઉપર (લોહી બંધ કરવા) | બેત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | કોડીના ઝાડનો ચીક લાવી ઘાઉપર લગાડવાથી લોહી જતું અટકે છે અને ઘા રુઝાઈ જાય છે. | | કોડી મોટું ઝાડ આવે છે. કણજીના પાનજેવા પાન આવે છે. ચીક(ગુંદર)સફેદ આવે છે. લગાડવાથી ખૂબજ બળતરા થાય છે. |
| ૧૦. | કાકોડ | કાંકડ | ગેરુઆપિન્ટા | હાડકું તૂટે તેમાં. | અઠવાડિયામાં | જંગલમાં બારેમાસ | કોકોડની છાલ લાવી કુટીને ભાંગેલા ભાગ ઉપર લેપ કરી પાટો બાંધવામાં આવે છે. | ઢોરનો ઘણભાગે તેમાં ઘણું વપરાય છે. | કાકોડ મોટું ઝાડ આવે છે. કાંટાવાળા પાન આવે છે. |
| ૧૧. | (૧) ભૂતેપરસ (૨) મહુર (૩) કાકડ | કાકડ | ગેરુઆ-પિન્ટા | ઘા ઉપર | આઠદસ દિવસમાં | જંગલમાં બારેમાસ | આ ત્રણેયની છાલ લાવી કુટીને ઘા ઉપર બાંધવાથી લોહી બંધ થઈ ઘા રુઝાઈ જાય છે. | | ત્રણે મોટા ઝાડ છે પાન નાના આવે છે. જંગલમાં બારેમાસ મળે છે. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ શાસ્ત્રીય | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨. | (૧) ઉદરા<br>(૨) દીગડ<br>(૩) સીગાડ | ઉડણ | કેલો ફિલમ ઈનો ફિલમ | હાડકુભાગે તેમાં | અઠવાડિયામાં | જંગલમાં બારેમાસ | ઉદરાના મૂળ, દીગડના મૂળ અને સીગડની છાલ લાવી કુટીને પાટો બાધવામાં આવે છે. | | –ઉદરા મોટું ઝાડ. પાન મોટાં.<br>–દીગડની વેલ<br>–સીગાડનું ઝાડ પાનની બીડી બનાવી પીવે છે. તેની છાલ પાટો બાધવામાં વપરાય છે. |
| ૧૩. | જંગલી રિંગણ | ભોરીંગલી | સોલેનમ ઝેથોકાર્પમ | તાવમાં | એકવાર પાવાથી | જંગલમાં ખેતરમાં બારેમાસ | તેના મૂળ લાવી છુંદી તેનું પાણી પાવાથી તાવ ઉતરે છે. પચાસ ગ્રામ જેટલું પાય. | – | છોડ આવે છે. રિંગણ જેવા નાના ફળ આવે છે. |
| ૧૪. | બરુ | બરુ | એન્ડ્રોપોગોન–હેલેપેન્સિસ | પેટના દુઃખાવામાં | એકબે વાર પાવાથી | જંગલમાં બારેમાસ | તેના મૂળ લાવી છુંદી ને પચાસ ગ્રામ જેટલું પ્રવાહી પાવું. | – | છોડ આવે છે. બારેમાસ મળે છે. |
| ૧૫. | બોરડી | બોરડી | ઝીઝીફસ–જુજુબ | વિછીના ઝેર ઉપર | તરતજ | બારેમાસ દરેક જગ્યાએ | તેના કુમળા પાન લાવી મસળી કે લસોટી વિંછી ના ડંખવાળી જગ્યાએ લગાડવો. | – | બોરડી કાંટાવાળું ઝાડ છે. લગભગ દરેક જગ્યાએ થાય છે. તેના ફળ ગોળ ખટમીઠા હોય છે. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી. | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬. | કેરીની ગોટલી | આંબાની ગોટલી | મેંગીફેરા ઈન્ડિકા | ઝાડામાં | તરતજ | ઉનાળામાં રાખી મૂકવાથી બારેમાસ | કેરીના ગોટલી ખવડાવવાથી ઝાડા મટે છે. | - | આંબો મોટું ઝાડ છે તેના ફળ ખુબ સ્વાદિષ્ટ હોય છે. દરેક જગ્યાએ મળે છે. |
| ૧૭. | કુડી | | | દાઢ દુઃખે તેમાં | એક બે વાર મૂકવાથી | જંગલમાં બારેમાસ | કુડીના પાન લાવી મસળી દાઢ ઉપર મૂકવાથી દુઃખતી દાઢ મટે છે. | - | કુડીનું મોટું ઝાડ. કણજીનાં પાન જેવાં પાન બારેમાસ મળે. |
| ૧૮. | રાનચના | લાણો | કેસા કટિકા | સોજા ઉપર | એક દિવસમાં | જંગલમાં બારેમાસ | તેના મૂળ લાવી છુંદી ને તેનું પાણી પાવાથી સોજો ઉતરે છે. વધારે સોજો હોયતો પાવું થોડો હોયતો ચોપડવું | - | છોડ. પાન નાનાં જંગલમાં બારેમાસ મળે. |
| ૧૯. | કેકડો | કરચલો | - | ક્ષય | એક માસમાં | નદી, તળાવમાં બારેમાસ | કરચલાને મારી તેનું શાક બનાવી ખવડાવાય છે. | ચાંદામાં તેની ચરબી લગાડાય છે. | કરચલો પાણીમાં રેહનારો જીવ છે કાળા રંગના કરચલાનો ઉપયોગ કરવામાં આવે છે. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦. | કુંબી | | | પેશાબની ગરમીમાં | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | કુંબીની છાલ લાવી ઉકાળીને દિવસમાં બે ત્રણ વાર પાવાથી ગરમી દૂર થાય છે. | – | કુંબીનું મોટું ઝાડ. ફળ મોટાં.ખવાય છે. મહુડાના ઝાડના જેવા પાન. |
| ૨૧. | આંબલીનું બી | કચુકો (આમલી) | રેમે રિંડસ ઈન્ડિકા | સાપના ઝેરમાં | તરતજ | જંગલમાં ખેતરમાં બારેમાસ | ડંખવાળી જગ્યાએ આંમલીનો કચુકો મૂકવાથી ઝેર ચૂસી લે છે. | – | આમલીનું મોટું ઝાડ. પાન ઝીણાં. દાળ-શાકમાં ખટાશ માટે વપરાય છે. |
| ૨૨. | મહુડો | મહુડો | બેસિયા લેટીફોલિયા | સાપના ઝેરમાં | તરતજ | જંગલમાં ખેતરમાં બારેમાસ | ડંખવાળી જગ્યા ઉપર મહુડાના ઝાડની છાલ વાટીને લગાડવી. | – | મહુડાનું મોટું ઝાડ. |
| ૨૩. | પરસની. મૂળી | ખાખરો | બ્યુટિયા ફોંડોઝા બ્યુટિયા મોનોસ્પર્મા | પુરુષની નબળાઈમાં | સાત દિવસમાં | વગડા, જંગલમાં બારેમાસ | પરસના નાના છોડના મૂળ લાવી સાફ કરીને દર્દીને સાત દિવસ સુધી ખવડાવવા. | – | પરસને, ખાખરો પણ કહેવામાં આવે છે તેના પાન મોટાં છે ફૂલ પીળાં,તેના પાનનાં પતરાળાં બને છે. |

| ક્રમ | ઔષધનું નામ: આદિવાસી | ઔષધનું નામ: ગુજરાતી | ઔષધનું નામ: વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪. | સફેદ કાહડોર | | | હડકાયુ કુતરું કરડે તેમાં | એક દિવસમાં | જંગલમાં બારેમાસ | સફેદ કાહડોર છાલ લાવી કુટી ઉકાળીને તે પાણીમાં બે વખત પાવાથી ઝેરની અસર થતી નથી. | - | કાહડોરનું મોટું ઝાડ દાણો ચીકણો. હાલમાં કાહડોરના ઝાડ ઘણાં ઓછાં થઈ ગયાં છે. |
| ૨૫. | ભકર | | | અધુરા માસે ગર્ભ પડી જતો હોય તેમાં | છાલની દોરી બાંધી રાખવાથી | જંગલમાં બારેમાસ | સ્ત્રીને કે ઢોરને ગર્ભપાત થઈ જતો હોયતો ભકરની છાલની દોરી બનાવી બાંધી રાખવાથી ગર્ભ ઠરે છે. | - | મહુડાના જેવું મોટું ઝાડ પાન ગોળ. |
| ૨૬. | (૧) ભોય ઉંમર<br>(૨) છીપી | છીપ | | આંખના ફુલ માટે | અઠવાડિયામાં | જંગલમાં નદી કિનારે બારેમાસ | ભોય ઉંબરનું મૂળ અને છીપ કાને બાંધવાથી આંખનું ફુલ દૂર થાય છે. | - | ભોય ઉંબરનો નાનો છોડ<br>છીપ નદી અથવા દરિયામાં થાય. |
| ૨૭. | કારટોલ | જંગલી કારેલ | | ગર્મીમાં | સાત ટાઈમ ખવડાવવાથી | જંગલમાં બારેમાસ. | જંગલી કારેલીનો કંદ લાવી તેની બે ચીરી દરરોજ ખવડાવવી. | - | આ વેલ કંદ જંગલમાં થાય છે. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પદ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૮. | ૧) કુંબી | કિંજલ | ટર્મિનેલિયા પેનિકયુલેટા | રક્તપિત | પાંચ દિવસમાં | જંગલમાં બારેમાસ | ત્રણેની છાલ લાવી કૂટીને પાંચ દિવસ પીવાથી રક્તપિતનો રોગ મટે છે. | - | કુંબી મોટું ઝાડ આવે છે. મહુડાના ઝાડ જેવા પાન. |
| | ૨) કાછડોર | | | | | | | | કાછડોર મોટું ઝાડ. |
| | ૩) મોડસીંગ | મેઢાશિંગ | રેડેરમચેરા ઝાયલોકાર્પા | | | | | | મોડસીંગનું પણ મોટું ઝાડ. સીંગ મોટી. |
| ૨૯. | સાદડો | સાજડ (સાદડા) | ટરમિનેલિયા ટોમેન્ટોઝા | માછલાં મારવા માટે | - | જંગલમાં બારેમાસ | સાદડાની છાલ કૂટીને પાણીમાં નાખવાથી પાણી લાલ થાય છે અને માછલાં મરી જાય છે. | - | સાદડો મોટું ઝાડ આવે છે. ઈમારતી લાકડું. પાન મોટા આવે છે. |
| ૩૦. | ધતુરો | ધતુરો | ધતૂરા સ્ટ્રામોનિયમ. | કાનની બહેરાશમાં | એક બે વારમાં | જંગલ/વગડામાં બારેમાસ | ધતુરાના પાનનો રસ કાનમાં એક બે ટીપાં પાડવો. પાન ગરમ કરી કાન ઉપર મૂકવું. | - | ધતુરો છોડ છે. લગભગ સર્વત્ર થાય છે. |
| ૩૧. | ખુરસાણી | | | એસી.ડી.ટી.(છાતીમાં બળે તેમાં) | એકવાર પાવાથી | શિયાળામાં ખેડૂતના ઘરે | ખુરસાણીનું તેલ પાવું તેના પાનનો રસ પીવાથી પણ આરામ થાય છે. પ્રમાણ ખુબ ઓછું રાખવું. | - | ખુરસાણીએ જંગલ વિસ્તારમાં થાય છે. તેનું તેલ ખાવામાં વપરાય છે. તેનો દાણો કાળો લાંબો હોય છે. |

| નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|
| આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | | | | | | |
| ૩૨. સુપલી | | | માછલાં પકડવા માટે | - | મહારાષ્ટ્ર માં તેમજ જંગલ વિસ્તારમાં બારેમાસ વેપારીઓ પણ વેચે છે. | તેના પાદડા કૂટીને પાણીમાં નાખવાથી દસ મિનિટમાં પાણીમાં રહેલા માછલા મરી જાય છે. | મહારાષ્ટ્ર માં તેને બાજીના નામે ઓળખાય છે. | છોડ મેંદીની જેમ વાડ કરવા માટે વપરાય છે. પાન આંબલી જેવા. |
| ૩૩.૧) દાંતીમૂળ<br>૨) પાપડાનું મૂળ<br>૩) રુઈ | દાંતી<br><br>આકડો | કોટન પોલિએંડ્રમ<br><br>જાઈ ગેંપ્યા અને કેલેટ્રોપીસ પ્રોસીરા | ઢોર કોઢ-વાય તેમાં | આઠ દિવસમાં વધારે હોયતો બાર દિવસમાં | જંગલ બારેમાસ | દાંતીમૂળ, પાપડાનું મૂળ રુઈ લાકડાના ટૂકડા, ત્રણે ગળે બાંધવાથી સડો અટકે છે. | - | દાંતી છોડ આવે તેને ઘણા મૂળ હોય છે. પાન મોટા હોય છે.<br>-પાપડો મોટું ઝાડ છે પાન નાના<br>-રુઈ એ આકડા છે જેના પાન મોટા |
| ૩૪. રુઈ | આકડો | " | સુખે પ્રસુતિ થાય તે માટે. | તરતજ | દરેક જગ્યાએ બારેમાસ | આકડાનો ટૂકડો લાવી સાફ કરી સિંદુર લગાડી માથા ઉપર મુકવાથી પ્રસુતિ સુખરૂપ થાય છે. | - | આકડો છોડ છે. મોટાપાન તોડતા દૂધ નીકળે છે. |

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫. | રુઈ | આકડા | જાઈ ગેન્ટ્યા અને કેલેટ્રોપ્રાસીરા | દમ | બેત્રણ દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | આકડાનાફુલ લાવી મસળી ખાઈ શકાય તેટલા પ્રમાણમાં આપવા. | - | આકડો છોડ છે. મોટા પાન તોડતા દુધ નીકળે છે. |
| ૩૬. | હ્લુદખાપરી | | | ખાંસી | બે દિવસમાં | જંગલમાં ચોમાસા, શિયાળે. | હ્લુદખાપરીના મૂળ લાવી સાફ કરી ચુસવા અથવા કુટીને તેનું પાણી પાવું. | - | વેલ. પાન નાના, ત્રણડાળા ફુલ આવે છે તે કડવા મધુર લાગે છે. |
| ૩૭. | ૧) બેહડા | બહેડા | ટરમિનેલિયા બેલેરિકા | ચામડીના દરેક રોગ માટે (ચાંદા, મુગડા ખસ) | અઠવાડીયામાં | જંગલમાં બારેમાસ | દરેક ઝાડના થડની ઉપર સુકાયેલી છાલ લાવી વાટી શેકી નાખવી તે કોપરેલ તેલ માં મિશ્ર કરી મલમ બનાવો તે લગાડવાથી દરેક પ્રકારના ચામડીના રોગો મટે છે. | - | બધા મોટા ઝાડ છે. જંગલમાં બારેમાસ મળે છે. |
| | ૨) શિવણ | | | | | | | | - કોડા ઝાડને સફેદ ફુલ આવે છે અને સફેદ રસ નીકળે છે. |
| | ૩) ઘળદુન | સરગવો | મોરિંગા ટેરીગો-સ્પર્મા | | | | | | |
| | ૪) તિવીસ | તણછ (તિવર) | એવિસે ભિયા આફિસિનેલિસ | | | | | | |
| | ૫) કોડા | | | | | | | | |
| | ૬) કુડી | | | | | | | | |

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિશાસ્ત્રીય | [illegible] ઉપયોગી | [illegible] | [illegible] | [illegible] | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૮. | જાંબુળી | | | તાવમાં | એક બે વખત પાવાથી | પાણીવાળી જગ્યાએ બારેમાસ | તેનાં મૂળ, અને પાન લાવી ગળામાં બાંધે છે. તથા થોડા પાવામાં પણ આવે છે. | - | છોડ આવે છે. [illegible] બીજ આવે. |
| ૩૯. | આંબો | આંબો | મેંગીફેરા-ઈન્ડિકા | પેટના દુઃખાવામાં | તરતજ | દરેક જગ્યાએ બારેમાસ | આંબાની છાલ લાવી છૂંદીને તેનું પાણી પીવા આપવું. | | |
| ૪૦. | વાકલી-ચીસ | પરદેશી આમલી (ગોરખ-આમલી) | એડન્સોનિયા ડિજીટેટા | ઝાડામાં | એક દિવસમાં | બગીચા જંગલમાં બારેમાસ | આમલીની છાલ લાવી કૂટીને પાણીમાં ઉકાળી તે પાણી થોડુંક પીવાથી ઝાડા મટે છે. | - | આબલી મોટું ઝાડ છે. લગભગ દરેક જગ્યાએ થાય છે. બાળકો તેના કાતરા ખૂબ શોખથી ખાય છે. ગોરસઆંબલી પણ કહે છે. |
| ૪૧. | એલ | | | મરડામાં | એકવાર પીવાથી | જંગલમાં બારેમાસ | એલ ના મૂળ લાવી કૂટી તે તેનું પાણી પીવાથી મરડો મટે છે. | - | એલ વેલ છે. ત્રણ પાંખ વાળાં પાન આવે છે. |
| ૪૨. | ગળગુંગર | | | ઘા | એકવાર ભરવાથી | જંગલમાં બારેમાસ | ગળગુંગરની છાલ જીણી વાટી ઘામાં ભરી દેવાથી ઘા પાકતો નથી અને મટી જાય છે. | - | ગળગુંગર મોટું ઝાડ ફળના ના પાકે ત્યારે ખવાય. કાંટાવાળું ઝાડ |

| | ઔષધનું નામ | | | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | [illegible] રોગમાં ઉપયોગી | [illegible] |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | | | | | | |
| ૧૩.૧) | નિરગુટ | નગોડ | વાઇટેક્સ નિર્ગુડી- ટ્રાઈફોલિયા | આંખ આવે તેમાં | એક બે દિવસમાં | જંગલમાં | નગોડના પાન મસળી એક ટીપું આંખમાં નાખવું | - | નગોડઆદોઢ-બે માથોડા ઊંચા વધે છે. નગોડમાં સાદી અને કાતરા નગોડ એવા બે પ્રકાર છે. |
| ૨) | તરુટા | પુંવાડિયા | કેશ્યા- ટોરા | - | ” | ચોમાસે શિયાળે | પુંવાડીયાના પાનનો રસ એક ટીપું નાખવું બન્ને અલગ અલગ દવા થઈ શકે છે. | - | પુંવાડીયા છોડ છે વર્ષાઋતુમાં દરેક જગ્યાએ ઊગી નીકળે છે. |
| ૪૪.અ) | બેર | બેર | એકેસિયા- કેટેચ્યું. | આંખમાં ફૂલ પડે તેમાં | બે ચાર દિવસમાં | જંગલમાં બારેમાસ | નાના બેરનાં મૂળ લાવી કાને બાંધવાથી આંખનું ફૂલ ગળ જાય છે. | - | બેરનું મોટું ઝાડ. પાન ઝીણાં. છાલમાંથી કાથો બને. |
| બ) | દબાડી | ડાભ (મોથ) | | આંખના ફૂલમાં | બે ચાર દિવસમાં | ખેતર જંગલમાં બારેમાસ | ડાભનું ફૂલ અથવા મૂળ લાવી કાને બાંધવાથી આંખનું ફૂલ દૂર થાય. | - | ડાભ ખેતરના શેઢા ઉપર થાય. ઘાસ જેવું જ. લાંબી સોટીએ ફૂલ આવે. |
| ક) | બોરડી | બોરડી | ઝીઝીફસ- જુજુબ | ” | ” | ” | બોરડીની ડાળ મંગળવારે અથવા રવિવારે લાવી તેના પાંચ ટુકડા કરી અગરબત્તી, સિંદુર ચઢાવી દોરાથી બાંધવાથી આંખનું ફૂલ દૂર થાય છે. | - | બોરડી કાંટાવાળું ઝાડ છે, પાનગોળ. લગભગ દરેક જગ્યાએ થાય છે. |

| ક્રમ | ઔષધનું નામ – આદિવાસી | ઔષધનું નામ – ગુજરાતી | ઔષધનું નામ – વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા. | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૫. | બાંબુ | વાંસ | લેમ્બુઝા, એરન્ડીનેશિયા | કાનની બહેરાશમાં. | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | વાંસની અંદર સફેદ પાવડર જેવો પદાર્થ થાય છે તે કાનમાં નાખવાથી બહેરાશ દૂર થાય છે. | – | વાંસના ભોથાં થાય છે વાંસના પાંદડાં લાંબાં હોય છે. પચાસ-સાઠ હાથ ઊંચો વધે. વાંસને સાઠ વર્ષે બીજ આવે છે. વાંસ ઘણા ઉપયોગમાં આવે છે. |
| ૪૬. | પેવટું | | | કાન દુઃખે તેમાં | એક બે વાર નાખવાથી | જંગલમાં બારેમાસ | પેવટું ચૂલા ઉપર ગરમ કરી રસ કાઢી કાનમાં નાખવો. | – | પેવટું સોટી જેવા છોડ. રાતાં ફૂલ. |
| ૪૭. | અસન | | | " | " | જંગલમાં બારેમાસ | અસનની છાલ કૂટી ગરમ કરી– ઠંડું પડે એટલે કાનમાં નાખવું | – | અસન મોટું ઝાડ. કાળામૂળ, નાનાં કાળાં ફળ. હથેળીમ જેવડાં પાન. ઝાડને કાંટા આવે. |
| ૪૮. | પોપૈયો | પોપૈયો | કારિકા-પપૈયા | દાઢ દુઃખે તેમાં | એક દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | પોપૈયાનો ચીક લાવી દાઢમાં મૂકવાથી દુઃખતી દાઢ મટે. | – | પોપૈયો ફળાઉ છોડ છે તે માથાડું ઊંચો વધે. તેની ટોચે પપૈયાં લાગે છે. પાન ડાડાવાળાં મોટાં. |

| ક્રમ | ઔષધિનું નામ | | | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગ પધ્ધતિ અને માત્રા. | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | | | | | | |
| ૪૯. | રુઈ | આકડો | જાઈગેંન્ધ્યા | દાઢ દુઃખે તેમાં | તરતજ | દરેકજગ્યાએ બારેમાસ | પોલી કે સડેલી દાઢમાં આકડાનું દૂધ પાડવાથી દાઢ ફાટી જાય. ટુકડા થઈ જાય. | - | આકડાના છોડનાં પાન ગોળ મોટા. |
| ૫૦. | ગમોઠ | ઓમેટી | ઝેટનેરિયા અબેલેટા | ધાતુ પડતી હોયતો | એક બે, દિવસમાં | ચોમાસામાં જંગલમાં | ગમોઠના ફળ અને મૂળ ખાવા આપવાં. | - | વેલ ચોમાસામાં થાય પાન નાનાં. તેનું શાક પણ કરી ખાય છે. |
| ૫૧. | બેનદોર | | | સ્ત્રીકષ્ટાતી હોય (સુવાવડ ન થતી હોય તેમાં) | તરતજ | જંગલમાં ચોમાસામાં | આ અતિ ચમત્કારી છોડ છે. ધીરે ધીરે જઈ તેના મૂળ લઈ ધીમા ધીમા ચાલતા આવવું. અડધા રસ્તે ન પહોંચે ત્યાં તો પ્રસુતિ થઈ જાય છે. | - | આ ચમત્કારી છોડ છે. એક હાથ ડોડાવાળો છોડ. પાન મોટા તેના બી કાળા. |
| ૫૨. | ટેટુ | અબલુ | ઓરોકિસલમ-ઈન્ડિકમ | કમળામાં | અઠવાડીયામાં | જંગલમાં બારેમાસ | ટેટુના ઝાડની છાલ લાવી કુટીને પાણી સાથે થોડીક થોડીક પવાય. | - | ટેટુનું મોટુ ઝાડ. સીંગ મોટી. |

| ક્રમ | ઔષધનું નામ: આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે. | ઉપયોગ પધ્ધતિ અને માત્રા. | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૩. | ભાંગ | ભાંગ (ગાંજો) | કેના બિસ-ઈ ડિકા | ભૂખલગાડવા માટે. | તરતજ | દુકાને ખેતરમાં | ભાંગના પાન લસોટી પીવાથી ભૂખ લાગે છે. | – | ભાંગનો છોડ થાય છે. નશાકારક હોવાથી તેના વાવેતર પર પ્રતિબંધ. |
| ૫૪. | બોરડી | બોરડી | ઝીમીફસ-જુજુબ | વિંછીના ઝેરમાં | તરતજ | શિયાળામાં | કાચાં બોર લાવી તેને પાણીમાં નાખી કૂટી ડંખવાળી જગ્યાએ મૂકવાથી ઝેર ઉતરી જાય છે. | – | બોરડી કાંટાવાળું ઝાડ છે. સર્વત્ર થાય છે. |
| ૫૫. | ચીલારી | | | સાપના ઝેરમાં | તરતજ | જંગલમાં બારેમાસ | ચીલારીના મૂળ લાવી પાણી સાથે કૂટીને પચાસ ગ્રામ જેટલું પ્રવાહી પાઈ દેવાથી સાપનું ઝેર ઉતરે | – | ચીલારી વેલ થાય છે. પાન નાના આંબલી જેવાં કાંટાવાળી હોય છે. |
| ૫૬. | તાન | | | " | તરતજ | જંગલમાં બારેમાસ | તાનના મૂળ લાવી ઘસી કે કૂટીને પાવાથી ઉલટી થઈ ઝેર બહાર નીકળી જાય. | – | તાન વેલ છે. પાન નાનાં ફળ અડધાં કાળાં અડધાં લાલ.આવે છે. |
| ૫૭.૧) | સીરીવેલ ૨૦ વરઈ | | | કફ | બેત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | તેના મૂળ લાવી બારીક પાવડર બનાવી વરાઈના લોટ સાથે મેળવી પાવાથી કફછૂટો પડે અને મટે. | – | ઢોરસીરી મોટો વેલો આવે છે. ખાંચાવાળા મોટાં પાન. |

| ક્રમ | ઔષધનું નામ | | | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે. | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | | | | | | |
| ૫૮. | વાંઝા અણીદ | | | માથાના દુઃખાવામાં | ધીરેધીરે મટે | જંગલમાં બારેમાસ | વાંજીયા અણીદના સાત પાના લઈ તેનોજ કાંટો લઈ તેમાં પરોવી તેના થડ સાથે બાંધી દેવાથી માથુ દુઃખતું મટે છે. | | અણીદમોટું ઝાડ. બારેમાસ કાંટા આવે છે. |
| ૫૯. | નિર્ગુડ | નગોડ | વાઈટેક્સ-નિગુંડો-ટ્રાઈફોલિયા | હાડકાં મજબુત કરવાં. | બેચાર દિવસમાં | જંગલમાં બારેમાસ | પાન લાવી ગરમ પાણીમાં ગરમ કરી શરીરે શેકવાથી દુઃખતાં હાડકા સારા થાય છે. | | નગોડનાં ઝાડ દોઢ-બે માથોડા ઊંચા વધે. નગોડમાં સાદી અને કાતરા નગોડ એવા બે ભેદ છે. કાતરા-નગોડના ફુલ લીલા રંગના. સાદી નગોડના પીળા રંગના બારીક ફુલ હોય છે. |
| ૬૦. | કડોલીમડી | મીઠી-લીમડી | મુરયા-કોનિજી-આઈ | વંધ્યિકરણ માટે | બે-ચાર દિવસ | દરેક જગ્યાએ બારેમાસ | સ્ત્રીના માસિક બાદ મીઠીલીમડીના પાન બરાબર વાટી, તેનો રસ કાઢી, બે ચાર દિવસ પીવાથી કાયમ માટે બાળકો થતાં નથી. | – | મીઠી લીમડીનું બે માથોડું ઊંચું ઝાડ થાય છે. પાન લીમડા જેવા પણ નાના સુગંધીદાર આવે છે. કઢીમાં તેના પાન વપરાય છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ શાસ્ત્રીય | | | | | | |
| ૬૧.૧) | આમેદ | | | નપુસકતા દુર કરવા | બે ચાર દિવસમાં | જંગલમાં બારેમાસ | આમેદ અને કરોડના બેત્રણ કાંટા લાવી બાંધવા અને કરરે કાહડોરના મૂળ તથા પરસના મૂળ ખાવા માટે આપવા. | – | ચારે મોટા ઝાડ છે. પણ નાનાઝાડના કાંટા અને મૂળ ઉપયોગ માં લેવા કાહડોરમૂળ રતાળુ જેવા આવે છે. |
| ૨) | કરોડ | કાંકડ | ગેરુઆ પિનેટા | | | | | | |
| ૩) | કાહડોર | કાડોળી (કંડારો) | સ્ટર્કયુ- લિયાયુરેન્સ | | | | | | |
| ૪) | પરસ | ખાખરો | બ્યુટિયા ફોડોઝા બ્યુટિયા- મોનોસ્પર્મા | | | | | | |
| ૬૨. | ઉધ | – | – | લકવાના રોગમાં | અઠવાડિયામાં | કાયમ પાણી રહેતું હોય તેવા જળાશય ની બાજુમાં | ઉધએ જળચર પાણી છે. પણ તે કિનારે પોતાનું દર બનાવી રહે છે. તેને લાવી મારી તેનું માંસ ખાવા થી લકવા મટે છે. (લકવા ન મટે તો માણસ મરી પણ જાય છે) | – | ઉધ કુતરાના નાના બચ્ચા જેવું પ્રાણી છે. પાણીની બાજુમાં રહે છે. મહારાષ્ટ્રના ચંડકાપુર બંધારામાં વધારે રહે છે. |
| ૬૩. | કબુતર | કબુતર (પારેવુ) | | લકવા,વા | એક બે દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | કબુતર મારી તેને ઉકાળી તેમાં મરી અને મીઠું નાખી પાવામાં આવે છે. | વા,લકવા, સાંધા દુઃખે તેમાં. | |

| ક્રમ | ઔષધનું નામ: આદિવાસી | ઔષધનું નામ: ગુજરાતી | ઔષધનું નામ: વનસ્પતિ-શાસ્ત્રીય | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે. | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૪. | ક્રૌંદ | કરમદી | કેરિસા, કરંડસ | ઉનવા પેશાબમાં બળતરા થાય તેમાં. | તરતજ | જંગલમાં બારેમાસ | ક્રૌંદવો ચીક(ગુંદર) લાવી એક ટીપું પેશાબ નલીકામાં પાડવાથી બળતરા મટે છે. | - | ક્રૌંદ લીંબું જેવો છોડ છે. કાંટા પણ આવે છે તેના ફળ પાકે ત્યારે કાળાં હોય છે. ખાઈ શકાય છે. |
| ૬૫. | ૧) ગરગુગર નીછાલ<br>૨) દીગડવેલ<br>૩) મરઘીનું ઈંડુ | <br><br>મરઘી | | હાડકુ ભાગે તેમાં | બે ચાર દિવસમાં | જંગલમાં બારેમાસ | ગળગુંગરની છાલ ઝીણી વાટી તેમાં મરઘીનું ઈંડુ મિશ્ર કરી તથા દીગડવેલ ના મૂળ પણ ઘસી, લસોટી મિશ્ર કરી હાડકું બેસાડી પાટો બાંધી દેવાથી હાડકું સંધાઈ જાય છે. | - | |
| ૬૬. | ઘોરપર | ઘો | | દાઝીગયેલા ઉપર | બેત્રણ દિવસમાં રાહત તરતજ થાય છે. | જંગલ, વગડામાં | ઘો એ પેટે ચાલનારું પ્રાણી છે તેની ચરબી લગાડવાથી દાજીગયેલા સારાં થાય છે. | ચરબીની મેંશપાડી આંખમાં આંજવામાં આવે છે. બળદની કાંધ ઉપર પણ લગાડે છે. | ઘો એ પેટે ચાલનાર પ્રાણી છે. કોતરોમાં પથ્થરનીચે રહે છે. ઉપરની ચામડી બહુ મજબુત આવે છે. |

| ક્રમ | ઔષધિનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે. | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | | | | | | |
| ૬૭. | ગ ોળછીપ | ગોળછીપ | | બળદને વશકરવા | એકવાર લગાડ-વાથી | નદી, તળાવમાં બારેમાસ. | નદીકે તળાવમાં ગોળ છીપલા થાય છે તે લાવી ઉપરનું પડ બાળી રાખ કરી દિવેલના તેલમાં ભેળવી બળદની આંખમાં આંજવી તથા શિંગડા અને ડોળા ઉપર ચોપડવી | | પાણીમાં ગોળછીપ વાળી જીવાત થાય તે તેનો ઉપયોગ કરવો. |
| ૬૮. | ભૂઈ ભપુર | અરબો (ફુગ) બીલાડીનો ટોપ | એગેરિકસ કે પેસ્ટિટ્રસ | પગની કણી માં | એક બે દિવસમાં | ચોમાસામાં દરેક જગ્યાએ | અરબ લાવી તેલમાં મીક્ષ કરી કણી ઉપર લગાડવાથી કણી મટી જાય છે. | – | ચોમાસામાં ઊગી નીકળે છે તેની ઘણી જાતો છે. કેટલીક ખાઈ શકાય છે. તેને બીલાડીના ટોપ પણ કહે છે. |
| ૬૯.૧) | નિજ્બારણ | | | નિદ્રાન આવતી હોયતો | તરતજ | નિજ્બારણ ઉનાળામાં મળે બાકીની વનસ્પતિ બારેમાસ જંગલમાં મળે. | ચારે ઝાડનો પાન લાવી બાળી તેની મેશ બનાવી તે આંખમાં આંજવાથી તરતજ ઊંઘ આવી જાય છે. | – | તરોટા સોટી જેવો છોડ છે. ઉનાળામાં પાણીવાળી જગ્યાએ થાય છે. સુંદરફૂલ આવે છે. |
| ૨) | તરોટા | કુંવાડિયો | કેશ્યાટોરા | | | | | | – પૂવાડીયા ચોમાસામાં ઠેર ઠેર ઘણા ઊગી નીકળે છે. |
| ૩) | આવરા | આમળા | ફિલેપસ એલીકા | | | | | | – આંબળા મોટાઝાડ છે પાન નાના આંબલી જેવા આવે છે. |
| ૪) | ખેર | ખેર | એકસિયા-કેટેચ્યુ | | | | | | – ખેર પણ મોટું ઝાડ છે પાન નાના આવે. |

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૦. | ૧) વડ | વડ | ફાઈકસ બેંગાલેન્સિસ | પગની ગર્મી | એકબે દિવસમાં | વડ દરેક જગ્યાએ બારેમાસ | પગના વાઢીયામાં વડનું દુધ ભરવાથી વાઢીયા મટે છે. | - | વડ મોટું ઝાડ છે તેના પાન ગોળ મોટા આવે છે. તેની વડવાઈમાંથી અલગવડ થાય છે. |
| | ૨) કાંકડાર | કાંકુડોળી | સ્ટકયુલિયા યુરેન્સ | | | કારડોર જંગલમાં | કારડોરના થડે પગ ઘસવાથી પગના વાઢીયા મટે છે. | | કારડોર મોટું ઝાડ છે જંગલમાં થાય છે. |
| ૭૧. | કરડાઈ | પીળો-ધંતૂરો | - | ખરજ ખસમાં | બેચાર દિવસમાં | ઉનાળામાં ખેતર, જંગલમાં | તેનાં બી લાવી ઝીણાં લસોટી થોડાક પીવા અને ચોપડવાથી મટે છે. | - | એ કબે ફૂટ ઊંચો છોડ થાય છે. સવાંગે કાંટા હોય છે. ફૂલપીળા આવે છે કાળાં બી આવે છે. |
| ૭૨ | ૧) કેરોસીન | | | પગ ચોમાસા કોહી જાય તેમાં | એકબે દિવસમાં | જંગલમાં બારેમાસ કેરોસીન દુકાને મળે. | ત્રણે ઝાડના કુમળા દીટા લાવી છુંદી પલગાડવો. કેરોસીનમાં મીક્ષ કરી લગાડવાથી અને ગમમાં શેક આપવો. | - | ત્રણે મોટા ઝાડ છે બારેમાસ જંગલમાં મળે છે. |
| | ૨) હળદુના ડીડા | | | | | | | | |
| | ૩) શેગના ડીડા | સાગ | ટિક્ટોના ગ્રેન્ડિસ | | | | | | |
| | ૪) કોશીલાના ડીડા | | | | | | | | |

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૩. | આકડો | આકડો | જાઈ ગેટયા | લીલા ખરજવામાં | પાન સુકાય તેટલા દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | આકડાનાં પાન લાવી દર્દીનું નામ લઈ તે પથ્થર ઉપર મૂકવાથી જેમ પાન સુકાય તેમ તેનું ખરજવું સુકાય છે. | - | આકડો છોડ છે પાન મોટા અને દળદાર આવે છે તોડતાં દૂધ નીકળે છે. |
| ૭૪. | મધ | મધ | | ખાંસી | એક દિવસમાં | ઉનાળામાં વન-વગડામાં | ખાંસી, ઉધરસમાં ~~જુનુ~~ મધ ચટાડવામાં આવે છે. | - | મધમાખીઓ મધ ઝાડ કે ખડકોમાં બનાવે છે. |
| ૭૫. | હીરડા | હરડે | ટરમિને-લિયા-ચેબ્યુલા | પેઢા ફુલી જાય તેમાં | એક દિવસમાં | જંગલમાં ઔષધાલયોમાં | હરડે ઘસી પેઢા ઉપર લગાડવાથી પેઢાના સોઝા મટે છે. | - | હરડેના આંબલી જેવા મોટા ઝાડ થાય છે. |
| ૭૬. | ગુલડો | ઉમ્બર | ફાઈક્સ ગ્લોમિરેટા | " | " | જંગલમાં/ વગડામાં બારેમાસ | ઉમ્બરનો ચીક(ગુંદર) પેઢા ઉપર ઘસવાથી સોજો ઉતરે છે. | - | ઉમ્બર મોટું ઝાડ આવે છે. ગોળ ફળ આવે છે. તેના થડમાં ઘા કરવાથી દૂધ નીકળે છે. |
| ૭૭. | ૧) કુભડું<br>૨) કાળાચોળા<br>૩) ઘીનું માટી-નું વાસણ | મરઘીનું બચ્ચું<br>ચોળા<br>વારી | <br>વિગ્ના-કેટિએંગ | વાઘ કરડે તેના ઘા ઉપર | બે દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | મરઘીના નાના બચ્ચાનું માંસ, તેમાં કાળાચોળા વાટી ઘામાં ભરવા ત્યાર પછી માટીના વાસણ જેમાં ઘી ભરતા હોય તે ગરમ કરી, ઘા ઉપર શેક કરવો. | - | મરઘી પાલતુ પક્ષી છે. ચોળા કઠોળ ધાન્ય છે. ઘી ભરવાનું માટીનું વાસણ, જેને વારી કહેવામાં આવે છે. |

| ક્રમ | ઔષધીનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૮. | ૧) દાંતી<br>૨) કેડી<br>૩) સીરીસ | દાંતી | કોટન-પોલિએડમ | ગાઠ ઉપર (પાઠું) | અઠવાડો-યામાં | જંગલમાં બારેમાસ | દાતીના મૂળા કેડીની છાલ અને સીરીસની છાલ મિશ્ર કરી કૂટીને ગાઠ ઉપર ભરવાથી ગાઠ ફૂટી સારું થાય છે. | - | દાતી છોડ છે. એરંડાના ફળ જેવા ફળ આવે છે.<br>કેડી મોટું ઝાડ છે.<br>સીરીસ પણ મોટું ઝાડ છે. |
| ૭૯. | રગતરો-હીડી | રગતરો-હીડી | રેમનસ-વાઈટી-આઈ | કેન્સર, લોહીબગાડમાં | અઠવા-ડીયામાં | મોટા જંગલમાં બારેમાસ | રગતરોયડીની છાલ લાવી કૂટી એક રાત પાણીમાં પલાળી રાખી સવારે પીવાથી રોગ મટે છે. | સ્ત્રીઓ નાદદમાં પણ કામ આપે છે. | મોટું ઝાડ આવે છે. લીંબડાના પાનથી મોટા પાન આવે. ડાંગના જંગલમાંજ મળે છે. |
| ૮૦. | વાવડી | વાસનવેલ | કોકપલસ વિલેસસ | પેટ ચઢી જાય તેમાં | તરતજ | જંગલમાં શિયાળામાં | વાવડીની શીંગ લાવી ઘસી કે લસોટી પાવાથી પેટ ચઢી ગયું હોય તો આરામ થાય છે. | - | વાવડી વેલ આવે. વળવાળી શીંગ આવે છે. |
| ૮૧. | ભુઈ મરચી-કંદ | વગડાઉ મરચીવેલ | - | ઝાડા ઉલટીમાં | એક દિવસમાં | જંગલ, મહારાષ્ટ્રમાં બારે-માસ | તેનો કંદ લાવી ઘસીને થોડાં ટીપાં પાવાથી ઝાડા ઉલટી મટે છે. | સાપ કરડે તેમાં પણ વપરાય છે. | ભોયમરચી છોડ છે. જમીનમાં કંદ થાય છે. મહારાષ્ટ્ર નવાપુરમાં વેચાતા મળે છે. |

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પદ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮૨. | ૧) સતરો-હીડો | રગતરોહીડો | રેમનસવા-ટીઆઇ | પેશાબની ગરમીમાં | બેવાર પીવાથી | જંગલમાં બારેમાસ | તેનો ત્રણે અને ઝાડ ની છાલ લાવી કૂટીને તેનો રસ કાઢી પચાસથી સો ગ્રામ જેટલું પ્રવાહી પીવા આપવું. | - | -સતરોહીડો મોટું ઝાડ છે. |
| | ૨) બીયો | બીલવો (બિયો) | ટેરોકાપસિ માર્સુપિયમ | | | | | | -બીયોનું મોટું ઈમારતી ઝાડ. પાન મોટા. |
| | ૩) ક્વીચા | | | | | | | | -ક્વીચા પણ મોટું ઝાડ છે ડાંગમાં થાય છે. |
| ૮૩. | અરહોન | | | ઝાડમાં | એક દિવસમાં | જંગલમાં બારેમાસ | અરહોનની છાલ પાણી સાથે કૂટીને બે ટાઈમ પીવાથી ઝાડા મટે છે. | - | અરહોન માટે ઝાડ આવે છે. પાનબીલી પત્રથી મોટા આવે છે. |
| ૮૪. | સેગુ | | | ઉધરસમાં | બે દિવસમાં | જંગલમાં બારેમાસ | સેગુના મૂળ લાવી લસોટી બેત્રણવાર થોડા થોડા પીવાથી ઉધરસ મટે છે. | - | સેગુ મોટું ઝાડ થાવે છે. પીપરીના પાન જેવા પાન આવે છે. આમાં બે જાત આવે છે. સેગુના ઝાડની છાલ ઘરમાં કે નજીક મૂકવા સ્ત્રીઓનો ગર્ભ પડી જા છે. |

| ક્રમ | ઔષધિનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | | | | | | |
| ૮૫. | હળીયાકાંદ | | | ચાંદા, કંઠમાળમાં | પાંચ થી છ દિવસમાં | જંગલમાં બારેમાસ | કંદ લાવી ઘસીને ચાંદામાં કે કંઠમાળ ઉપર લગાડવાથી આરામ થાય છે. | લકવામાં પણ વાપરી શકાય છે. | હળીયાકાંદ વેલ છે. હળદરજેવી જોડેલી ગાંઠ આવે. પાન પણ હળદર જેવાં આવે છે. |
| ૮૬. | ખરબાટ | ખરેટી (ડુંગરાઉ બળ) | સીડાકાર્પિની ફોલિયા | ગુમડામાં | બેચાર દિવસમાં | જંગલમાં અમુક જગ્યાએ બારેમાસ | ખરબાટના મૂળ લાવી સાફ કરી ઘસીને ગુમડા ઉપર લગાડવાથી ગુમડું મટે છે. | – | ખરબાટ છોડ છે નાના ફુલ આવે છે તે ચીકણાં હોય છે. |
| ૮૭. | ઈચ | | | વિંછીના ઝેરમાં | તરતજ | જંગલમાં બારેમાસ | ઈચનાં પાન લાવી મસળી ડંખ ઉપર મુકવાથી ઝેર ચુસાઈ જાય છે. | – | ઈચસાગજેવું મોટું ઝાડ આવે છે પાન આંબલીના પાન જેવાં આવે છે તેને કાંટા હોય છે. |
| ૮૮. | દમપાન | | | દમના દર્દમાં | તરતજ | બગીચામાં | તેનાં પાન ખાવાથી દમ મટે છે. | – | દમ એ છોડ છે હથેળી જેવાં જાડા પાન આવે છે. તે બગીચામાં ઉગાડી શકાય છે. |

| ક્રમ | ઔષધિનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધિ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | | | | | | |
| ૮૯. | તાન | | | ઝાડામાં | એક દિવસમાં | ડાંગના જંગલમાં બારેમાસ | તાનનાં મૂળ લાવી પાણીમાં ઉકાળી પચાસથી સો ગ્રામ જેટલું પ્રવાહી પીવાથી ઝાડા મટે છે. | નાના બાળકોને લીલા ઝાડા કરે તેમાં | તાન વેલ છે. પાન નાના પણ ગોળ આવે છે. ડાંગમાં બારેમાસ મળે છે. તાન બે પ્રકારની વેલ આવે છે એક છોકરા માટે અને એક છોકરી માટે. નાના બાળકના ઝાડામાં વેલનું કડું બનાવી હાથેપગે પહેરાવવામાં આવે છે. |
| ૯૦. | ગેરુ | ગેરુ | - | સ્ત્રીને માસિકધર્મમાં વધારે લોહી પડે | બેચાર ટાઈમ પાવાથી | ગાંધીને ત્યાં | ગેરુ પાણીમાં ઓગાળી બેત્રણ ટાઈમ પીવાથી લોહી વધારે જતું નથી. | - | ગેરુ એક પ્રકારની માટી છે. |
| ૯૧. | દહેવેશ | - | - | સ્ત્રીઓના પ્રદરના રોગમાં | ચાર-પાંચ દિવસમાં | જંગલમાં બારેમાસ | દહેવેશની છાલ લાવી પાણી સાથે કૂટી પચાસથી સો ગ્રામ જેટલું પાવું. | - | મોટું ઝાડ આવે છે. વડ રસના પાન જેવા મોટા પાન આવે છે. જંગલમાં અમુક જગ્યાએજ આ ઝાડ થાય છે. |

| ક્રમ | ઔષધનું નામ: આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૨. | બોડોળ | | | ઘા | એકજ વારમાં | જંગલમાં બારેમાસ | બોડાળના પાન લાવી મસળી ઘા ઉપર લગાડવાથી ઘા રુઝાઈ જાય છે પાકતું નથી. | – | બોડાળ મોટું ઝાડ આવે છે. પાન ત્રણચાર આગળ મોટા આવે છે. |
| ૯૩. | ગાયદોડા | ઘા-બાજરિયું (પાન-બાજરિયું) | ટાઈફાએલેફન્ટિયાના | ઘા | એકબે વાર ભરવાથી | પાણી-વાળી જગ્યાએ બારેમાસ | ઘા-બાજરિયું લાવી તેના રેસા ઘા ઉપર ભરી દેવાથી પાકતું નથી અને સારું થાય છે. | – | આને પાન બાજરિયું પણ કહે છે. બાજરી જેવો છોડ આવે. ઉપર કણસલું નીકળે તેનો ઉપયોગ કરે છે. |
| ૯૪. | લસણ | લસણ | એલિયમ સેટિયમ | માથાના દુઃખાવામાં | તરતજ | ગાંધીને ત્યાં લગભગ દરેક ઘરે મળે. | લસણનું પાણી કરી માથે લગાડવાથી માથું દુખતું મટે છે. | – | લસણ એ છોડ છે ડુંગળી જેમ જમીનની અંદર થાય છે તેની ખેતી કરવામાં આવે છે. |
| ૯૫. | ચંપો | ચંપો | પ્લુમિએરિયા એક્યુટિફોલિયા | વંધ્યિકરણ માટે | ચારપાંચ દિવસ ખાવા | બગીચામાં બારેમાસ | સ્ત્રીને માસિક આવ્યા પછી ચારપાંચ ફૂલ ચારપાંચ દિવસ ખાવાથી સ્ત્રીને કાયમ માટે બાળકો થતાં નથી. પ્રસુતિ પછી ખાવાં હોયતો બાળક માતાનું દૂધ છોડે પછી ખાવાં | – | ચંપો ફૂલ ઝાડ છે બગીચામાં વાવે છે. પાન મોટાં લાંબા આવે ફૂલ સફેદ અને અંદર પીળાશ આવે છે આની ઘણી જાત આવે છે. |

| | વનસ્પતિનું નામ | | | ક્યા રોગમાં | કેટલા | ઔષધ | ઉપયોગી પધ્ધતિ અને | અન્ય કોઈ | વનસ્પતિનું વિશેષ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | ઉપયોગી | દિવસમાં રોગ મટે | ક્યારે અને ક્યાં મળે | માત્રા | રોગમાં ઉપયોગી | વર્ણન |
| ૯૬. | વડ | વડ | ફાઈકસ બેંગાલેન્સિસ | દાઢ દુઃખે તેમાં | તરતજ | દરેક જગ્યાએ બારેમાસ | દાઢ પોલી હોય તેમા વડના ઝાડનો ચીકટ(દૂધ) ભરવાથી દાઢ ફાટી જાય છે. | - | વડ મોટું ઝાડ આવે છે સર્વત્ર થાય છે. પાન ગોળ મોટા હોય છે. |
| ૯૭. | કડવઈ | કાડોળી (કડીયો) | સ્ટરક્યુલિયા યુરેન્સ | પેટની દુઃખે તેમાં | તરતજ | જંગલમાં બારેમાસ | કડવઈની છાલ લાવી પાણી સાથે છુંદીને બે ટાઈમ પાવાથી પેટની શૂળ મટે છે. | - | કડવઈનું મોટું ઝાડ. છાલ જાડી, પાન મોટા હથેળી જેવા. |
| ૯૮. | અસીન | | | કાનદુઃખે તેમાં | એક દિવસમાં | જંગલમાં બારેમાસ | અસીનની છાલ લાવી કૂટીને તેમાંથી એકબે ટીપાં કાનમાં નાખવાથી દુઃખતો કાન મટે છે. ગરમ કરીને પણ નાખી શકાય. | - | અસીનનું મોટું ઝાડ, મૂળ કાળાં, પાન મોટાં. |
| ૯૯. | સોનપાયે | | | કાન દુઃખે તેમાં | એક દિવસમાં | ચોમાસામાં જંગલમાં | તેના મૂળ લાવી પાણી સાથે લસોટી ગાળીને કાનમાં નાખવા | - | સોનપાયેનો છોડ,પાન નાના આવે છે. ચોળા સીંગ જેવી શિંગ, દિવાળી સુધી મળે. |
| ૧૦૦. | ચંદરજોતી | મોગલી એરંડા | જેટ્રોફા કર્કસ | ઊલટીમાં | બે ટાઈમ એક દિવસમાં | વગડા, જંગલમાં બારેમાસ | આ છોડના મૂળ લાવી બે-ત્રણ ટીપાં બેત્રણ ટાઈમ પાવાથી ઊલટી થતી અટકે છે. | - | રતનજોતનો એરંડા જેવો છોડ. ફળ ગોળ. વાડ કરવામાં વપરાય. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઇ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૧. | કરુદ | કરમદી | કેરિસા, કરેંડસ | ઉલટી બંધ કરવા. | તરતજ એકબેવાર પાવુ. | જંગલમાં બારેમાસ | કરુદના મૂળ લાવી કૂટીને પાણી સાથે થોડું પાવાથી તરત ઉલટી બંધ થાય. | - | કરુદ લીંબુડી જેવું કાંટાવાળુ ઝાડ. |
| ૧૦૨. | સાબરશિંગ | સાબરશિંગ | | આંખમાં ફૂલ પડે તેમાં | બે ચાર દિવસમાં | જંગલમાં સાબરના શિંગડા આપો આપ ખરી પડે. | સાબરશિંગનો ટૂકડો બાંધવાથી ફૂલ આપો આપ દૂર થાય છે. | શૂળ ફૂટે ત્યારે સાબરશિંગ ગરમકરીને લગાડવામાં આવે. | સાબર એ હરણ જેવું પ્રાણી છે તેના શિંગડા ઝાડની ડાળ જેવા હોય છે. તે આપો આપ ખરી પડે છે. |
| ૧૦૩. | વાઘની જીભ | વાઘની જીભ | | " | " | જંગલમાં પ્રાણીસંગ્રાહલયમાં કયારેક વાઘ મરે ત્યારે ખાસ સંઘરવામાં આવી હોય તો મળે. | વાઘની જીભ બાંધવાથી પણ આંખનું ફૂલ દુર થાય છે. | - | |
| ૧૦૪. | કરવતી | - | - | " | " | જંગલમાં અમુક જગ્યાએ બારેમાસ | કરવતીની ડાળી લાવી સાફ કરી તે ગળે બાંધવાથી આંખનું ફૂલ જરી જાય. | - | કરવતીનું મોટું ઝાડ. નીલગીરીના પાન જેવા પાન.પંદર દિવસના ફૂલ ઉપર જલ્દી અસર થાય છે |

| ક્રમ | ઔષધિનું નામ: આદિવાસી | ઔષધિનું નામ: ગુજરાતી | ઔષધિનું નામ: વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઇ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૫ | ૧) નિલગરી | | | હાડકા દુ:ખે તેમાં | એક બે દિવસમાં | જંગલમાં તેમજ વગડામાં બારેમાસ | ત્રણેમાં પાન લાવી પાણી સાથે ઉકાળી તેનાથી સ્નાન કરવાથી હાડકા દુઃખતા મટે. | - | નિલગીરીનું મોટું ઝાડ. ખેતરમાં પણ થાય. |
| | ૨) લીમડી | લીમડો | એઝા ડિરે-કટાઈ ન્ડિકા | | | | | | લીમડો મોટું ઝાડ છે સર્વત્ર થાય છે. |
| | ૩) નિર્ગુડ | નગોડ | વાઇટેક્સ-નિર્ગુડી ટ્રાઈ-ફોલિયા. | | | | | | નિર્ગુડનું પણ મોટું ઝાડ. |
| ૧૦૬ | ૧) રગતરો-હીડો | રગતરો-હીડો | રેમન્સ વાઈ-ટીઆઈ | પેશાબના દર્દમાં | બે દિવસમાં. | જંગલમાં બારેમાસ | ત્રણેની છાલ લાવી મીક્ષ કરી ઝીણી કુટીને પાણી સાથે પાવાથી પેશાબના બધા દર્દો મટે છે. | - | ત્રણે મોટા ઝાડ. જંગલમાં બારેમાસ મળે. |
| | ૨) બીવલો | બીવલો | ટેરોકાર્પસ માર્સુપિયમ | | | | | | |
| | ૪) કવીચા | | | | | | | | |
| ૧૦૭ | એરંડો | દિવેલો | રિસિનસ કોમ્યુનિસ | પેશાબની બળતરામાં | તરતજ | ખેતરમાં બારેમાસ | સફેદ એરંડાના મૂળ લાવી પાણી સાથે વાટીને પીવાથી પેશાબની બળતરા મટે. | - | એરંડોના છોડમાં પાન મોટા તેના ફળનું તેલ નિકળે તેને દિવેલ કહે. ખેતીમાં રોકડીયો પાક છે. |
| ૧૦૮ | તીવર | | | પેશાબની બળતરામાં | તરતજ | ચોમાસામાં જંગલમાં | સફેદ ફુલવાળા તીવરાના મૂળ લાવી કુટીને પાણી સાથે થોડા પાવા | | તીવર બે જાતના આવે. લાલ અને સફેદફુલવાળાં તેના ફળને હાથ લગાડ-વાથી તે તરતજ ઊડી જાય છે. પાન નાના છે.છોડ આવે છે.તેના સંઘરી શકાય. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૯. | મોકવલ્ય | | | સોઝા આવે શીતળા જેવા રોગમાં તાવ આવે તેમાં. | એક બે દિવસમાં | ચોમાસામાં દિવાળી સુધી મળે. | મોકવલ્યના ફૂલ લાવી અગ્નિ ઉપર મૂકવાથી ધુણી થાય તે શ્વાસમાં તેમજ શરીર ઉપર લેવાથી આ રોગ મટે. | - | મોકવલ્ય છોડ ધાણાના પાન જેવા નાના આવે છે. ફૂલ લાલ અને સફેદ આવે છે. દિવાળી ફૂલ ગળી જાય છે. |
| ૧૧૦. | ૧) માજરીફોક<br>૨) સેગડું | | | ગળાના દુઃખાવામાં (સોજો આવે તેમાં) | એક દિવસ માં. | જંગલમાં ચોમાસામાં | માજરીફોકના છોડને મરળી સેગડના પાનમાં બીડી બનાવી પીવાથી ગળાનો દુઃખાવો દૂર થાય. | - | માજરીફોક છોડ આવે. ખાતરવાળી જગ્યાએ થાય. રિંગણાપાનથી થોડા નાના પાન આવે<br>સેગડું મોટું ઝાડ. તેના પાનની બીડી બનાવી આ વિસ્તારના લોકો પીએ. |
| ૧૧૧. | ગોદડી | | | મોતીજરા | બેત્રણ દિવસમાં | બેતર જંગલમાં બારેમાસ | મહુડાના થડમાં ગોદડી નામનું પક્ષી માળો બનાવે તે લાવી તેની ધુણી આપવાથી શરીરપરના ફોલ્લા બેસી જઈ મહુડાના થડના પડની જેમ સુકાઈ જાય છે. | - | ગોદડી પક્ષી છે જે મહુડાના ઝાડમાં માળો બનાવી રહે છે. |
| ૧૧૨. | ગળગુંગર | | | ગળામાં કાકડા વધે તેમાં. | બે દિવસમાં | જંગલમાં બારેમાસ | ગળગુંગરનો પાલો લાવી ખાવાથી ગળાના કાકડા મટે. ગળુ સાફ થાય. | - | બાવળના કોટા જેવા કોટાવાળું ઝાડ.પાન ઝીણા. |

| ક્રમ | ઔષધનું નામ: આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૩. | વાગાટની-વેલ | વાઘાટી | કેપેરિઝ-ઝીલેનિકા | ગળામાં દુઃખે કાકડા વધે. | બે દિવસમાં | જંગલમાં બારેમાસ | વાગાટનાં પાન લાવી ખાવાથી ગળાનો દર્દ મટે. | - | વાગાટ વેલ ઝાડ ઉપર ચઢે. કાંટાવાળા, ફળ ગોળ. કાચા ફળની ચટણી બનાવી ખાય. |
| ૧૧૪. | સાવર | | | ગુમડામાં | એકવાર બાંધવાથી | જંગલમાં | સાવરનો નાનો છોડ લાવી તે લસોટી ગુમડા ઉપર લગાડવાથી ગુમડું પાકી ફૂટી મટે. | - | સાવર મોટું ઝાડ આવે. આ દર્દમાં છોડનો ઉપયોગ કરવો. |
| ૧૧૫. | પોચીયા | પરિપાઠુ | હિડિઓ-ટિસબાઈ-ફલોરા | ખોરાક પચાવી ભૂખ લગાડવી | તરતજ | જંગલમાં ચોમાસામાં | પોચીયાના દાણા ખાવાથી ખોરાક જલ્દી પચે. ખૂબ ભૂખ લાગે. | - | પોચીયાનો છોડ.પાન ઝીણાં.જીરાના દાણા જેવાં ફળ. ચોમાસામાં જ થાય. |
| ૧૧૬. | ચોખ્ખી ભીંડી | ભીંડી | હિબિકસ-કનેબિનસ | મોઢામાં ચાંદા પડે તેમાં (મોં આવે) | બે દિવસમાં | જંગલમાં જોયેલ હોયતો બારેમાસ મળે. | મૂળ અથવા પાન લાવી પાણી સાથે પીવાથી ચાંદા મટે. | - | છોડ, ફૂલ સફેદ મોટા |
| ૧૧૭. | ૧) ખડકપાયર<br>૨) કારપાયર<br>૩) આંબુ પાયર | | | ઝાડા ઊલટીમાં | એક-દિવસમાં | જંગલમાં બારેમાસ | ત્રણે ઝાડના થડની છાલ લાવી કૂટી મિક્ષ કરી પચાસ સો ગ્રામ જેટલું પ્રવાહી પીવાથી આરામ થાય. | - | ત્રણે મોટાં ઝાડ. ખડકપાયરના પીપળા જેવાપાન. કાર અને આંબુપાયરનાં ઝીણાં પાન. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે | ઉપયોગી પધ્ધતિ અને માત્રા. | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૮. | નરખી | | | ઝાડા ઉલટી માં, કોલેરામાં | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | તેનાં મૂળ કે છાલ લાવી કૂટી અથવા ઘસીને પાવાથી ઝાડા ઉલટી બંધ થાય. | - | ખ રખી છોડ આવે છે. પાપરના પાન જેવાં ઝીણાં પાન. |
| ૧૧૯. | ચેવ્વા | જંગલી કેળ | મુસરે પિ- પિયેન્ટમ્ | તાવ પર મિયામાં | એક દિવસમાં | જંગલમાં ચોમાસા શિયાળામાં | જંગલી કેળનો ડોડો લાવી તે કૂટીને પીવાથી આરામ થાય. | - | જંગલી કેળ જંગલમાં થાય. તેના ફળ નાના અને બીવાળાં ખાઈ શકાય. શાક પણ થાય |
| ૧૨૦. | ૧) રગત- રોહીડો<br>૨) સીંગડ<br>૩) આંટી | રગત- રોહિડો<br><br>મરડા શિંગ | રેમ-સ- વાઈટીઆઈ<br><br>હેલિકટેરસ- ઈસારા | મરડામાં | એક દિવસમાં | જંગલમાં બારેમાસ | રગતરોહીડાની છાલ પલાળી થોડુ પ્રવાહી પાવું. પાતળા ઝાડા હોયતો સીંગડની શિંગ ઘસીકે કૂટીને પાવી. આંટીની શિંગ પણ કૂટીને પાવી. આ ત્રણે દવા અલગ અલગ પણ થઈ શકે છે. | - | રગતરોહીડોનું મોટું ઝાડ હોય.<br>સીંગડનું મોટું ઝાડ તેના પાનની બીડી બનાવી પીએ.<br>આંટીવેલ છે. તેની શિંગ મરડામાં ખાવા અપાય. |
| ૧૨૧. | પરસ | ખાખરો | બ્યુટિયા ફોડોઝા બ્યુટિયા- મોનોસ્પર્મા | કરમિયા (કૃતિ) | એકવાર પીવાથી | જંગલમાં વગડામાં ફાગણ- માસમાં | પરસના ફુલ લાવવી લસોટી કે પાણીમાં બોળી રાખી પચાસ ગ્રામ જેટલું પ્રવાહી પાવું. | - | પરસએ મોટું ઝાડ. પીળા ફુલ આવે. તેને કેશુડાં કહે. પાન મોટાં આવે. તે પતરાળાં બનાવવામાં વપરાય. |

| ક્રમ | ઓષધનું નામ: આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઓષધ કયારે અને કયાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨૨. | ૧) વડ | વડ | ફાઈકસ બેંગાલેસિસ | કરમિયા | એકવાર પીવાથી | જંગલમાં બારેમાસ ફૂલ રાખી મૂકવા પડે. | વડના મૂળ, સિંહોરના મૂળ તથા પારસના ફૂલ મીશ્રા કરી બે ચારટીપાં જ પાવા વધારે પાવાથી મોં વાટે કરમિયા બહાર નીકળી આવે છે. | - | વડ મોટું ઝાડ છે. સર્વત્ર થાય છે. પાન મોટાં. |
| | ૨) સિહોર | | | | | | | | સિહોર છોડ છે તેને પાન નથી આવતા કંદ જમીનમાં થાય. |
| | ૩) પારસ | પારસ (ખાખરો) | બ્યુટિયા, ફોડોઝા-બ્યુટિયા મોનોસ્પર્મા | | | | | | પારસનું મોટું ઝાડ હોય. |
| ૧૨૩. | ૧) કાઙ્ડોર | કાડોળી | સ્ટર્ક્યુલિ-યાયુરેન્સ | પેશાબની ગરમીમાં | તરતજ | જંગલમાં બારેમાસ | કાઙ્ડોરની છાલ, કાવીસાની છાલ, કરુદના મૂળ મીક્ષા કરી કૂટીને પાણી સાથે પીવું. | - | ત્રણે મોટા ઝાડ આવે છે. જંગલમાં બારેમાસ મળે. |
| | ૨) કાવીસો | | | | | | | | |
| | ૩) કરુદ | | | | | | | | |
| ૧૨૪. | કરાડાઈ | પીળો ધંતૂરો | - | દાજી ગયેલા ઉપર | સારુ થાય ત્યાં સુધી | ખેતર જંગલમાં બારેમાસ | પીળા ધંતૂરાના બી લાવી તવા ઉપર શેકી વાટીને દાજી ગયેલા ઉપર લગાડવા | - | પીળો ધંતૂરો કાંટાવાળો છોડ. પીળા ફૂલ આવે. તેના ફળમાં રાઈ જેવા કાળા દાણા થાય. |
| ૧૨૫. | જામૂળી | | | તાવ | એકબે દિવસમાં | જંગલમાં બારેમાસ | જામૂળીના મૂળ લાવી કૂટીને થોડાંક પાવાથી તાવ ઊતરે. | - | છોડ તેની સુગંધ કડવી. ભાજી જેવાં નાનાં પાન. આ બે જાતના છોડ આવે તેમાં કડવી જાત વાપરવી. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા. | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨૬. | નિચોસોટી | | | સાપના ઝેરમાં | તરતજ | જંગલમાં બારેમાસ | નિચોસોટીને લાવી કૂટીને તેનો રસ ૫૦ ગ્રામ જેટલો પાવાથી ઝેર ઉતરે. | - | વલે. પાન મોટા જંગલમાં બારેમાસ મળે. લાવી કૂટીને મુકી રાખવાથી ગઠ્ઠો બંધાઈ જાય. |
| ૧૨૭. | કિસ્બરી-ઝાડ | | | સાપનું ઝેર નચઢવા માટે. | તરતજ અસર કરે | જંગલમાં બારેમાસ | કિસ્બરાની ડાળી માથામાં ખોસવાથી સાપનું ઝેર ચઢતું નથી.(ઘરે પહોંચે ત્યાં સુધી ઝેર ચઢતું નથી) | - | મોટું ઝાડ આવે છે. પાન ગોળ અને મોટા |
| ૧૨૮. | હાડીયાનો આબો | | | સાપના ઝેરમાં | એકજ વાર પાવાથી તરતજ | જંગલમાં બારેમાસ | મૂળ લાવી ઘસીકે કૂટીને પાવાથી ઊલટી થઈ ઝેર બહાર નિકળી જાય. | | વેલ આવે છે તે ઝાડ ઉપર રહે છે. પાન ચાર આગળ જેટલાં મોટું. |
| ૧૨૯. | રાનકેળા | વગડાઉકેળ | મુસસે પિંથિ-ન્ટમ્ | તાવ | એક દિવસમાં | ઉનાળામાં જંગલમાં | તેના બી લાવી લસોટી પાવાથી તાવ ઉતરે છે. બી લસોટવાથી પાવડર બને છે. | ગર્મીના રોગમાં પણ ઉપયોગ થાય છે. | રાનકેળા એ જંગલમાં થતા કેળાની એક જાત છે. તેને નાના કેળાં લાગે. અંદર બી ઘણા હોય છે. જંગલમાં લોકો તેને ખાય છે. શાક પણ બનાવી ખાય છે. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૦. | ગાયકાંદ | | | ઘા ઉપર (ઝખમઉપર) | એક બે દિવસમાં | જંગલમાં ચોમાસે શિયાળે | કંદ કાઢી લાવી ઘા ઉપર ભરી દેવાથી ઘા રુજાય. | - | ગાયકાંદ છોડ કે ત્રણચાર પાંખવાળા પાન આવે છે. બેફૂટ ઊંચો થાય. જમીનમાં કંદ થાય છે. પાંદડામાંથીજ બીજો છોડ થાય છે. |
| ૧૩૧. | કુંવર | કુંવાર-પાઠું | એલોવેરા, એલોઈડિક | ગુંમડા ઉપર | બે દિવસમાં | જંગલમાં થતા અન્ય જગ્યાએ બારેમાસ | કુંવરના પાંદડામાંથી ચીક કાઢી ગુમડા ઉપર લગાડવાથી ગુમડું પાકી, ફાટી મટી જાય છે. | - | કુંવર છોડ છે જાડા પાન આવે છે. પાનજ તેનો છોડ છે. તેને કુંવરપાઠું પણ કહે છે. |
| ૧૩૨. | ૧) વાજકાંદ | | | ઝખમના પાકપર | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | વાજકંદ અને મહુડાની છાલ લસોટી ગરમ કરી પાક ઉપર લગાડવાથી ઝખમ મટે. | - | વાજકંદની વેલ હોય છે. જમીનમાં કંદ થાય છે. તે બહુ કડવા આવે છે. મહુડો મોટું ઝાડ છે. લગભગ દરેક જગ્યાએ થાય છે, |
| | ૨) મહુડાની છાલ | મહુડો | બેસિયા લેટીફોલિયા | | | | | | |
| ૧૩૩. | દેવકુરડું | | | પ્રદર રોગમાં | બે દિવસમાં | જંગલમાં પાણીવાળી જગ્યાએ બારેમાસ | દેવકુરડાની મૂળ લાવી સાફ કરી લસોટી પાણી સાથે આપવા. | - | લાલ ડાંડીવાળો છોડ, ત્રણ આંગળ જેટલા પાન આવે. માટલાની ભાજી જેવો છોડ હોય લાલડાંડી વાળાનોજ ઉપયોગ કરવો. |

| ક્રમ | ઔષધનું નામ |  |  | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
|  | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય |  |  |  |  |  |  |
| ૧૩૪. | ગારી |  |  | માથાના દુઃખાવામાં | બેવાર પીવાથી | જંગલમાં બારેમાસ | છાલ લાવી ઘસી કે લસોટી થોડી પીવાથી માથુ દુઃખતું મટે છે. | - | વેલ, પાન ગોળ. આવે છે. બારેમાસ મળે. |
| ૧૩૫. | સફેદફુલ | ધોળાફુલ વાળોછોડ |  | સફેદ પ્રદરમાં | ચારપાંચ ફુલપાવાથી | દરેક જગ્યાએ બારેમાસ | કોઈપણ ઝાડના સફેદ ફુલ લાવી લસોટી પાવાથી સફેદ પ્રદર મટે છે. ફુલછોડના પણ સફેદ ફુલ ચાલે. | - | કોઈપણ સફેદફુલવાળો છોડ યા ઝાડ ચાલે. |
| ૧૩૬. | બેહડો | બહેડા | ટરમિનેલિયા બેલેરિકા | આંખમાં ફુલ પડે તેમાં | એક અઠવાડિયામાં | જંગલમાં બારેમાસ | બેહડાની ડાળી લાવી ઉપરની છાલ કાઢી નાખી સફેદ ડાળીના ટુકડા કરી ગળે બાંધવાથી ફુલ ગળી જાય. | - | બેહડો મોટું ઝાડ આવે છે. મોટાગોળ પાન આવે છે. |
| ૧૩૭. | કોડી |  |  | " | " | " | કોડીના ઝાડની ડાળી છોલી સફેદ ટુકડા કરી બાંધવાથી પણ ફુલ ગળી જાય છે. | - | કોડી સફેદ થડવાળું ઝાડ.આવે છે. આંબાના પાન જેવાં લાંબા પાન. બારેમાસ જંગલમાં મળે છે. |

| ક્રમ | ઔષધનું નામ: આદિવાસી | ગુજરાતી | વનસ્પતિશાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૮. | ગુંદન | | | ગરમીમાં | બેચાર દિવસમાં | નદીના પાણીમાં બારેમાસ | તેનો મૂળ લાવી થોડા થોડા પાવાથી શરીરની ગર્મી દુર થાય છે. | - | છોડ બે ફુટ જેટલો, થાય છે, પાન ઝીણાં અને લાંબાં. |
| ૧૩૯. | ૧) પાચરમૂળ<br>૨) વડની છાલ | વડ | ફાઈકસ બેંગાલેન્સિસ | હાડકું ભાગે તેમાં | અઠવાડીયામાં | જંગલમાં બારેમાસ | હાથપગનું હાડકું ભાગી જાય તો તેને બેસાડી પાચરના ઝાડના મૂળ અને વડની છાલકે મૂળ મીક્ષ કરી ઘસી કે લસોટી પાટો બાંધવાથી હાડકું સંધાઈ જાય. | - | પાચર મોટું ઝાડ આવે છે. પાંદડાં આંબાના પાન જેવાં થોડાં નાનાં. વડ મોટું ઝાડ આવે છે. પાન ગોળ મોટો. |
| ૧૪૦. | લાગમાટી | લાગમાટી | | હાડકું ભાગે તેમાં | બેચાર દિવસમાં | મોટી ખીણમાં જ્યાં પાણી પડતું હોય ત્યાં બારેમાસ | ભાગેલ હાડકું બેસાડી લાગ માટી બનાડી પાટો બાંધવાથી હાડકું સંધાઈ જાય છે. | - | ઊંચેથી પાણી પડે ત્યાં નળી આકારની માટી જામી જાયેછ તેને લાગમાટી કહેવામાં આવે છે. કેટલાક થોડી ખાવા પણ આપે છે. સગર્ભા સ્ત્રીઓને ખાવા આપવી નહી. |
| ૧૪૧. | રાનકેળા | જંગલીકેળ | મુસસે- પિપિપેન્ટમ્ | કમળામાં | એકબે દિવસમાં | જંગલમાં શિયાળે ઉનાળે મળે | રાનકેળના બીનો પાવડર બનાવી પાવાથી કમળો મટે છે. | - | કેળ જેવો છોડ આવે છે. જંગલમાં થતો હોવાથી રાનકેળ કહેવાય છે. તેના કેળામાં બી ગણા હોય છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | | | | | | |
| ૧૪૨. | રાનકેળા | જંગલીકેળા | મુસસે-પિપિપે-ન્ટમ્ | મગજની અસ્થિરતામાં | એક બે દિવસમાં | જંગલમાં શિયાળે ઉનાળે મળે | રાનકેળાના બીજો પાવડર બનાવી એક બે ચમચી પાવાથી મગજની અસ્થિરતા દુર થાય છે. | - | વાદરા તેમજ આદિવાસીઓ તેના કેળા ખાવામાં ઉપયોગ કરે છે. તે કદમાં નાના હોય છે. |
| ૧૪૩. | દમપાન | . | . | દમ | બેત્રણ દિવસમાં | દરેક જગ્યાએ બગીચામાં જંગલમાં | દમપાન લાવી લસોટી અથવા એમજ ખાવાથી દમ મટે છે. | - | દમ વેલ આવે છે. બગીચામાં અને ઘરમાં પણ થઈ શકે. |
| ૧૪૪. | ૧) હળદર<br>૨) ખાંડ | હળદર<br>ખાંડ | કરકયુમા-લોંગા | લોહીની ખરાબીમાં | બેચાર દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ દુકાને મળે. | કોઈ કારણસર અથવા ઘા થવાથી લોહીની ખરાબી થઈ હોયતો સાંજ સવાર એક એક ચમચી હળદર અને ખાંડ ખવરાવવાથી લોહી શુધ્ધ થાય. | - | હળદરનો છોડ થાય તેની ખેતી કરવામાં આવે છે. કંદ જમીનમાં થાય છે તેને હળદર કહે છે. ખાંડ શેરડીના રસ માંથી બને છે. અત્યારે ખાંડનો ઉપયોગ બેસુમારવધી ગયો છે. |
| ૧૪૫. | ટેટુ | અરલુ | ઓરોક્ઝિ-સલમ્ ઈન્ડિકમ્ | સોઝામાં | બેચાર દિવસમાં | જંગલમાં બારેમાસ | ટેટુની પીળી છાલલાવી કુટીને ગરમ કરી અને તે પાણીનો શેક કરવાથી હાથપગના સોજા ઉતરે છે. | - | ટેટુ મોટું ઝાડ આવે સીંગ મોટી, પાન પણ મોટા. પપૈયા જેવા |

| ક્રમ | ઔષધનું નામ | | | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | | | | | | |
| ૧૪૬. | રોઈ | આકડો | જાઈ ગેંટયા | સાંધના દુઃખાવામાં | બે દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | રોઈનો ચીક(દૂધ) લાવી સાંધા ઉપર માલીસ કરવાથી મટે છે. | - | આકડો છોડ છે પાન ગોળ મોટા. ફૂલ સફે |
| ૧૪૭. | સીરી | | | સ્તનમાં દૂધ આવવા માટે | એક દિવસમાં | જંગલમાં ચોમાસા શિયાળામાં | સીરીના મૂળ લાવી લસોટી ખોરાક સાથે અથવા એમજ ખાવાથી સ્ત્રીના સ્તનમાં દૂધ ન આવતું હોયતો આવે. | - | વેલ છે, આકડાના પાન જેવા મોટાપાન તેને પણ તોડતા દૂધ નીકળે. |
| ૧૪૮. | સાવર | | | " | " | જંગલમાં બારેમાસ | સાવરના મૂળીયા લાવી લસોટી પાવાથી સ્ત્રીના સ્તનમાં દૂધ ન આવતું હોયતો આવે. એક વર્ષના સાવરના મૂળ ઉપયોગમાં લેવા. | - | |
| ૧૪૯. | લીમડો | લીમડો | એઝા ડિરેક્ટા ઈન્ડિકા | તાવમાં | એકબે વાર પાવાથી | દરેક જગ્યાએ બારેમાસ | લીમડાની છાલ લસોટી પાવાથી તાવ ઉતરે. | - | લીમડો મોટું ઝાડ. લગભગ સર્વત્ર થાય. સ્વાદે કડવો. |
| ૧૫૦. | ચિત્રોક | ચિત્રક (ચિત્રો) | પ્લંબેગો ઝિલેનિકા | ખરજ | આઠ દિવસમાં | જંગલમાં બારેમાસ | ચિત્રોકના સફેદ ફૂલની ભાજી ખાવાથી ખરજ મટે. | - | ચિત્રોક છોડ છે સફેદ ફૂલ પાન નાના. બારેમાસ રહે. |

| ક્રમ | ઔષધનું નામ: આદિવાસી | ઔષધનું નામ: ગુજરાતી | ઔષધનું નામ: વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૧. | ૧) ડુંબીયા<br>૨) ઉપરછાડી<br>૩) હાડખડા | | | ઝાડામાં | તરતજ એકવાર પાવાથી | જંગલમાં બારેમાસ | ત્રણેછોડનાં મૂળ લાવી કૂટીને પાવાથી ઝાડા મટે. આ છોડ બાઓ-માંથી જે મળે તેનો પણ ઉપયોગ થઈ શકે. | શરીર દુઃખે તેમાં હાડખડા કૂટીને લેપ કરવાથી દુઃખતુ મટે. | ડુંબીયા ત્રણ પાન વાળો છો. ઉપરછાડી વેલ છે જંગલમાં થાય છે. હાડખડાં છોડ છે. |
| ૧૫૨. | સેગુડ | | | પેટનાં દર્દો માં | એકબે વાર પાવાથી | જંગલમાં બારેમાસ | સેગુડની છાલ યા મૂળ લાવી કૂટીને થોડા થોડા પાવા | - | સેગુડ મોટું ઝાડ આવે છે. ગાઢ જંગલ માં જ થાય. ઝાડ પર જીવજંતુ જાય તો પણ મરી જાય છે. |
| ૧૫૩. | ૧) મેંડવલ<br>૨) કાહ્ડોર | કાકડ | ગેરેયા-પિન્નેટા | કંઠમાળ | ચાર દિવસમાં | જંગલમાં બારેમાસ | મેંડવલની છાલ અને કોહ્ડોરની છાલ તવા ઉપર બાળી કોપરેલ તેલમાં ઠાલવી ચોપડ-વાથી કંઠમાળ મટે. | - | મેંડવેલ વોઠ છે. ચાર આંગળ જેટલાં લાંબા પાન.<br>કોહ્ડોર મોટું ઝાડ થડ સફેદ. |
| ૧૫૪. | પોવાડા | કુંવાડિયો | કેશ્યા-ટોરા | તાવમાં | એક બે વાર ચોપડ-વાથી | ચોમાસામાં ભેજવાળી જમીનમાં બારેમાસ | તેનાં પાન લાવી મસળી શરીરે ચોપડવાથી તાવ મટે. | - | કુંવાડિયો છોડ છે ચોમાસામાં ઠેર ઠેર ઉગી નીકળે છે.ગરીબ લોકો તેના બીજની ભાજી બનાવી ખાય છે. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૫. | ૧) ટેટુ<br>૨) કડી | અરલુ | ઓરોક્સિલમ ઈન્ડિકમ્ | સોઝા ઉપર | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | ટેટુની છાલ અથવા મૂળ અને કડીના પાન અથવા છાલ ઘસીને ચોપડવાથી સોઝા મટે. ઘસવાથી ફીણ ઉત્પન્ન થાય તે ચોપડવું | - | ટેટુ સાધારણ ઝાડ છે મોટી શિંગો આવે છે.<br>કડી મોટું ઝાડ છે પાન નાના. |
| ૧૫૬. | હલદુખાપરી | | | ઉધરસ | એક બે દિવસમાં | જંગલમાં. ચોમાસામાં | હલદુખાપરીના પાન ખાવાથી ઉધરસ મટે. સ્વાદે તીખાં. | - | વેલ આવે છે. પાન નાના આવે છે. |
| ૧૫૭. | ૧) મોટાકોડા<br>૨) દૂધ કોના<br>૩) શિંગડપાન<br>૪) હળદુન<br>૫) મહુળ | | | દમ | એક બે દિવસમાં (દમ તરતજ શાન્ત પડે છે) | જંગલમાં બારેમાસ ક્યારેક પાન ન મળે. | પાંચે ઝાડના દોઢપાન લેવાનો તેને લસોટી એક વાસણમાં એક કલાક ઉકાળી તે પાણી દમના દર્દીને પાવું. | - | પાંચે મોટા ઝાડ છે. જંગલમાં મળે છે. પાન-ખર ઋતુમાં પાન ન મળે. |
| ૧૫૮. | હળેકાંદ | | | માથાના દુઃખાવામાં | એક બે વાર લગાડવાથી | જંગલમાં બારેમાસ | હળોકાદ નો કંદ લાવી ઘસી અથવા લસોટી કપાળે ચોપડવાથી માથુ દુઃખતું મટે છે. | - | હળોકાદ વેલ છે તે હાલ પ્રમાણે કંદ આવતો હોવાથી તેનું નામ હળોકાદ પડ્યું છે. જમીનમાં કંદ બારેમાસ મળે છે. |
| ૧૫૯. | વાઘકેવડા | | | વાઘ પકડેને ઘા પડે તેમાં | આઠવાડીયામાં | જંગલમાં બારેમાસ | વાઘ કેવડાનો કંદ લસોટી ઘામાં ભરવાથી ઘા રુજાઈ જાય છે. | - | નાની વેલ આવે છે. જમીનમાં કંદ થાય છે. |

| ક્રમ | ઔષધિનું નામ: આદિવાસી | ગુજરાતી | વનસ્પતિશાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે. | ઉપયોગી પદ્ધતિ અને માત્રા. | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬૦. | એકેટા | | | સાપના ઝેરમાં | તરતજ | ચોમાસામાં જંગલમાં જોયેલ હોય તો બારેમાસ | એકેટાનો કંદ લાવી લસોટી પાઈ દેવાથી ઝેર ઉતરી જાય. | - | જમીન પર પથરાયેલ વેલ છે. પાન સામ સામે રહે. |
| ૧૬૧. | ગોરી કોહડોર | | | સાપના વિષમાં | તરતજ | જંગલમાં બારેમાસ | ગોરી કોહડોરનાં મૂળ લાવી ઘસી કે લસોટી પાણી સાથે પાવાથી ઉલટી થઈ ઝેર નીકળી જાય છે. | - | વેલ ઝાડ ઉપર ચઢેલી હોય છે.. ચાર આંગળ જેટલાં પાન આવે છે. પાન કડવાં હોયછે. |
| ૧૬૨૨ | ગાળના મૂળ | | | આંખમાં ફૂલ પડે તમાં | અઠવાડીયામાં | જંગલમાં બારેમાસ | તેના મૂળ લાવી ગળામાં બાંધવાથી આંખનું ફૂલ ગળી જાય છે. | - | ગોળ કાંટાવાળું ઝાડ છે. પાન ગોળ. ફળ પણ ગોળ. ફળ ખાઈ શકાતાં નથી. |
| ૧૬૩. | ૧) કાહડોળ<br>૨) ટેન્ડુન | કાકડ | ગેરુઆ-પિન્નેટા | આંખમાંથી ફૂલ જવા | અઠવાડીયામાં | જંગલમાં બારેમાસ | બન્નેની ડાળી લાવી ઉપરની છાલ કાઢી લઈ નાના ટૂકડા કરી બાંધવાથી આંખનું ફૂલ ગળી જાય. | - | બન્નેમોટાં ઝાડ. |

| ક્રમ | ઔષધનું નામ |  |  | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઇ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
|  | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય |  |  |  |  |  |  |
| ૧૬૪. | સાલય |  |  | પેટના દુઃખાવામાં માસિક દુઃખે તેમાં | અંદર દિવસમાં | મોટા જંગલમાં બારેમાસ | સાલયની છાલ લાવી ઝીણી લસોટી થોડી થોડી દરરોજ પીવા આપવી. | સાલય હઠીલા દર્દમાં અપાય છે. | સાલય મોટું ઝાડ આવે છે. મહુડાના ઝાડના પાન જેવા પાન આવે. અમુક મોટા જંગલમાં જ થાય છે. |
| ૧૬૫. | આવર | આમળા | ફિલેથસ એમ્બ્લીક | બાળકો ધાવે નહી, પેટ દુઃખે તેમાં | તરતજ એક બે દિવસ દવા આપવી. | જંગલમાં. ચોમાસમાં | આવરના ફળ લસોટી પાણી સાથે એક બે ચમચી આપવી. | - | આવર મોટું ઝાડ આવે છે. પાન નાના આંબલી જેવા આવે છે ફળ શ્રાવણ માસમાં આવે છે. ગોળ હોય છે. તેનું અથાણું પણ બનાવે છે. |
| ૧૬૬. | બેલ | બીલી | ઈગલ માર્મેલોસ | ઝાડા, મરડામાં | એક દિવસમાં | શિયાળામાં દરેક જગ્યાએ | બીલીના ફળ લાવી તેના અંદરનો ગળ ખાવાથી ઝાડા અથવા મરડો મટે છે. | - | બીલી મોટું ઝાડ, ત્રણ પાંખવાળા પાન. પાન, ફળ ગોળ મોટા. |
| ૧૬૭. | કરંજ | કણઝી (કરંજ) | પોન્ગેમિયા ગ્લેબા | ગુમડા ઉપર | અઠવાડિયામાં | ચોમાસામાં જંગલમાં | કરંજના થડમાંથી લાલ કાદો નીકળે. તે લાવી ઘસી ગુંમડા ઉપર લગાડવાથી ગમે તેવું ગુંમડું પાકીને મટે. દરરોજ જખમ સાફ કરી કાદો લગાડવો. | - | કરંજ મોટું ઝાડ આવે તેના થડમાં કાદો થાય છે તેનો ઉપયોગ કરવો. |

| ક્રમ | ઔષધનું નામ: આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬૭.. | હરિયાકંદ | | | કંઠમાળ | આઠથી ૧૫ દિવસમાં | જંગલમાં બારેમાસ | હરિયાકંદ લાવી ઘસી કે લસોટી કંઠમાળ ઉપર લગાડવાથી દસથી પંદર દિવસમાં કંઠમાળ મટે છે. | - | હરિયાકંદ વેલ છે. જમીનમાં લાઈન સર ગાંઠો હોય છે. ઉનાળામાં પાન ખરી પડે છે. કંદ જમીનમાં હોય છે. |
| ૧૬૮. | ૧) ચોવકાંદ | જંગલીકેળ | મુસસેપિપિ-પેન્ટમ્ | ક્ષય | દસ પંદર દિવસમાં | જંગલમાં ઋતુ પ્રમાણે ફળ મળે. | ચોવકાંદનો ડાંડો કાપવાથી પાણી નીકળે તે અને આમળાનો ભૂકો મીક્ષ કરી દર્દીને આપવાથી ક્ષય મટે છે. | - | ચોવકાંદ એ જંગલી કેળનો ડાંડો જંગલમાં થાય છે. આમળા મોટું ઝાડ આવે છે. પાન આંબલી જેવા. ફળગોળ. |
| | ૨) આવળા | આમળા | ફિલેથસ એબ્લીક | | | | | | |
| ૧૭૦. | – સીંગડ | | | ઘાનું લોહી બંધ કરવા માટે | તરતજ લોહી બંધ થાય છે. આઠ દિવસમાં ઘા રુજાય છે. | જંગલમાં બારેમાસ | ઘા પડે કે તરતજ સિંગડના પાન લાવી ચાવી કે કૂટીને ઘામાં ભરી દેવાથી લોહી વહેતું અટકે છે. અને ઘા રુજાય છે. | - | સિંગડ નાનું ઝાડ આવે છે. તેના પાનની બીડી પણ બનાવી પીવે છે. |
| ૧૭૧. | ચીચનીબી | કચુકો (આમલી) | ટેમેરીંડસ ઈન્ડિકા | વિંછીના ડંખ ઉપર | તરતજ | દરેક જગ્યાએ બારેમાસ | વિછીના ડંખની જગ્યાએ આમલીનો કચુકો ઘસીને ચોપડવો. તેના પાન પણ ચાવી ખાવાથી ઝેર ચઢતું નથી. | - | આમલી મોટું ઝાડ. પાન ઝીણા, તેના કાતરામાંથી તેના કાળા બી નીકળે છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યા મળે | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઇ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | | | | | | |
| ૧૭૨. | પથ્થરફોડ | પાષાણભેદ | કોલિયસ એરોમેટિક્મ્ | દાઢદુઃખે તેમાં | એકવાર દવા લગાડવાથી | જંગલમાં બારેમાસ | પથ્થરફોડના પાન મસળી તેનો રસ કાનમાં નાખવો તથા તેના કુચા દાઢમાં દાબવાથી દાઢ દુઃખતી મટે છે. | - | નાનો છોડ આવે છે. જંગલમાં થાય. |
| ૧૭૩. | ભાંગ | ગાંજો | કેનાબિસ ઈંડિકા | કાન દુઃખે તેમાં | એક બેવાર દવા કરવાથી | ખેતર અથવા દુકાને મળે. | ભાંગના પાન મસળી તે કાનમાં નાખવાથી તરતજ આરામ થાય. | - | ભાગ છોડ ત્રણ હાથ પર્યંત ઊંચો વધે. એના પાંદડા ભીંડીના પાંદડી જેવાં, ભાગ પીવાથી નશો ચઢે છે. |
| ૧૭૪. | સેગુ | | | ખાંસી | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | સેગુના મૂળ લાવી ચાવવાથી ખાંસી મટે છે. | - | સેગુ મોટું ઝાડ પાન નાની, સીંગો લાંબી. |
| ૧૭૫. | દમપાન | | | દમ | શ્વાસ તરતજ બંધ થાય છે. અઠવાડીયામાં મટે | બગીચામાં રોપી શકાય | દમપાનનું દોઢ પાન ચાવી જવાથી તરતજ શ્વાસ હેઠો બેસી જાય. | - | છોડ આવે છે તેના પાનમાંથીજ છોડ તૈયાર થાય. |
| ૧૭૬. | તીવરા | | | આંખમાં ફૂલ પડે તેમાં | ચાર દિવસમાં | જંગલમાં બારેમાસ | તીવરાની ડાળખી લાવી ઉપરની છાલ કાઢી નાખી તેના ટૂકડા કરી સુતરના દોરાથી કાને બાંધવાથી ફૂલ ગળી જાય છે. | - | તીવરા છોડ આવે છે. પીળા અને લાલરંગના ફૂલ આવે છે. બપોરે ફૂલ ખીલે સાંજે ખરી પડે. |

| ક્રમ | ઔષધનું નામ |  |  | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
|  | આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય |  |  |  |  |  |  |
| ૧૭૭ | ભોત | ભૂતાક-શીશી | ઈલીઓડે-ન્ડ્રોન ગ્લોકમ | આદાશીશી | તરતજ | જંગલમાં બારેમાસ | ભોત ઝાડની છાલ કાને બાંધવાથી આધાશીશી તરતજ મટી જાય. | - | ભોત મોટું ઝાડ આવે પીપળાના પાન જેવા પાન. |
| ૧૭૮. | ૧) કોડધરી<br>૨) પાકી(પાલી)<br>૩) કોરદરી |  |  | પેટના દુઃખાવામાં | બે ત્રણ ટાઈમ પાવાથી | જંગલમાં બારેમાસ | ત્રણેની છાલ મીક્ષ કરી લસોટી અડધા કપ જેટલી બેત્રણ ટાઈમ આપવાથી પેટનો દુઃખાવો મટે. | - | કોડધરી વેલ છે. પાન હથેળી જેટલા મોટા.<br>પાલી મોટું ઝાડ. પાન ઝીણાં.<br>કોરદરી વેલ છે. પાન મોટા. |
| ૧૭૯. | ૧) બોન્ડાર-નાપાન<br>૨) કડુંકાંદના પાન<br>૩) ઈરગીના પાન<br>૪) વીરસોટી નાપાન |  |  | હાથ પગનું હાડકું ભાગે તેમાં | ચારથી આઠ દિવસમાં | જંગના જંગલમાં બારેમાસ | ચારેના પાન લાવી કૂટી ને ભાગેલું હાડકું બેસાડી પાટો બાંધવાથી હાડકું સંધાઈ જાય છે. | - | બોન્ડાર મોટું ઝાડ છે. પાન મોટા.<br>-કડું કાંદ વેલ છે.<br>-ઈરગી છોડને પાન ત્રણ પાંખવાળા લાંબા આવે છે.<br>- વીરસોટી સોટી જેવો છોડ છે. પાન આંબલી જેવા નાનાં. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૦. | બેર | બેર | એકસિઆ-કેટેચ્યુ | વિંછીના ઝેરમાં | તરતજ | જંગલમાં બારેમાસ | બેરના પાન લાવી લસોટી ડંખ ઉપર બાંધી દેવાથી વિંછીનું ઝેર ઉતરે. | - | બેર મોટું ઝાડ. પાન ઝીણા.ડાળીએ કાંટા.બેરની છાલ માંથી કાથો બને. |
| ૯૧. | ૧) નાંદેલ<br>૨)આસોડ | | | સાપના ઝેરમાં | તરતજ | જંગલમાં બારેમાસ | બન્નેના મૂળ લાવી પચાસ ગ્રામ જેટલા ઘસી અથવા કૂટીને પાવા. | - | બન્ને વેલ છે.પાન મોટા. |
| ૯૨. | કરકાંગન | | | કાન દુઃખે તેમાં | એક બે ટાઈમ નાખવાથી | ડાંગના જંગલમાં બારેમાસ | વેલના પાન મસળી તેનો રસ એક બે ટીપાં કાન દુઃખેતા કાનમાં નાખવા. | - | કરકાંગન મોટી વેલ છે બારેમાસ મળે. |
| ૯૩. | ઊભી-રિંગણી | ઊભી - ભોરીંગણી | સોલેનમ-ઈંડિકમ્ | આંખનું ફૂલ દુર કરવા | બે ત્રણ દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ. | તેના ફળનો રસ એક બે ટીપા આંખમાં નાખવાથી આંખનું ફૂલ દુર થાય છે. સુકુફળ હોયતો પાણીમાં પલાળી નાખવું. | - | ઊભી રિંગણી કાંટાવાળી આવે. ફળ ગોળ આવે. પાકે ત્યારે ફળ પીળાં હોય છે. |
| ૯૪. | રગતરો-હોડો | રગતરો-હિડો | રેમનસ-વાઈટી-આઈ | મરડામાં અથવા ઝાડામાં લોહી પડતું હોય ત્યારે | એક બે વાર પાવાથી | મોટા જંગલમાં બારેમાસ | રગતરોહોડાની છાલ પલાળી અથવા ઉકાળી સો ગ્રામ જેટલું પ્રવાહી પાવાથી લોહીનો ઝાડો મટે છે. | - | રગતરોહોડો મોટું ઝાડ આવે. એના પાંદડાં ગુંદીના પાંદડા જેવા હોય છે. મરીથી મોટા ગોળ અને રાત ફળ આવે છે. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૫. | મોરવેલ | મોરવેલ | ક્લિમેટી-સ દ્રાઈ-લોલા | પેટના દુઃખાવામાં | એક બે વાર પાવાથી | જંગલમાં ચોમાસામાં શિયાળામાં | તેના પાન લાવી બે ત્રણ ટાઈમ ઉકાળીને પાવાં. પચાસ ગ્રામ જેટલા. | - | વેલ છે ચોમાસામાં થાય છે. પાન પાતળા તથા લાંબા. |
| ૯૬. | મરચીકંદ | વગડાઈ મરચીવેલ | - | પેટના દુઃખાવામાં અપચામાં | તરતજ બે ત્રણવાર થોડું થોડું પાવું. | મહારાષ્ટ્ર માંથી આવે ગાધીને ત્યાં મળે. | કંદનો થોડોક ભાગ પાવો અથવા વાટી થોડીક ફાકી કરવી. પ્રમાણ બહુ ઓછું રાખવું. પાવાથી ઉલટી થાય છે. | સર્પ દંશમાં પણ કામ આવે. | વેલ આવે. જમીનમાં કંદ થાય. સફેદ ડાંડાવાળો વેલો થાય. લાલ નાના મરચાં લાગે. |
| ૯૭ | પાડળ | - | - | માથુ દુઃખે તેમાં આદાશીશી | તરતજ | જંગલમાં ઉનાળામાં શિંગ મળે. | પાડળની શિંગમાંથી બી કાઢી કાને બાંધવાથી તરતજ માથુ દુઃખતું મટેછે. | - | મોટું ઝાડ આવે. પાન સાદડાના પાન જેવાં મોટો. ગોળ લાંબી શિંગ ફૂલ સફેદ. |
| ૯૮. | કરકાંગવેલ | - | - | સાંધાના દુઃખાવામાં | બે દિવસ માં | જંગલમાં શિયાળામાં | કરકાંગવેલના ફળનું તેલ કાઢી તે તેલ લગાડવાથી સાંધાનો દુઃખાવો મટે. | પેટના દુઃખાવામાં પણ કામ આવે. | હાથ જેવી જાડી વેલ. ફળ લાલ. શિયાળામાંજ ફળ મળે. |
| ૯૯. | તાડ | તાડ | બોરેસસ ફ્લેબેલીફર | " | બે ત્રણ દિવસમાં | જંગલમાં શિયાળામાં ફળ મળે. | તાડનું ફળ પકવીને ચોપડવાથી સાંધાનો દુઃખાવો મટે. | - | તાડ ઊંચું ઝાડ થાય છે. પાન મોટા, તેના ફળને તાડફળી કહે. તાડના ઝાડમાંથી તાડી મળે. |

| ક્રમ | ઔષધનું નામ<br>આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૦. | ગુરઠીયા | - | - | દાઝી ગયેલા ઉપર | બે ત્રણ દિવસમાં આરામ થાય. | જંગલમાં ચોમાસા શિયાળામાં | પાન લઈ મસળી રસ કાઢી દાઝી ગયેલ ભાગ ઉપર લગાડવો. | - | ચોમાસામાં આ છોડ થાય છે. ઝીણા પાન આવે. |
| ૧૯૧. | નાળિયેરના કાચલાનું તેલ | નાળિયેર | કોકોસ-ન્યુસિફેરા | ખસ ખુજલીમાં | એક બે દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | નાળિયેરના સુકા કાચલાનું તેલ કાઢી ખસ ઉપર લગાડવાથી મટે છે. તેને બાળીને તેલ કાઢવું. | ગમે તેવી ખુજલી મટે છે. | નાળિયેર મોટું ઊંચું ઝાડ આવે છે. ખજુરીના પાન જેવા પાન આવે. દરિયા કિનારે વધુ થાય. |
| ૧૯૨. | હળિયાકાંદ | - | - | ગુમડા ઉપર | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | હળિયાકાંદ લાવી ઘસીને ગુમડા ઉપર લગાડવાથી ગુમડું ફાટીને મટી જાય. | - | હળિયાકાંદ છોડ છે. જમીનમાં કંદ થાય. તેનો ઉપયોગ કરવો. પાન ખજૂરીના પાન જેવા. |
| ૧૯૩. | ૧) જળશિંગ<br>૨) ઘંટીના પથ્થરનો કાંકરો. | સાબરશિંગ<br>ઘંટીના પડનો ટૂકડો(પથ્થર) | - | આંખની છારી અથવા ફૂલ ઉપર | બે ત્રણ દિવસમાં | જંગલમાં શિંગડું મળે વેચાતું પણ મળે. | સાબરશિંગનો ટૂકડો સાથે દળવાનો ઘંટીનો કાંકરો કાને બાંધવાથી આંખનું ફૂલ દૂર થાય. | પશુની આંખમાં પણ ઉપયોગી | સાબર પ્રાણી છે. તે જંગલમાં રહે છે. તેના શિંગડા બહુ મોટા આવે તે આપો આપ ક્યારેક ખરી પડે. |

| ક્રમ | ઔષધનું નામ: આદિવાસી | ગુજરાતી | વનસ્પતિ-શાસ્ત્રીય | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ કયારે અને કયાં મળે. | ઉપયોગી પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૪. | હ્લુન ખાપરી | - | - | આંખના ફૂલમાં | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | તેના મૂળ લાવી સાફ કરી આંખનાં તેનો રસ પાડવાથી મટે. | ઢોરને પણ કામ લાગે. | |
| ૧૯૫. | મીરચીકાંદ | વગડાઉ-મરચીવેલ | - | ઝાડા, ઉલટી | તરતજ | જંગલમાં અથવા વેચાતો. | મીરચીકાંદને ઘસીને થોડાક પાવાથી ઝાડા ઉલટી મટે. | - | છોડ છે નાના મરચા આવે. કેટલાક જંગલમાં થાય. |
| ૧૯૬. | ૧) ઉદાળાના મૂળ<br>૨) ઈચનના પાન<br>૩) બાંડારના પાન<br>૪) દીગડીના મૂળ | - | - | હાથ પગનું હાડકું ભાંગે તેમાં | આઠ દિવસમાં | ડાંગના જંગલમાં બારેમાસ. | ઉદાળા અને દીગડના મૂળ ઈચન અને બાંડારનો પાન મીક્ષ કરી લસોટી ભાગેલ હાડકું બેસાડી હળદર ચોળી બાંધવાથી ભાગેલ હાડકું સંધાય છે. | - | ઉદળા અને બાંડાર મોટા ઝાડ આવે છે. ઈચન છોડ છે ખેરના પાન જેવા પાન આવે છે દીગડી વેલ છે. કાંટા વાળી આવે તેની ભાજી પણ બનાવી ખાય છે. |
| ૧૯૭. | ખુરખુટા | ખાટખટુંબા | લાઈટિસ કાર્નોસા. | કોઈપણ પ્રકારના ઝેર માં | તરતજ | જંગલમાં ચોમાસા શિયાળામાં | તેના કંદ લાવી ઘસીને પાવાથી ઝેર ઉતરે. | - | એક ડાંડાવાળો છોડ. તેને ગુગરી આવે છે. જમીનમાં કંદ થાય છે. |
| ૧૯૮. | ૧) વાઘાટ<br>૨) સાગ | સાગ | ટિક્ટોના ગ્રેન્ડિસ | વાઘ ઘરમાં | - | જંગલમાં બારેમાસ. | વાઘાટ અને સાગના ઝાડના બે ટૂકડા લઈ બારણાની બન્ને બાજુ લગાડવાથી વાઘ ઘરમાં દાખલ થતો નથી તેવી માન્યતા છે. | - | વાઘાટ, સાગ બન્ને મોટા ઝાડ છે. ભૂવા ઓ વિધિ કરી બારણે લગાડે છે. |

તા. ૧૬, ૧૭ માર્ચ ૧૯૮૧ના દિવસે યોજાયેલ ડાંગી ભગતોની આયુર્વેદીક વનસ્પતિ શિબિરમાં ભગતોએ વનસ્પતિના બનાવેલાં ઉપયોગો આ શિબિરમાં ડાંગના બાવીસ ગામના ભગતોએ ભાગ લીધો હતો તેનું આયોજન આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના સૌજન્યથી ઔષધિય વનસ્પતિ એકત્રિકરણ કેન્દ્ર આહવા-ડાંગ દ્વારા કરવામાં આવ્યુ હતું. જેમાં રજુ થયેલ વનઔષધિની વિગતો નીચે પ્રમાણે હતી.

(૧) <u>હડકાયા કુતરાના વિષ ઉપર</u> :

પાપડાની છાલ, બીલીની છાલ, અને ખેરના કાંટાનો ક્વાથ કરવો અને પીવડાવવો તેમજ માથા, આંખ અને છાતી ઉપર લગાડવો જેથી હડકાયા કુતરાનું ઝેર ઉતરે છે.

(૨) <u>વાળા ઉપર</u> :

કાચા વાંસનું અથાણું ખવડાવવાથી વાળો મટી જાય છે.

(૩) <u>મેદ ઉતારવા માટે</u> :

સાગની છાલનો ક્વાથ પાવો.

(૪) <u>શરીરના કોઈપણ દુઃખાવા ઉપર</u> :

પૃશ્નિપર્ણી જેનું ડાંગી નામ (ન્યાયુડ) નો ક્વાથ કરીને પાવો તેમજ દુઃખાવાવાળી જગ્યાએ લેપ કરવો.

(૫) <u>આંખના રોગોમાં</u> :

નિર્ગુડીના પાનનો રસ કાઢી સ્વચ્છ કરી આંખમાં ફક્ત બે ટીપાં નાખવા.

(૬) <u>ખરજવામાં</u> :

દારૂડીના બીજનો લેપ કરવો.

(૭) <u>અતિસાર ઉપર</u> :

તાન ઝાડનો ઉકાળો કરી પાવાથી ઝાડા મટી જાય છે.

(૮) <u>પેટના દુઃખાવામાં અને આંતરડા ઉપર ગાઠ હોયતો</u> :

મોરવેલ (ડાગીનામ/આપાનવાળી) ના મૂળનો રસ પાવો અથવા ઉકાળો કરીને પાવો.

(૯) <u>રતવામાં</u> :

અર્જુનછાલ, પોરસની છાલ અને સીમળાની છાલનો ઉકાળો કરીને પાવાથી રતવા મટે છે.

(૧૦) <u>દમ ઉપર</u> :

ધામોલવેલ (ડાગીનામ) અને કેટકારી ભેગી કરી ઉકાળો કરીને પીવડાવવાથી દમ મટી જાય છે.

(૧૧) <u>સ્વપ્નદોષ અને પેશાબમાં વીર્યજતુ હોયતો</u> :

• પોરસવેલ (ડાગીનામ) ના મૂળ તથા દૂધ તથા ચુનો અને ખોડ ભેગી કરી પીવડાવવા.

(૧૨) <u>પેશાબમાં લોહી જતું હોયતો</u> :

કુરડુના ફૂલ (ડાગીનામ) અને ગુલાબના ફૂલની ગોળી બનાવી સવાર, બપોર અને સાંજ ત્રણ ટાઈમ ખવડાવવી.

(૧૩) <u>કમળા ઉપર</u> :

ગરમાળાની છાલ અને જંગલી ભીંડી ના મૂળ બંનેનો ઉકાળો કરીને પીવડાવવો.

(૧૪) <u>પેટના દુઃખાવા ઉપર</u> :

કરંજના કુમળા પાનનો રસ સવારે ભૂખ્યા પેટે તેલ સાથે પાવાથી ચાર દિવસમાં સંપૂર્ણ મટી જાય છે.

(૧૫) <u>લકવા ઉપર</u> :

તરસ જે જંગલી પ્રાણી છે. તે પ્રાણીની ચરબી લકવાવાળી જગ્યાએ ચોપડવાથી લકવો મટે છે.

(૧૫) <u>દાઢના દુઃખાવામાં</u> :

કંટકારીના બીજની ધુમાડી આપવી.

(૧૬) <u>કોલેરા ઉપર</u> :

રગત રોહિડાની છાલ તથા તાનનાં મૂળ તથા વાલવણના મૂળનો ક્વાથ કરી પાવાથી કોલેરા મટે છે.

(૧૭) <u>ખરજવા ઉપર</u> :

મોરવેલ (ડાંગીનામ બાપાનબળી) નો બકરીના દૂધમાં બનાવીને ચોપડવાથી ગમે તેવું ખરજવું મટી જાય છે.

(૧૯) <u>રક્ત પરદ ઉપર</u> :

બોડાર (ડાંગીનામ) અને હરદૂનની છાલનો ક્વાથ પીવડાવવો.

(૨૦) <u>મધુ પ્રેમહમાં</u> :

હરદૂનના કુમળા કોંડનો ક્વાથ પીવડાવવો.

(૨૧) <u>નાના બાળકોના ઝાડા ઉલટી ઉપર</u> :

જંગલી ભીંડીના મૂળ વાટીને થોડો રસ પીવડાવવો.

(૨૨) <u>પેટની દુ:ખાવામાં તેમજ પેટમાં બળતરા થતી હોયતો</u> :

સાદડાની છાલ તેમજ તણસની છાલ ભેગી કરી ક્વાથ કરીને પીવડાવવો.

(૨૩) <u>અતિસાર ઉપર</u> :

બાફળીના મૂળ તેમજ જંગલી કેળના બીજ બંને ભેગા કરીને ક્વાથ કરીને પીવડાવવો.

(૨૪) <u>પેશાબના રોગોમાં</u> :

ટેટુની છાલ, નીલસોટી અને જંગલી કેળના મૂળ તથા લાલ ભીંડીના મૂળનો ઉકાળો કરીને પીવડાવવો.

(૨૫) <u>ઝાડા-ઓરીનો ઉપચાર</u> :

કરમદાના મૂળ અને વાગારના મૂળનો ક્વાથ કરીને ત્રણ દિવસ પીવડાવવો.

(૨૬) <u>કંઠમાળ ઉપર</u> :

હરિયાકંદનો ક્વાથ પીવડાવવો તેમજ પાણીમાં ઘસીને લેપ કરવો.

(૨૭) તાવમાં :

જૂ મૂળીનું મૂળ પાણીમાં પલારીને તે પાણી પાવું અથવા ઉકાળો પાવો.

(૨૮) શરીરની ગરમી ઉપર :

વાંઝણી કંટોલાના બીજ પીવડાવવા.

(૨૯) ખરજવા ઉપર :

તણસનું તેમજ શીસમનું લાકડુ લઈને તેના ટુકડા કરી તેમાં સરસવનું તેલ નાખીને સૂર્યના તાપમાં આઠ દિવસ મુકી રાખવું ત્યારપછી અર્ધ પાવન યંત્રથી તેલ કાઢીને તે ખરજવા ઉપર ચોપડવું.

(૩૦) કુતરું કરડે તેમાં :

પોસ્સ, દંતી અને કાળીગા ભેગા કરીને લેપ કરવો.

(૩૧) મોઢામાં રોગોમાં :

હુંગ, બહેડા અને ભોડાનો ઉકાળો કરીને કોગળા કરાવવા.

(૩૨) વીછી કરડે તેના ઉપર :

ડીગી અને તાનના ડોડા ભેગા કરીને ઘસીને લગાડવા.

(૩૩) મીઠો પેશાબમાં :

હુંળની છાલનો ક્વાથ કરીને પીવડાવવો.

(૩૪) પ્રમેહમાં :

બહેડાની છાલ અને જંગલી ભીંડીના મૂળનો ઉકાળો પીવડાવવો.

(૩૫) વધરાળ માટે :

મોરવેલના મૂળનો રસ અથવા ક્વાથ પીવડાવવો.

(૩૬) સાપ કરડે ત્યારે :

(૧) પૃશ્નિણીપણી નો ઉકાળો પાવો તેમજ તેનું મૂળ ઘસીને ચોપડવું.

(૨) સાપ કરડે ત્યારે જીરાની બોડી પાવી.

(૩) કુટજની છાલ અને તાનના મૂળ તાજા લાવીને ક્વાથ કરીને પાવાથી ગમે તેવું સર્પનું ઝેર ઉતરી જાય છે.

(૩૭) શરીરના કોઈપણ અંદરના ભાગમાં ચાંદુ પડ્યું હોયતો :

સત ાવરીના મૂળ દૂધ સાથે પીવડાંવવા.

(૩૮) રક્તવિકારમાં :

નિલસોટીનો છાલનો ક્વાથ પીવડાવવાથી મટી જાય છે.

(૩૯) સોજા ઉપર :

પુનર્ણવા (સાટોડી)નો ક્વાથ પાવો.

(૪૦) દમમાં :

તણસના ફૂલ આદુના રસ સાથે અથવા મધ સાથે ચટાડવા.

(૪૧) દાઢના સોજામાં તેમજ પગના સોજામાં :

ટેટૂની છાલ ઘસીને લગાડવી.

(૪૨) કૃમિ માટે :

કપીલો (કંકુ ડાંગીનામ) ના ફળની લાલ રજ પીવડાવવી.

(૪૩) કૃમિ માટે :

ક્વચના ફળની રજ સાધારણ લઈ દૂધ સાથે પાવાથી નાના બાળકોના કૃમિ મટી જાય છે.

ડાંગ જિલ્લા વિકાસ કાર્યક્રમ વિષાયક કાર્યગોષ્ઠી ૫, ૬ નવેમ્બર ૧૯૮૨માં યોજવામાં આવી હતી તેમાં ડૉ. સિધ્ધરાજ સોલંકી એ ડાંગમાં વનૌષાધિ તરીકે તેમજ અન્ય વપરાશમાં કેટલાક વૃક્ષાોનો ઉપયોગ અંગેનું પેપર રજુ કરેલું તે માહિતી પણ વનૌષાધિના અહેવાલ તેમજ ભાવિ પેઢીને માર્ગદર્શન રૂપ થઈ પડે તેમ હોવાથી અહી રજુ કરીએ છીએ. આ સાથે ''ડાંગી આદિવાસી ઓમાં 'ભગત'ની ભૂમિકા અને કાર્ય'' એમ.ફીલની પદવી માટેનો શોધ નિબંધ શ્રી ચીમનલાલ કો. સુથારે ૧૯૮૨માં તૈયાર કર્યો હતો. તેમાં પણ વનસ્પતિના ઉપયોગ અંગેની થોડી માહિતી મૂકવામાં આવી છે તેને પણ અહી રજૂ કરીએ છીએ.

અહીં સર્વ પ્રથમ ઔષધિ તરીકે તેમજ અન્ય વપરાશમાં લેવાતાં કેટલાક વૃક્ષો અંગેની ડાંગી આદિવાસીઓની જાણકારી અંગેની વિગતો માહિતી-દર્શકો પાસેથી મેળવીને મૂકી છે. વૃક્ષોના નામો મહદંશે ડાંગી બોલીમાંજ માહિતીદર્શકો પાસેથી મળ્યા તે રીતે યથાવત મૂક્યા છે. બધાં ઝાડ 'વેલી' વનૌષધિ હોવાની ડાંગી ઉક્તિ, વનૌષધિ તરીકેના વનસ્પતિના મહત્વની ડાંગી સભાનતાનોજ નિર્દેશ કરે છે. પેઢી દરપેઢી સદીઓ સુધીના વપરાશના અનુભવની પાશ્વદ ભૂમિકા પણ કેટલીકવાર તેમાં પ્રતિબિંબિત થાય છે.

<u>ઔષધમાં તેમજ અન્ય વપરાશમાં આવતાં કેટલાક વૃક્ષો</u> :

(૧) ખેરની છાલ અને સાગની છાલ એ બનેને એકી સાથે ભેળવીએ ત્યારબાદ તેને ખાવાથી 'પાન' જેવો સ્વાદ આવે. હકીકતે અહીં ખાસ કરીને એક ખાસ પ્રકારની તમાકુ સ્ત્રીઓ અને પુરૂષોમાં ખાવાનો રીવાજ છે. સ્ત્રી પુરૂષો બહોળાં પ્રમાણમાં તેનોઉપયોગ કરે છે. એમના લગ્નના અને અન્ય રીતરિવાજોમાં પણ તેનો ઉપયોગ થાય છે. એટલે તે રીતે આનો ઉપયોગ દાંતે ઘસવાની વસ્તુ તરીકે થતો જોવા મળે છે. આ ખાવાને લીધે દાંતમાં ખાસ જંતુ ન થાય અને સ્વાદ પણ પ્રમાણમાં સારો લાગે.'' એક પ્રકારનો એનો ચટકો પડી ગયેલો હોય છે.'' તેવું માહિતીદર્શકનું કહેવું હતું.

(૨) બીલ્લાનું ઝાડ : બીવલાના ઝાડના (ડીંક) ગુંદરનો ઉપયોગ ઋતુસ્ત્રાવ બંધ કરવામાં થાય છે. આ ગુંદરને સામાન્ય રીતે ઉકાળીને પાવામાં આવે છે.

(૩) મદળ : મદળાને તોડીને તેનો માછલી મારવામાં ઉપયોગ થાય છે.

(૪) કોસીમ : દેવીર નીકળે તો તેના કપડાથી ધુમાડો લે. કોસીમના તેલનો ધુમાડો જો ખેતરમાં થાય તો કણસલામાં દાણો ન બાઝે, દુશ્મનના પાકને નુકશાન કરવામાં કોઈક તેનો ઉપયોગ કરે.

(૫) કળમ : માણસને સ્મશાનમાં દાટીને તેના પછી નાહીને તેની છાલ મોઢામાં લેવાય છે. તે શરીરે પણ ચોપડી દેવાય છે. જેથી 'વરાળ લાગે' અને તે 'પવિત્ર' થઈ જાય.

(૬) હોળદુણ : પીળું લાકડું હોય છે. તેની ઔષધિમાં ઉપયોગની માહિતીદર્શકોને જાણ નહોતી. પણ પીળા લાકડાના ફરનિચરમાં તેનો વિશાળ પ્રમાણમાં ઉપયોગ થાય છે.

(૭) ધામડો : સાપ કરડે ત્યારે આ ઝાડની છાલ ઉકાળીને પાવામાં આવે છે. તે સખત હોવાથી તેમાંથી ગાલ્લીની આંક બનાવવામાં આવે છે.

(૮) પાયેર : તેનું ફળ ખવાય છે. ભીલો તેને ખાસ ખાય છે. પાયેરનું ફળ ખાઈને પક્ષી તેની અઘાર કરે ત્યારે તે હગારમાં 'બી' જો અન્ય કોઈ ઝાડના પોલાણમાં પડે તો ત્યાં પાયેર ઊગી નીકળે. અમારા માહિતીદર્શકે જણાવ્યું કે તે કેટલાક મોટા માણસો જેમ પરોપજીવી હોય છે તેવી રીતે પાયેર પણ પરોપજીવી અને શોષક હોવાથી ધીમે ધીમે મૂળ વૃક્ષને મારી નાખે. પાયોર અને સાદોડનું આવું દ્વંદ્વ માહિતીદર્શકે સંશોધકને બતાવેલું.

(૯) કાકોડ : સીમગા-હોળી પછી આ ફળ આવે. ગાગરમાં પાણી(મીઠાવાળું) નાખીને તેનું અથાણું બનાવે. કાકોડની છાલ પાણીમાં રાફડાની માટી સાથે ઉકાળીને બળદને મચક આવી હોય ત્યાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

(૧૦) કાળી પાયેર : ફળ આવે એટલે તે ખવાય. અમારા એક મોજણીકાર શ્રી ચંપકભાઈ ચૌધરીએ આ પરિચય વખતે એવો નિર્દેશ કરેલો કે ગૌતમ બુધ્ધ તપ કરવા જે ઝાડ નીચે બેસેલા તે વૃક્ષ આ હતું.

(૧૧) ભોડાર : શેવળાની ભાજી રાંધવામાં આનાં પાંદડાં ખવાય છે.

(૧૨) ઉંબરો : તેના ફળ ખવાય. તેનો ખ્યાલ માહિતીદર્શકને હતો. ગોટિયા-માળમાં પથરીના રોગમાં તેનો ઉપયોગ થતો હોવાની માહિતી પણ મળેલી.

(૧૩) ભોકર (ગુંદા): પાનની ભાજી હોળી પછી લીલા લીલા રોટલા સાથે ખવાય છે. તેના ફળનું અથાણું થાય.

(૧૪) આમુલી : તેના ફળ સાબર-ઢોર ખાય.

(૧૫) ભૂતિયા પીળસ : એક પ્રકારનો ખાખરો છે. તાવવાળી વ્યક્તિને તેના પાણીમાં નવડાવવામાં આવે છે.

(૧૬) નીળી સુટી : પીળો પેસાબ આવતો હોય તો તેનું દાતણ કરવામાં આવે છે. આધાશીશીમાં તે કાને બાંધવામાં આવે છે. વીંછી કરડે ત્યારે પણ તેનો ઉપયોગ થાય છે.

(૧૭) સાવર(શીમળા): રુ ચકમકમાં વાપરે-ડાંગી ચકમકમાં. રુમાંથી બી નીકળે તે લીલુ અથવા સુકું ખવાય. ડાંગી ભીલો કાચો દડો-કાચું ફળ ચીરીને મોઢું ભરીને બાફીને ખાય.

(૧૮) આસોદ : કાનમાં કરડે તો તેની છાલ લાવીને કૂટીને ઉકાળીને કાનમાં નાંખવામાં આવે છે.

(૧૯) સાગની છાલ : પેટમાં દુઃખે ત્યારે (પોસુડ) સાગની છાલ પાવામાં આવે છે.

(૨૦) સોચંલ : વીજળી માથા પર ન ત્રાટકે તે માટે જીવ બચાવવા માટે
(  ) સીંગળ-સેતરાના પાન અને આમળાના પાન ખિસ્સામાં રાખવામાં આવે છે.

(૨૧) ભેટ : ઢોરના પાલા માટે કામમાં આવે છે.

(૨૨) કરુંદ (કરમદા): સારા પોષ્ટિક ફળ તરીકે વપરાય છે.

(૨૩) બોરથડા : ખેતરમાં ઊગી નીકળે છે. પાકે ત્યારે લાલ થાય અને કાચુ હોય ત્યાં સુધી સફેદ દડાવાળી વનસ્પતિ અને ધરો એ બંને વીંછી કરડે ત્યારે સાથે મસળીને આંગળીએ છીંછી કરડયો હોય તો બાવડેથી નીચે આંગળા તરફ ઉતારીને નાખી દેવાથી વીંછી ઉતરી જાય છે. એમ માહિતી દર્શકનું માનવુ હતું.

(૨૪) માહિતીદર્શકે કહેલું કે હોડોળ, ધાબડા, ખઈર અને કરડાકા ગુંદર ખવાય મધુ ક્લારીના ન ખવાય.

(૨૫) સાદડ : નાગપંચમીના ચિત્રમાં તેની રાખ વપરાય છે.

(૨૬) કોડો : ગુંદર બકરીના દૂધમાં નાખવાથી પાંચથી દસેક મીનીટમાં દહીં બની જાય છે. કોકઈનું ઝાડ સફેદ હોય છે અને ડાળીની કુંપળ
(  ) અથવા પાન તોડતાં તેની કુંપળમાંથી નીકળતો સફેદ રસ દૂધમાં મેળવતાં દહીં થાય. એ ઝાડનું ફળ લાંબી શીંગ જેવું આવે. ચોળી જેવી અને એકાદ ફૂટ લાંબી શીંગ આવે. ફળ એકજવાર જેઠ મહિનામાં થાય અને દૂધ ગમે ત્યારે મળે એની શીંગનું જોડકું હોય -ઉપર નીચે જોડાયેલું હોય.

(૨૭) ચીલારી : ચીલારીની છાલ કૂટીને ધરામાં નાખવાથી તેનો મીણો ચડે છે અને માછલીઓ ઉપર નીકળી આવે છે તેથી તેને પકડવામાં સરળતા રહે છે. તેજરીતે કેળી, સાદડા અને જાંબુની છાલ કૂટીને તેને નાખતાં પણ માછલીઓ ઉપર નીકળે છે.

(૨૮) પર્ણકૂટી : આ છોડ એ પાનમાંથી જ તૈયાર થાય છે અને જેના પાન ઉપર મૂળ જેવા રેસા હોય છે તેમાંથી નવો છોડ નીકળે છે.

(૨૯) સ્ત્રીઓને ઉનવા બળતો હોય ત્યારે આ પાનનો ઉપયોગ બળતરા દૂર કરવા થાય છે.

(૨૯) અશ્વગંધા : શક્તિ માટે વપરાય છે.

(૩૦) સર્પગંધા : લોહીના ઊંચા અથવા નીચા દબાણના રોગ માટે વપરાય છે.

(૩૧) મીંઢણ: આ એક છોડ હોય છે જેના પર સોપારી આકારના (મીંઢળ) ફળ આવે છે. જે મોટેભાગે લગ્નવખતે વરરાજાના હાથે બંધાય છે. કોઈપણ વ્યક્તિએ ઝેર ખાધુ હોય તો તેને મીંઢળ ઘસીને તેનો રસ પીવડાવવાથી આપોઆપ ઊલટી કરે છે. આમ બે ત્રણવાર કરવાથી ઝેર ઊતરી જાય છે.

(૩૨) કલાલક : આ એક જાતનું ઘાસ હોય છે. જે દરેક જગ્યાએ જોવા મળે છે. જેના પાનનો રસ મસા માટે ઉપયોગી છે. શરદી મટાડવા પણ ઉપયોગી છે.

(૩૩) ઉપાફણી: સાપ વીંછી અથવા ઝેરી જાનવર કરડે તો આ છોડના મૂળનો રસ તે પીવડાવવાથી ઝેર ઉતરી જાય છે.

(૩૪) લીલીચાર : ઝીણા તાવ માટે તેની ઉકાળો આપવામાં આવે છે.

(૩૫) રોસાલાસ : જેની ગુલાબનીજેવી વાસ આવે છે. સાંધવા માટે તે ઉપયોગી છે.

(૩૬) નેપાળો : ઝાડો કરાવવા તેની ગોળીઓ અપાય છે.

(૩૭) સફેદચણોઠી: ગરપાતર માટે ઉપયોગી છે.

(૩૮) અકકલગરો: નાના બાળકોનું તોતડાપણું દૂર કરવા વપરાય છે.

(૩૯) હરડોસી : સિંહાસન જેવું ફૂલ. જેનો ઉપયોગ શરદી મટાડવા માટે (ગ્લાઈકોડીન)

(૪૦) ખાખરાના મૂળનો અર્ક : આંખના રોગ માટે ઉપયોગી છે. કેસુડાના ફુલને તેના પાણીમાં થાય છે. ઉકાળી તે દ્વારા નહાવાથી ચામડીના કાયમી રોગો દૂર થાય છે. બાળકોને ઉનવા બળતો હોય તો પણ ઉપયોગી છે.

(૪૧) ટેટુની છાલ : ટેટુની છાલ અને કડવા સાગની છાલ આ બંને પથરીના રોગને દૂર કરવા માટે વપરાય છે.

(૪૨) ટેટુની છાલ: હાથમાં પકડવાથી તાવ દૂર થાય છે.

(૪૩) રતનજોડ : બીજમાંથી નીકળતુ તેલ તે સોજા દૂર કરવા માટે ઉપયોગી છે.

(૪૪) ચિત્રકના મૂળ: સફેદ કોઢ મટાડવા માટે વપરાય છે.

(૪૫) સીમળાના કાંટા: ખીલ મટાડવા માટે વપરાય છે.

(૪૬) સફેદ ખાખરો: મૂળ આંખની સફેદી માટે વપરાય છે.

(૪૭) ચંદન : હરડે માટે ઉપયોગી છે.

(૪૮) ચંદાકાટી : ગુંમળ બનાવવા અને ગળામાં કે ગળાની આજુબાજુ ગાંઠ નીકળી હોય તો તે મટાડવા ઉપયોગી છે.

(૪૯) રામબાવળ: ટુથપેસ્ટનો પાવડર બનાવવામાં તેનો ઉપયોગ થાય છે. તેવું અમારા માહિતીદર્શકે કહેલુ.

(૫૦) બોરસલ્લી: આની કુંપળનું દાતણ કરવાથી દાંત મજબુત બને છે. અને હૃદયરોગના હુમલાને નિવારી શકાયછે.

(૫૧) કદમ : મુખરોગ માટે ઉપયોગી છે.

(૫૨) શતાવરી ચૂર્ણ: આ ચૂર્ણ સ્ત્રીઓને સુવાવડ પછી આપવામાં આવે છે. જેથી તેમની વેડયેલી શક્તિ [illegible] પાછી મળે છે. આ છોડમાં સોમુલનું આવરણ થયેલું હોય છે. મૂળ: પાવડર બનાવવા માટે ઉપયોગી છે..

(૫૩) ઉધા[illegible]નું પાન: આ છોડના પાનની વિશિષ્ટતા એ છે કે શરીરે ગુમડું અથવા ખીલ થયો હોય તો ઉંધુ પાન લગાડવાથી ગુમડાને પકવીને ફાડી નાખે છે. જ્યારે સીધુ પાન મુકવામાં આવે તો રૂઝ આવી જાય છે તે તાત્કાલિક અસર કરે છે.

(૫૪) ઈશ્વર મૂળ : નાના બાળકોની શરદી મટાડવા માટે તેના મૂળ ઘસીને પાવા માં આવે છે.

(૫૫) મેન્થોલ : ગળાની બિમારીદૂર કરવા માટે ઉપયોગી છે.

(૫૬) વાલાકડી : આને સુકવીને ઝીણા પાવડર બનાવવામા આવે છે. તેની સુખડી બનાવી ખાવાના ઉપયોગમા લેવાય છે. આ સુખડીથી વા વાળા દરદી ઓને રાહત થાય છે.

(૫૭) કડુકરિયાતું : તાવ માટે ઉપયોગી છે.

(૫૮) રિસામણી : ઊંટાટીયા માટે – નાના બાળકને ઉધરસ થઈ હોય ત્યારે તેના પાનનો રસ (મૂળ) વપરાયછે.

(૫૯) કુંવર પાઠું: અચાનક દાઝયા હોય તો તાત્કાલિક તેના ઉપર તેનો ગર્ભ ચોપડવામાં આવે છે.

(૬૦) બ્રાહ્મીવેલ : મગજની બિમારી માટે ઉપયોગી છે.

(૬૧) ડાયાબી ટીસ: આ એક જાતનો છોડ હોય છે. જેના પાનનો ઉપયોગ ડાયાબી ટીસ થયો હોય તેને ખવડાવવાથી મટી જાય છે. જો મોરસ (ખાંડ) ખાતા પહેલા આ પાન ખાવામાં આવે તો ખાંડનો માટી જેવો સ્વાદ આવે છે.

(૬૨) લીંડીપીપર : ઓંકોડા બનાવવા માટે ઉપયોગી છે.

(૬૩) ઘાબાજરીયું : ઘા માંટે ઉપયોગી છે તેનાથી ઘા રૂઝાય છે.

(૬૪) ડમરો : ડમરાનો રસ કાઢી કાનમાં ટીપા નાખવાથી દુ:ખાવો મટે છે.

(૬૫) ભાંગરું : તે પીળારંગનું હોય છે અને આ એક જાતનું ઘાસ છે. તેનું ફૂલ પીળારંગનું હોય છે. ઘા પડવાથી સતત નીકળતા લોહીને બંધ કરવા માટે તેના પાંદડાનો રસ કાઢી તાત્કાલિક લગાવવાથી રાહત થાય છે.

(૬૬) ઉગતુઝીરુ : આ પેટના દુખાવાને દૂર કરે છે. તેનો ઉપયોગ કરતી વેળા એ તે હંમેશા પાણી સાથે લઈ શકાય છે. અને તે સાંજે લઈએ તો સારુ એમ મનાય છે.

(૬૭) દુધેલી : આ છોડને કાંટા હોયછે. તેના પીળા ફુલ હોય. આ છોડમાંથી દૂધ નીકળે છે. આ દુધમાં રુ પલળે છે. તેને પલાળી કાઢી લઈ સુકાવા દે છે. આમ સોળવાર કરે છે. પછી માટીના બે વાસણ લઈ એકની અંદર રુ મૂકી તેને દિવાળીથી સળગાવી ઉપર બીજુ કોડીયું ઢાંકી દે છે અને ઢાંકેલા કોડીયા ઉપર મેશ જામશે તે મેશ એક ડાબલી માં એકઠી કરી રાખવામાં આવે છે. આંખમાં ફુલુ પડ્યુ હોય તેને આ મેશ આંજવાથી ફુલુ દૂર થાય છે.

(૬૮) મુસળીનો શીરો : મુસળી બે પ્રકારની આવે છે. કાળી અને સફેદ આનો પ્રથમ પાવડર બનાવવો. તેને શેકી નાખવો શેકયા પછી દૂધ નાખવું અને રાબડી જેવું થાય ત્યારે તેને હલાવી તેમાં દરેક મસાલા નાખવા જેવાકે બદામ, ચારોલી, એલચી વગેરે. આ એક શકિત માટે ઉપયોગી છે. જેની સવારે ૫ થી ૧૦ના ગાળામાં ઉપયોગ કરવો હિતાવહ છે.

આ ઉપરાંત નીચેના કેટલાક વૃક્ષોનો ઉપયોગ પણ જે તે વૃક્ષોની સામે દર્શાવેલી બાબત માટે ઉપયોગ થતો હોવાની માહિતી મળેલી. કેટલાક વૃક્ષોનો વનૌષધિ તરીકે ઉપયોગ થાય છે. પણ શેમાં થાય છે તેની ચોકક્સ માહિતીદર્શકને ન હોઈ તે માત્ર જે તે વૃક્ષોનો જ નિર્દેશ કરવામાં આવ્યો નથી.

(૬૯) ધોધડ : સાપ કરડે ત્યારે.

(૭૦) ઊંબર : પેટની તકલીફ પથરીના રોગ માટે ઉપયોગી.

(૭૧) નીલીસોળી: કાનમાં બળતરા, પીળા પેશાબમાં, આધાશીશીમાં, વીંછી કરડે ત્યારે ઉપયોગી

(૭૨) રોહાનઃ રક્તપિત્તમાં વપરાય છે.

(૭૩) મરડાશીંગ : પેટની તકલીફ માટે

(૭૪) બિલા અને બેલ : સગર્ભા અને બિમારીમાં - અંગ દુખાવામાં

(૭૫) પિલી વેલ અથવા પિલો અથવો: ગળાના દર્દ માટે

(૭૬) સિસમ : પશુઓની સારવાર માટે

(૭૭) રુડો : ઝાડા માટે અને ઘા માટે

(૭૮) જંગલીકેળ : કુતરુ કરડે ત્યારે તેનો ઉપયોગ થાય છે.

(૭૯) ડીની : ઝાડાના ઉપચાર માટે અને જીવજંતુ કરડે ત્યારે ઉપયોગ થાય છે.

(૮૦) રોહદ ી : માસિકમાં ઉપયોગી

(૮૧) બોરડી શિરીસ: કફમાં ઉપયોગી

(૮૨) ઢોરસીટી : અરુતમાં

(૮૩) હાથાઆં બા: સાપ કરડે ત્યારે

(૮૪) લજામણી: સામાન્ય તાવમાં

(૮૫) બાખરો : હાડકા ભાગે ત્યારે બાખરાના મૂળ કામમા આવે છે તથા આંખના રોગો માટે.

(૮૬) જંગલી ભાડી : ઘા રુઝાવા માટે

(૮૭) કેતરી : ઘા રુઝવા માટે

(૮૮) ઉંબરા : પથરીના રોગમાં

(૮૯) ઉદલા અથવા ઉહાલી ઉ હાડકા ભાગે ત્યારે

(૯૦) આકડો: પશુઓના રોગ માટે

(૯૧) દિવજી : ઝાડા મટાડવા માટે

(૯૨) ધનતુર્શા : ઝાડા મરડા માટે

(૯૩) શિવરી : કરમીયા માટે

(૯૪) કીડમરી: સ્ત્રીઓને દૂધ આવે તે માટે

(૯૫) દેપન અથવા અંકુશા: અસ્થામા અથવા કફ માટે

(૯૬) ભુતીયા કોરસ: પગ ફાટે ત્યારે, હોઠ ફાટે ત્યારે

(૯૭) આંબલી : જીવ જંતુ કરડે ત્યારે

(૯૮) ડાબ ધુરવો: ઊલ્ટીમાં

(૯૯) મીંધલ : ઝાડા મટાડવા માટે, ઝેર ઉતારવા માટે

(૧૦૦) નુફાડ : ઘા રુઝાવા માટે

(૧૦૧) વાવડી : સામાન્ય માંદગી-આંખની મુશ્કેલી માટે

(૧૦૨) ગુલવેલ : સામાન્ય માંદગી

(૧૦૩) દારુડી: ચામડીના રોગો માટે.

(૧૦૪) કાનફૂટી: કાનની બળતરામાં, ઘામાં ઉપયોગી

(૧૦૫) ભીલવાણી : ચામડીના રોગો માટે.

(૧૦૬) રુન્ઝુન : જીવજંતુ કરડે ત્યારે

(૧૦૭) વારુણ : શરીરના દુખાવા માટે.

(૧૦૮) ગંગારસી: ઘા પડે ત્યારે

(૧૦૯) આરદુશા: ચામડીના રોગોમાટે

(૧૧૦) મોટાદાણા : પેટના કરમ માટે.

(૧૧૧) માલ કામઠી: શરીરના દુખાવા માટે.

(૧૧૨) ખાખરો: આંખ માટે સફેદ ખાખરો આંખની સફેદી માટે.

(૧૧૩) કરંજ : ચામડીના રોગો માટે – બળતરા માટે.

(૧૧૪) કુવાડીયો: તાવ માટે

(૧૧૫) કાસુન્દી : ચામડીના રોગોમ ાટે.

(૧૧૬) કુન્બી : શરદી, ખાંસી માટે

(૧૧૭) ગોલોડા: ખાંસી માટે

(૧૧૮) આંકુલ : ચામડીના રોગો માટે.

(૧૧૯) અાજન ધાર ઘા રુઝાવવા માટે.

(૧૨૦) કાળીઝી રી: અસ્થમામાં

(૧૨૧) ગરકુન્ડા: પેટ માટે – કરમીયા માટે– ગેસ માટે

(૧૨૨) બ્રહમાનંદ ી: સાપ કરડે ત્યારે

(૧૨૩) સાદોરી–સાહાદેવી: સામાન્ય માંદગીમાં

(૧૨૪) ચિત્રા : ચામડીના રોગો માટે ચિત્રા મૂળ સફેદ કોઢ માટે

(૧૨૫) મહુડા : સાપ કરડે ત્યારે

(૧૨૬) ઉભીકુરીગની: અસ્તમા

(૧૨૭) તેતનોર : ઢોરના ઘામાં

(૧૨૮) કોરખાબુન્દી: માથાના દુ:ખાવામાં

(૧૨૯) સતાવરી: કામ શક્તિ જાગે એ માટે

(૧૩૦) દુધીયો : સાપ કરડે કે ઝેરી જંતુ કરડે ત્યારે ઉપયોગી

(૧૩૧) ફોદીયા–ફોદારથી: હાડકા ભાગે ત્યારે

(૧૩૨) વસા : આંખના રોગ માટે

(૧૩૩) રોયડુ–આકલો: પેટની તકલીફ માટે

(૧૩૪) મરણસીંગ : કાનની તકલીફમાં

(૧૩૫) સતાવરી: મધુપ્રમેહ માટે અને સ્ત્રીઓની સુવાવડમાં

(૧૩૬) નીલાગરી: શરીરના દુખાવા માટે અને શરદી માટે, અંગ દુખાવામાં અને ક્ષતરમાં

(૧૩૭) ગલેદુ : ગળાની તકલીફ માટે

(૧૩૮) શિસમ: પશુઓના રોગમાં

(૧૩૯) ગાડીયો: પશુઓના ઘામાં

(૧૪૦) આદુશા : તાવમાં ઉપયોગી

(૧૪૧) રણદાસ: હાડકા ભાગે ત્યારે

(૧૪૨) કાવેરી: તાવ આવે ત્યારે

(૧૪૩) આચેલી : સાપ કરડે ત્યારે

(૧૪૪) ગધેડા : શરીરના દુ:ખાવા માટે

(૧૪૫) શીરણી : પેટની તકલીફ માટે

(૧૪૬) ધામીણા: સાપ કરડે ત્યારે

(૧૪૭) દારી : તાવ માટે

(૧૪૮) સોફા: પેટના દુ:ખાવા માટે

(૧૪૯) ગેટહાઈ: ખાંસી, અસ્થમા માટે

(૧૫૦) દીમળો : મરડો અને ઝાડામાં ઉપયોગી

(૧૫૧) આંકડો: પેટની તકલીફમાં અને માથાના દુખાવામાં

(૧૫૨) ખીટોલીબડો: ઘામાં, ક્ષતર અને સાંધાના દુખાવામાં

(૧૫૩) સાગ : જીવજંતુ કરડે ત્યારે, સાગની છાલ કાનમાં દુખે ત્યારે, દાંતે ઘસવાથી જીવજંતુ નાશ પામે.

(૧૫૪) કર્ન્દ : વાઘ કરડે ત્યારે

(૧૫૫) કોકુટવા : સાપ કરડે ત્યારે

(૧૫૬) નાગોરવેલ: સાપ કરડે ત્યારે

અન્ય કેટલાક દર્દોમાં વપરાતી ઔષધિઓની વિગતો નીચે મુજબ છે.

(૧૫૭) આંખ આવે તો લીંબડાના પાનનો રસ નાખવામાં આવે છે. મુઢમાર વાગે તો આંબાહળદરનો રસ નાખવામાં આવે છે. દાઢ દુઃખે તો આંબળાના ઝાડની દાંડીને કુટીને દાઢમાં મુકવામાં આવે છે.

(૧૫૭) ખસ, ખરજવા વગેરેમાં કોપરેલના તેલને બેટરીના પાવર સાથે મીક્સ કરીને મેશ બનાવીને ઘા ઉપર ચોપડવામાં આવતી હોવાનું ધુબડિયામાં એક ભીલ માહિતીદર્શકે જણાવેલું.

<u>અન્ય કેટલાક દર્દોમાં વપરાતી ઔષધિઓની વિગતો નીચે મુજબ છે.</u>

(૧) <u>ઘા પડયો હોય ત્યારે</u> :

કુહાડ અથવા કોઈ ધારવાળી વસ્તુ વાગે અને ઘા પડે ત્યારે તાત્કાલિક ઉપાય તરીકે સાદડાની છાલ, બોદારની છાલ, કુડીનો ચીક તેમજ ખાખરાનો ગુંદર લગાવી દે છે. આ ઉપરાંત જંગલમાં થતી રૂપ જે કાળા રંગની હોય છે. અને તેને દબાવતા રાખોડી જેવું ઊડે છે તે ઘા ઉપર રુઝી જાય છે. અને ઘા થી ઘવાયેલ માણસ આરામ મેળવે છે.

(૨) <u>બળી જવું</u> :

કોઈપણ સ્ત્રી કે પુરુષ દાઝે ત્યારે તાત્કાલિક ઉપચાર માટે ડાગો ભગ્ગો મરઘીનું ઈંડું ફોડીને તેનો ગર્ભ લગાડે છે. અથવા તો મરઘીનું લોહી દાઝ્યા ઉપર લગાવે છે. આ ઉપરાંત શાહીનો પણ ઉપયોગ કરે છે. તેમજ કરંજબેડા જે ઝાડના થડ ઉપર લોટ જેવા ગોળ ગઠ્ઠા આકારમાં બાઝ્યા હોય છે તે લગાવવામાં આવે છે જેથી દર્દીની બળતરા દૂર થાય છે.

(૩) હાથ-પગ ઉતરી જવા :

ડાંગી વૈદ કોઈપણ માણસનો હાથ-પગ ઉતરી જાય તો તરતજ નાગલીના લોટની બનાવેલ ગરમ ગરમ ભાખર બાંધી દે છે. તેથી સાંધા ને બેસાડવામાં મદદરૂપ થાય છે. સોજો આવતો અટકે છે.

(૪) માથુ દુખે ત્યારે :

જે કોઈ માણસને માથુ દુખે તો તે વાધાટના પાન અને થાપડાની છાલ ઘસીને કપાળે લગાવે છે જેથી આરામ મળે છે.

(૫) શરીર અથવા અંગ દુ:ખે ત્યારે :

કોઈપણ કારણોસર જ્યારે વ્યકિતને અંગ દુખે, સાંધા દુખે અથવા આંતર આવે ત્યારે કરંજના પાન, સુગરના પાલા, બિલ્લીના પાલા, લીંબડીના પાલા, આસીના તેમજ નાગોડનો પાલો, નીલગીરીના પાલાને થાળીની અંદર ગરમ કરી તેને ઊકાળ્યા પછી પાણીને ગાળી દર્દીને આપવાથી તેના દર્દમાં રાહત થાય છે. આ પાણીથી સ્નાન કરાવવામાં આવે છે.

વનસ્પતિ દવાઓ જેમાં ઉપયોગ ડાંગી ભગત-ભૂવાઓ વિશેષ કરે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | વાધનો ઘા રુજવવા માટે | : | મહાબલા અને બલાના છોડના પાંદડા વાટીને ઘા ઉપર લગાડતા જલ્દી રૂઝ આવે છે. |
| ૨. | કોઢ થયેલા દર્દીને | : | ચીત્રળકનું મૂળીયું ઘસીને પાવામાં તથા ચોપડવામાં આવે છે. |
| ૩. | ચામડીના રોગોમાં | : | રગતરોહીડાનો ઉપયોગ કરે છે. |
| ૪. | તાવ અને ઝાડાના રોગોમાં | : | ઈન્દ્રજાની છાલનો ઉપયોગ કરે છે. બાળકોમાં જોવા મળતા ચામડીના રોગોમાં કડવી ડોડીના મૂળનો ઘસારો ચોપડે છે. |
| ૫. | પેટના રોગોમાં | : | લાલકે પીળો દ્વરણાં સૂકવો ખાંડી ભરી રાખે છે અને તેનો ફાકો કરતાં આફરો ચઢતો નથી. |

| | | |
|---|---|---|
| ૬. | અરડુસી અને કુવર પાટાનો ઉપયોગ | : ખાંસી, લીવર અને બરોળના રોગમાં કરે છે. |
| ૭. | સાદળ ને અર્જુન કહે છે. | : તેનો ઉપયોગ હૃદય રોગમાં કરે છે. |
| ૮. | ચિતભ્રમના(માનસિકરોગ) | : બ્રાહ્મિનો ઉપયોગ કરે છે. (બ્રાહ્મિના પાનના ભજીયા તરી ખાય છે.) |
| ૯. | પત્થર ઉપર જામતી છારીનો ઉપયોગ | : લેપ કરવામાં થાય છે. |
| ૧૦. | મોટી ખાંસી થયેલા બાળકોને: | નક્ટી નામના વૃક્ષના ફળમાં દોરી પરોવી ગળામાં બાંધે છે. |
| ૧૧. | મરડામાં | : મરડાશિંગનો ઉપયોગ કરે છે. |
| ૧૨. | નાકમાંથી જીવડા કાઢવા માટે | : ભોરીંગણીના રસનો ઉપયોગ કરે છે. |
| ૧૩. | પથરીનો રોગ થયો હોયતો : | શેમળાના ઝાડનું મુળ ઘસીને પાય છે. |
| ૧૪. | સ્ત્રીઓના લોહીના રોગમાં: | ઉમળાના મુળમાં ઘા કરી નીકળતા પાણીને એકઠું કરી પાયતો દર્દીને આરામ થાય છે. પેશાબ વધારે થાય છે. |
| ૧૫ | શક્તિવર્ધક તરીકે | : મુસળી અને સફેદવરીનો ઉપયોગ થાય છે. |

૧૬. જંગલમાં થતા વાંસનો ઉપયોગ પુરુષાત્વ લાવવા કરે છે.

૧૭. જંગલમાં થતા વાંસના ઘઉંનો લોટ વાપરનારને ડાયાબીટીશ થતો નથી.

| | | |
|---|---|---|
| ૧૮. | સાપ કરડે ત્યારે | : (૧) પશ્ચિમનીપણી વાટીને ચોપડે છે.<br>(૨) જીરાની બોડી બનાવી પીવે.<br>(૩) ફટકડીને આંબાના ચોપમાં પલાળી ગોળી બનાવી ડંખ ઉપર ચોપડે છે. |
| ૧૯. | ડામ દેવા માટે | : ચિત્રો અથવા ભિલામાનો ઉપયોગ કરે છે. |
| ૨૦. | બાળકોને થતી વરાદ | : મોરવેલનો ઉપયોગ કરે છે. |

૨૧. વીંછીના કરડે માટે ડોની અને તાગડિડા વાપરે છે.

૨૨. મુખરોગમાં હુમ, બહેડા, અને ધાડી વાપરે છે.

૨૩. કુતરૂ કર ડે ત્યારે નીચેની ત્રણ વનસ્પતિઓ ભેગી કરી લગાડે છે.

(૧) પોટશ (પમારા) (૨) દંતી (૩) કાપિયા

૨૪. હાડકુ ભાગે ત્યારે : હાથજોડ વાટીને ચોપડે છે.

૨૫. સોરો ( ડાંગી નામ) ખવડાવવાથી પેટની શૂળ દુખાવો તથા ગેસ મટે છે.

૨૬. શિલીંગી ગર્ભપાત થતો અટકાવે છે.

૨૭. વાસના માગરી અને ગાયે સાથે લગાડવાથી વાઘના કરડવાનો ઘા જલ્દી રુ ઝાય છે.

૨૮. દગડકંદ (વાજીયોકંપ) વાંજીકરણમાં વાપરે છે.

૨૯. લાંગન ખાડીને ખવરાવવાથી ઉલ્ટી બંધ થાય છે.

૩૦. લજામણી મરડામાં તેનો રસ ઉત્તમ ગણે છે.

૩૧. રોહીડી કમળો મટાડવા માટે ગાંઠે ગાંઠે કાપી માળા પહેરાવે છે.

૩૨. પેપરવો અથવા તો પમાના, કુતરાના કરડવા માટે દંતી અને કાંપીયા સાંથે વાપરે છે.

૩૩. પુત્ર જીવા : છોકરો જન્મ્યા પછી મરી જતા હોય તો તે સ્ત્રીને દુધ સાથે બીજનો ઉકાળો આપવાથી છોકરા જીવે છે.

૩૪. નિસેટો : રક્ત વિકાર મટાડવા માટે વાપરે છે.

૩૫. દુધકંદ : કુટીને દુધમાં પાવાથી માતાનું દુધ વધે છે.

૩૬. તાન : વીંછીના કરડવા માટે.

૩૭. ચિત્રો : ભુખ લગાડવા માટે વપારે છે.

૩૮. જંગલી કેળા : સાપનું ઝેર ઉતારવા માટે તેના બી ઉકાળી ને થાય છે.

૩૯. કપીલો : ઘા રુઝવવા માટે ખસ ખુજલીમાં પણ વાપરે છે. રાઉઝવોમ મટાડવા માટે પણ વપરાય છે.

# પરિશિષ્ટ

આદિવાસીઓમાં પરંપરાગત વનૌષધ તરીકે ઉપયોગમાં લેવાતી વનસ્પતિ દવાઓ અંગે ડાંગ જિલ્લાના જુદા જુદા ગામોની જાણકાર આદિવાસીઓ અને અન્ય વ્યક્તિઓની મુલાકાત લઈ માહિતી એકત્ર કરવામાં આવી જેના નામ સાથેની વિગતો.

| અ.નં. | નામ | ગામ | ઉંમર | વ્યવસાય | વિ.નોંધ |
|---|---|---|---|---|---|
| ૧. | ગોરુભાઈ લક્ષ્મણભાઈ ભોયે | ગાઢવી | ૫૦ | ખેતી,ઉપસરપંચ | વારસાગત જાણકારી |
| ૨. | જીપરભાઈ લક્ષ્મણ ભાઈ પવાર | ગઢવી | ૫૦ | ખેતી,મજૂરી | બીજા પાસે થી સીખેલા |
| ૩. | રુપેભાઈ લાસીભાઈ પવાર | ગાઢવી | ૪૫ | ખેતી | વાપદાદા પાસેથી |
| ૪. | અવસુભાઈ ગાંડાભાઈ ભોયે | દિવાન ટેમ્બરુન | ૫૫ | ખેતી | સસરા પાસેથી |
| ૫. | નાથુભાઈ સોમાભાઈ કુંવર | '' | – | ખેતી મજૂરી | |
| ૬. | પવાજી મનાજી ભોયે | ધોધલી | ૭૦ | ખેતી | જાણકાર પાસેથ |
| ૭. | નાનજુ ચમજી રાઉત | પાયર ધોડી | ૬૫ | ખેતી | સગાપાસેથી |
| ૮. | ગોવિંદા એવાજી પવાર | વકારીયા | ૬૦ | ખેતી | – |
| ૯. | ગાવજીભાઈ કાળુભાઈ સૂર્યવંશી | મોટા ચેરિયા | ૬૫ | ખેતી | જાતે શીખેલા |
| ૧૦. | રામુલોટે કોકણા | ગલકુંડ | ૬૦ | ખેતી | દવાબનાવી નહતી |
| ૧૧. | પ્રો.એમ. સી. ગાવીત | સુરસદા | ૫૦ | બારડોલી કોલેજમાં અધ્યાપક જીવશાસ્ત્ર વિભાગ | – |
| ૧૨. | રજનીભાઈ પટેલ | આહવા | – | આ.મે.ડાંગ જિલ્લા આયુર્વેદીક ફાર્મસી | |
| ૧૩. | એ.જી. પરમાર | આહવા | – | માનદ્ મેનેજર ડાંગ જિલ્લા આ.ફાર્મસી સ. મંડળી.આહવા. | |
| ૧૪. | દોલુભાઈ નાયક | આહવા | – | સામાજીક કાર્યકર | |

# સંદર્ભ સાહિત્ય


(૧) આર્યભિષક : સદ્ગત આયુર્વિદ માર્તંડ શાસ્ત્રી
શંકર દાજી પદે
ભાષાન્તર: વ્યાસ હરિકૃષ્ણ ભગવાનલાલ

(૨) ડાંગી આદિવાસીઓમાં 'ભગત'ની ભૂમિકા અને કાર્ય – ૧૯૮૨
એમ.ફીલ ની પદવી માટેનો શોધ નિબંધ
– ડૉ. ચિમનલાલ કો.સુથાર

(૩) તા.૧૬,૧૭ માર્ચ, ૧૯૮૧ ના દિવસે યોજાએલ ડાંગી ભગતોની શિબિરમાં ભગતોએ વનસ્પતિના બતાવેલા ઉપયોગ.

(૪) ડાંગ જિલ્લાના વિકાસ કાર્યક્રમ વિષાયક કાર્યગોષ્ઠી –
૫, ૬ નવેમ્બર ૧૯૮૨
''ડાંગમાં વનૌષાધિ તરીકે તેમજ અન્ય વપરાશમાંના કેટલા વૃક્ષોનો ઉપયોગ''
–ડૉ. સિધ્ધરાજભાઈ સોલંકી

(૫) ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી સહકારી મંડળી લિ.
આહવા– ડાંગ નો અહેવાલ
– ફેબ્રુઆરી– ૧૯૮૯.